THURSDAY
૨૮-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ સુદ ૧૫
અંક : ૯૬
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

ચક્રવાત
COMMING SOON
ગુજરાતનાં સીમાડા વટાવી ચક્રવાત હવે મહારાષ્ટ્ર માં..
ટૂંક સમયમાં
" ચક્રવાત " મુંબઈ આવૃત્તિનો ભવ્ય શુભારંભ..

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : ચાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### કુલ ૩૦૦ પોલીસ જવાન ઘાયલ, ૨૦૦ ખેડૂતોની અટકાયત : હિંસા મુદ્દે પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૨૨ એફઆઇઆર દાખલ

# બદનામીનું ષડયંત્ર : એજન્ટ સિધ્ધુએ કામ પાર પાડ્યું

### હિંસાની ઘટનાની તપાસ સીટ દ્વારા કરવા ઉચ્ચકક્ષાની બેઠકમાં થઈ ચર્ચા



દિલ્હીમાં ખેડૂતો-પોલીસ વચ્ચે હિંસા, તોફાનો, તોડફોડ : પોલીસ ઉપર હુમલા, ખેડૂતોએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો ફરકાવ્યો



ખેડૂતોના નામે કેટલાક ષડયંત્રકારીઓએ લાલ કિલ્લામાં તોડફોડ કરી, હાથમાં લાઠી, દંડા, સળિયા, ઇંટ, પથ્થરો અને તલવારો સાથે ઉત્પાત મચાવ્યો



હાથમાં મશીનગન, દંડા છતાં પોલીસકર્મી અને જવાનોએ જીવ બચાવવા ૧૫ ફૂટ ઊંચી દિવાલ પરથી કૂદકા માર્યા

નવી દિલ્હી,તા.૨૭

ગણતંત્રના દિવસે દિલ્હીમાં નિકળેલી ટ્રેકટર રેલીમાં જે હિંસાની ઘટના સામે આવી તેમાં પંજાબી એકટર દીપ સિધ્ધુ પર ખેડૂતોને ભડકાવવા અને હિંસા ફેલાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. દિપ સિધ્ધુના ભાજપના નેતાઓ સાથેના કનેકશન સામે આવ્યા છે. જો કે સિધ્ધુએ આરોપને નકાર્યા છે.

મંગળવારે પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં દેશભરના લોકો વ્યસ્ત હતા, ત્યારે દિલ્હીની સડકો પર ખેડૂતોની ટ્રેકટર રેલીમાં ભારે બબાલ મચી ગઈ હતી,તોડફોડની ઘટના, પોલીસ કર્મીઓની લાઠી દંડાથી બેરહેમીથી પિટાઇ અને લાલ કિલ્લા પર ચોકકસ ધર્મની ધજા લહેરાવીની ઘટનાએ દેશભરના લોકોને વિવશ કરી નાંખ્યા હતા. ખેડૂતોના મોટા ગ્રુપે પણ દિલ્હીની ઘટનાનો વિરોધ કર્યો. ૬૨ દિવસથી શાંતિથી આંદોલન કરી રહેલા ખેડૂતો આવુ હિંસક પગલું ન ભરી શકે. તો ખેડૂત આંદોલનના નામે હિંસાને અને ખેડૂતોને કોણે ભડકાવ્યા તેની ચર્ચા ચાલી રહી છે.

ખેડૂત નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે ખેડૂતોને ભડકાવવાનું અને હિંસા ફેલાવવાનું કામ દીપ સિધ્ધુએ કર્યું છે. એ પછી દીપ સિધ્ધુએ ફેસબુક પર કહ્યું છે કે અમે પ્રદર્શન કરવાના અમારા લોકતાંત્રિક અધિકાર હેઠળ નિશાન સાહેબનો ધ્વજ લાલ કિલ્લા પર ફરકાવ્યો હતો. પરંતુ ભારતીય ધ્વજને હટાવ્યો નથી. એકિટવિસ્ટ યોગેન્દ્ર યાદવે પણ દીપ પર આરોપ લગાવતા કહ્યું હતું કે દિપ સિધ્ધુ અને ગેંગસ્ટરમાંથી નેતા બનેલા લખા સિધાનાએ આગલી રાત્રે સિંધુ બોર્ડર પર પણ ખેડૂતોને ભડકાવવાની કોશિશ કરી હતી. યોગેન્દ્ર યાદવે કહ્યું કે આ વાતની તપાસ થવી જોઈએ કે કેવી રીતે એક માઈક્રોફોનની સાથે દીપ સિધ્ધુ લાલ કિલ્લા સુધી પહોંચી ગયો.

હવે તમને થશે કે આ દીપ સિધ્ધુ કોણ છે. તો દીપ સિધ્ધુનો જન્મ ૧૯૮૪માં પંજાબના મુકતસર જિલ્લામાં થયો હતો અને તેણે કાયદાનો અભ્યાસ કર્યો હતો. કિંગ ફિશર મોડલ હંટ એવોર્ડ જીત્યા પહેલાં તે થોડા દિવસ માટે બારનો સભ્ય પણ રહ્યો હતો. વર્ષ ૨૦૧૫માં સિધ્ધુની પહેલી પંજાબી ફિલ્મ રમતા જોગી રિલીઝ થઈ હતી. જો કે દીપ સિધ્ધુને લોકો ત્યારથી ઓળખતા થયા જયારે તેણે ૨૦૧૮માં ફિલ્મ જોરા દાસ નુમ્બરિયામાં ગેંગસ્ટરનો રોલ કર્યો હતો.

મહત્ત્વની વાત એ છે કે જયારે ૨૦૧૯માં બોલીવુડ એકટર સની દેઓલે ગુરદાસપુરથી લોકસભાની ચૂંટણી લડી હતી ત્યારે પોતાના ચુનાવ કેમ્પેઈનની ટીમમાં દીપ સિધ્ધુને પણ રાખ્યો હતો. જો કે જેવી હિંસક ઘટના સામે આવી એટલે સની દેઓલે ટવિટ કરીને સ્પષ્ટતા કરી હતી કે દીપ સાથે મને કે મારા પરિવારને કોઈ સંબધ નથી.

ખેડૂતોએ દિલ્હીની બોર્ડરો પર આંદોલન શરૂ કર્યું ત્યારે કેટલાંક એકિટવિસ્ટો અને કલાકારોએ પણ ખેડૂત આંદોલનને સમર્થન આપવાનો નિર્ણય કર્યો હતો. દીપ સિધ્ધુ પણ એવા કલાકારોમાંનો એક છે જે ખેડૂતો સાથે ધરણાં પર બેઠો હતો. સિધ્ધુએ સોશિયલ મીડિયા પર પ્રસંશકોને ખેડૂતોની સમસ્યા ઉપાડવાની અપીલ કરી હતી.

તે વખતે ઘણાં ખેડૂતોએ સિધ્ધુનો વિરોધ કર્યો હતા, કારણ કે દીપ સિધ્ધુની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સની દેઓલ સાથેની તસ્વીર બહાર આવી હતી અને તેને કારણે ખેડૂતોએ દીપને આરએસએસ અને ભાજપનો એજન્ટ કહ્યો હતો.

# સેન્સેક્સમાં ૯૩૭ પોઈન્ટ કડાકો

### સેન્સેક્સ દિવસના અંતે ૪૭૪૦૯ની સપાટી પર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

સેન્સેક્સમાં -૯૩૭ પોઈન્ટનો કડાકો પડ્યો છે. જેમાં નિફ્ટી પણ ૧૪ હજારની નીચે છે. તેથી રોકાણકારોને ૨.૬૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયુ છે. સ્થાનિક શેરબજારમાં આજે બંધ થતા કડાકો જોવા મળ્યો છે. તેથી શેરબજારમાં નિરાશા છવાઈ ગઈ છે.

જેમાં સેન્સેક્સ -૯૩૭.૬૬ પોઈન્ટ એટલે ૧.૯૪% ટકાના કડાકા સાથે ૪૭,૪૦૯.૯૩ પર બંધ થયો છે. તેમજ નિફ્ટી -૨૭૧.૪૦ પોઈન્ટ એટલે ૧.૯૧% ટકાના ઘટાડા સાથે ૧૩,૯૬૭.૫૦ પર બંધ રહી છે.

આજે, ભારે વેચવાલી જ કારણ છે કે તમામ ક્ષેત્રો લાલ નિશાન પર કારોબાર કરી રહ્યા હતા. જેમાં સૌથી વધુ ઘટાડો બેક્િંગ અને મેટલ સેક્ટરમાં જોવા મળી રહ્યો હતો. ફાર્મા સેક્ટરમાં પણ દબાણ હતુ. બ્રોડર માર્કેટની વાત

### નિષ્ણાંતોના મતે બજેટ બાદ ઘટાડો સરભર થશે

### ચાર દિવસમાં ૨૨૦૦ પોઈન્ટનો ઘટાડો

કરીએ તો બીએસઈના સ્મોલકેપ અને મિડ-કેપ ઈન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. સીએનએક્સ મિડકેપમાં પણ ૩૦૦ પોઈન્ટના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો હતો.

દિગ્ગજ શેરની વાત કરીએ તો, આજે ટેક મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, આઈટીસી, વિપ્રો અને એસબીઆઈ લાઈફના શેર લીલા નિશાન પર બંધ થયા છે.

# મહારાષ્ટ્રમાં કૃષિ કાયદાનો અમલ નહીં થાય : વિધાસભા સ્પિકર

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨૭

મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર નાના પટોલે આજે સવારે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે ગયા હતા અને ખેડૂતોએ યોજેલા ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બે મહિના કરતાંય વધારે સમયથી રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કૃષિ કાયદાઓ સામેના વિરોધમાં આંદોલન-ધરણા કરી રહેલા હજારો ખેડૂતોના સમર્થનમાં નાશિક તથા મહારાષ્ટ્રના અન્ય ભાગોમાંથી ખેડૂતો મુંબઈમાં એકત્ર થયા છે. ખેડૂતોના આંદોલનને મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી સરકારના સહભાગી પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારનો પણ સમાવેશ થાય છે. નાના પટોલે હાલ કોંગ્રેસના નેતા છે. ભૂતકાળમાં એ ભાજપના સંસદસભ્ય (ભંડારા-ગોંદિયા) હતા, પણ ભાજપ તથા સંસદસભ્યપદેથી રાજીનામું આપીને તે કોંગ્રેસમાં જોડાયા છે. આજે ધ્વજવંદન કાર્યક્રમ વખતે પોતાના સંબોધનમાં એમણે ખેડૂતોને ખાતરી આપી હતી કે મહારાષ્ટ્રમાં નવા કેન્દ્રીય કૃષિ કાયદાઓને લાગુ કરવામાં નહીં આવે.

# દિલ્હીની હિંસા પાછળ ખાલીસ્તાનીઓ જવાબદાર : પંજાબ કોંગી સાંસદનો દાવો

### લાલ કિલ્લાનું અપમાન કરનારા સામે દેશદ્રોહનો કેસ કરો : રવનીતસિંહ બિટ્ટુ



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૭

પંજાબ કોંગ્રેસના સાસંદ રવનીત સિંહ બિટ્ટુનું કહેવું છે કે પ્રજાસત્તાક દિવસ પર થયેલી હિંસા પાછળ ખાલીસ્તાનીઓનો હાથ છે. તેમણે કહ્યું કે ખેડૂત આંદોલનની આડમાં ખાલીસ્તાની સમર્થકો અને શીખ ફોર જસ્ટિસ્ટ સંગઠનોનો હોથ છે. રવનીતસિંહ બિટ્ટુ લુધિયાણાના સાંસદ રહી ચુક્યા છે. બિટ્ટુ સાથે ખેડૂત આંદોલનમાં મારપીટની ઘટના પણ થઈ હતી. એક દિવસ પહેલા તેમણે જણાવ્યું હતુ કે ખેડૂત નેતાઓ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ભાગ લેવા માટે તેઓ ગયા હતા. ત્યાં પહોંચતા જ કેટલાક લોકોએ તેમના પર દંડા અને હથિયાર વડે હૂમલો કર્યો હતો. તેમણે આગળ જણાવ્યું કે દિલ્હીમાં જે થયું તેની યોજના ત્રણ દિવસ પહેલા જ બનાવવામાં આવી હતી.

# આંદોલનને હિંસક બનાવવા પાછળ કેન્દ્ર સરકાર જવાબદાર : ખેડૂત નેતા ટિકૈત



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૭

મંગળવારે ટ્રેક્ટર રેલીમાં સામેલ ઉપદ્રવીઓ બેરિકેડ તોડીને આગળ વધતા રહ્યા અને લાલકિલ્લા સુધી પહોંચી ગયા હતા. તેમણે પ્રાચીર પર ચડીને ધાર્મિક ઝંડો લહેરાવ્યો હતો. આ ઘટના વિશે ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે આજે કહ્યું છે કે, જેમણે હિંસા ફેલાવી છે અને લાલકિલ્લા પર ઝંડો લહેરાવ્યો છે, તેઓ જાતે જ ભોગવશે. છેલ્લા ૨ મહિનાથી એક સમુદાય વિરુદ્ધ કાવતરુ ઘડવામાં આવી રહ્યું છે. આ આંદોલન સિખોનું નથી પરંતુ ખેડૂતોનું છે. ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે ટ્રેક્ટર પરેડ દરમિયાન દિલ્હીમાં થયેલી હિંસા મુદ્દે આરોપ લગાવતા કહ્યું કે, 'હિંસા કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારની નિષ્ફળતા છે. ખેડૂતોને પ્લાન બનાવીને ચક્રવ્યૂહમાં ફસાવવામાં આવ્યા છે.'

# રાજસ્થાનમાં પેટ્રોલની સદી : મહિનામાં દસમી વાર વધારા સાથે ભાવ રૂા.૧૦૧એ પહોંચ્યો

### ગંગાનગરમાં પેટ્રોલના ભાવ ઇતિહાસમાં પ્રથમવાર ભાવ ૧૦૦ની સપાટીને પાર



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૭

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં બુધવારે ફરી વધારો થયો છે. આ મહિને દસમી વખત અને સતત બીજા દિવસે પેટ્રોલ-ડીઝલની કિંમત વધી છે. રાજસ્થાનના ગંગાનગરમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરને વટાવી ગઈ છે. ગંગાનગરમાં સામાન્ય પેટ્રોલ ૯૮.૪૦ રૂપિયા પ્રતિ લિટર અને પ્રીમિયમ પેટ્રોલ ૧૦૧.૮૦ રૂપિયા પ્રતિ લિટર થઈ છે, જ્યારે ડીઝલ ૯૦ રૂપિયાને પાર પહોંચી ગયું છે. જ્યારે અમદાવાદમાં એક લિટર પેટ્રોલનો ભાવ ૮૩.૪૮ રૂપિયા અને ડીઝલનો ભાવ ૮૨.૨૪ રૂપિયા છે. આ સિવાય મુંબઈમાં પેટ્રોલ ૯૨.૮૬ અને દિલ્હીમાં ૮૬.૩૦ રૂપિયા પ્રતિ લિટરે પહોંચી ગયું છે. જાન્યુઆરીમાં અત્યારસુધીમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં ૧૦મી વખત વધારો થયો છે. આજે ડીઝલ અને પેટ્રોલ બંનેમાં ૨૫-૨૫ પૈસાનો વધારો જોવા મળ્યો છે. આ પહેલાં સોમવારે પણ ડીઝલ-પેટ્રોલની કિંમત વધી હતી.

આ મહિને દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૨.૫૯ રૂપિયા અને ડીઝલમાં ૨.૬૧ રૂપિયાનો વધારો થયો છે. ૭ ડિસેમ્બરે દિલ્હીમાં પેટ્રોલ ૮૩.૭૧ રૂપિયા અને ડીઝલ ૭૩.૮૭ રૂપિયા/લિટર વેચાયું હતું. એ પછી ૨૯ દિવસ સુધી પૈસા વધ્યા ન હતા. ૬ જાન્યુઆરીએ આ મહિને પ્રથમ વખત એના ભાવ વધારવામાં આવ્યા હતા.

# બાઈડેન દ્વારા સેનામાં ટ્રાન્સજેન્ડરોની ભરતી પરનો પ્રતિબંધ હટાવાયો

### ટ્રમ્પ દ્વારા પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨૭

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વધુ એક નિર્ણયને બદલી દીધો છે. તેમણે સેનામાં ટ્રાન્સજેન્ડરોની ભરતી પર રોક લગાવેલા વિવાદીત પ્રતિબંધને હટાવી દીધો છે. બાઈડનના આ પગલાનું એલજીબીટી સમુદાયે સ્વાગત કર્યુ છે. અમેરિકન સિવિલ લિબર્ટી યૂનિયનએ આ નિર્ણય પર ખુશી વ્યક્ત કરતા કહ્યું છે કે આ ટ્રાન્સજેન્ડરોના અધિકારોની લડાઈમાંથી એક છે. રાષ્ટ્રપતિ કાર્યાલયે આ નિર્ણય વિશે ટ્વીટ કરીને જાણકારી આપી છે.જો બાઇડનના કાર્યભાર સંભાળ્યા બાદથી જ માનવામાં આવી રહ્યું હતુ કે પેન્ટાગન આ નીતિમાં બદલાવ કરી શકે છે. વ્હાઈટ હાઉસથી જાહેર એક નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે, "રાષ્ટ્રપતિ જો બાઇડન માને છે કે કોઈની લૈંગિક ઓળખને સેનામાં કામ કરવાનો માપદંડ ના બનાવવો જોઈએ. અમેરિકાના તમામ યોગ્ય નાગરિકોનું સેનામાં સામેલ થવું દેશ અને સેના બંને માટે સારું છે, કેમકે એકજૂટ થયેલી શક્તિ વધારી પ્રભાવશાળી હોય છે."

# અપ્રમાણસર મિલ્કતના કેસમાં સજા પૂર્ણ થતા શશીકલા જેલમુક્ત

### જેલ બહાર આવ્યા બાદ કોરોનાગ્રસ્ત હોવાથી બેંગ્લોરની વિક્ટોરીયા હોસ્પિટલમાં ખસેડાયા



રાજકોટ,તા.૨૭

દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના સૌથી મોટા શક્તિશાળી રાજકિય મહીલા સ્વ. જયલલીતાના અંગત રહેલી શશીકલા તેમજ જયલલીતા વિરૂદ્ધ ચાલતા અપ્રમાણસરની મિલ્કતના કેસ દરમ્યાન જયલલીતાનું નિધન થયા બાદ કેસના ચુકાદામાં શશીકલા સહિત ત્રણ વ્યક્તિઓને તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૧૭થી ચાર વર્ષની કેદની સજા તથા રૂા.૧૦ કરોડનો દંડ અદાલતે ફટકારેલ તેમજ જલવાસ બેંગલોર ખાતે ભોગવવા આદેશ આપેલ. શશીકલાની જેલવાસની મર્યાદા પૂર્ણ થતા પહેલા તેમના પરીચીતો દ્વારા દંડની રકમ રૂા. ૧૦ કરોડ જમા કરાવી દેવામાં આવતા શશીકલા આજે જેલમુક્ત થયેલ પરંતુ તેઓ કોરોનાગ્રસ્ત હોવાથી આજે ચેન્નાઈ જઈ રહેલ નથી. આજ. જેલ બહાર આવા જ તેઓને બેંગ્લોરની વિક્ટોરીયા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે. શશીકલા જેલમુક્ત થયા બાદ સૌપ્રથમ સ્વ. જયલલીતાની સમાધી ખાતે જવા ઈચ્છા વ્યક્ત કરેલ પરંતુ કોરોના અવરોધરૂપ બનેલ છે. આગામી દીવસોમાં તામિલનાડુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ત્યારે શશીકલા જેલમુક્ત થતા એ.આઈ.એ.ડી.એમ.કે. પક્ષના આગેવાનો અને કાર્યકરોમાં ખુશીની લહેર ઉઠવા પામી છે.

# બાઈડન દ્વારા એચ-૧ બી વિઝાધારકોના જીવનસાથીઓને મોટી રાહત અપાઈ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨૭

અમેરિકામાં પ્રમુખ જો બાઈડનની સરકારે સત્તારૂઢ થયાના ગઈકાલે સાતમા દિવસે એક મહત્ત્વની સરકારી ફાઈલ પર માત્ર એક જ શબ્દ 'Withdrawn' (પાછો ખેંચી લીધો છે) લખી દેતાં આ દેશમાં છેલ્લા ચાર વર્ષથી સતત ચિંતામાં રહેતા એચ-૧બી વિઝાધારક-કામદારોના જીવનસાથીઓને મોટી રાહત મળી છે. બાઈડને એમના પુરોગામી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિવાદાસ્પદ પ્રસ્તાવને કચરાટોપલીમાં નાખી દીધો છે. ટ્રમ્પના તે પ્લાનને કારણે એચ-૧બી કામદારો સતત તાણમાં જીવતા હતા કે ક્યાંક એમને અમેરિકામાં કામકાજ કરવા માટે અપાયેલી કાયદેસર સત્તાનો અંત તો લાવી દેવામાં નહીં આવેને. ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ એમના શાસન વખતે એક નિયમ લાગુ કર્યો હતો જે અનુસાર અમેરિકામાં કામ કરતા એચ-૧બી વિઝાધારક-કામદારોના જીવનસાથીઓને પણ અમેરિકામાં કામ કરવાની પરવાનગી અપાઈ હતી. જે એચ-૪ વર્ક પરમિટ નામે ઓળખાતી હતી, પરંતુ ટ્રમ્પે પ્રમુખપદ સંભાળ્યા બાદ તરત જ એચ-૪ વર્ક પરમિટ રદ કરવા પર જોર લગાડવાનું શરૂ કરી દીધું હતું.

# ખેડૂત આંદોલનમાં ભાગલા : કિસાન મજદૂર સંગઠનના નેતા અલગ પડ્યા



(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૭

૨૬મી જાન્યુઆરીના રોજ ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન કેટલાક તોફાની તત્વોએ હિંસા ભડકાવી હતી. જેને પગલે આંદોલન નબળું પડી ગયું છે. ખેડૂત આંદોલન ન ફક્ત નબળું પડ્યું છે બલ્કે તેમાં તિરાડ પણ પડી છે. રાષ્ટ્રીય કિસાન મજદૂર સંગઠનના ખેડૂત નેતા વીએમ સિંહે કહ્યું છે કે તેઓ આંદોલન અહીં જ પાછું ખેંચી રહ્યા છે.

ખેડૂત આંદોલનમાં વિખવાદ સર્જાયો છે. ખેડૂત નેતા વીએમ સિંહે કહ્યું કે, અમારું સંગઠન આ હિંસામાં સામેલ નથી. એટલું જ નહીં તેમણે ખેડૂતો અને રાકેશ ટિકૈત પર અનેક આરોપો પણ લગાવ્યા છે. જ્યારે બીજી તરફ કૃષિ કાયદાના વિરોધમાં અભય સિંહ ચૌટાલાએ હરિયાણા વિધાનસભામાં રાજીનામું ધરી દીધું છે. ખેડૂત નેતા વીએમ સિંહે આંદોલનમાંથી નામ પાછું ખેંચી લીધું છે આ સાથે રાકેશ ટિકૈત તથા અન્ય ખેડૂત નેતાઓ પર અનેક આરોપો લગાવ્યા છે. વીએમ સિંહે કહ્યું કે જે લોકોએ ભડકાવ્યા તેમના પર સખત કાર્યવાહી થાય. વીએમ સિંહે કહ્યું કે સરકારની પણ ભૂલ છે જ્યારે કોઈ ૧૧ વાગ્યાની જગ્યાએ ૮ વાગે નિકળી રહ્યું હતું તો સરકાર શું કરી રહી હતી. જ્યારે સરકારને ખબર હતી કે લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવા માટે કેટલાક સંગઠનો કરોડો રુપિયા આપવાની વાત કરી હતી તો સરકાર શું કરી રહી હતી.

# જૂનાગઢમાં ગણતંત્ર દિવસની પરેડમાં પોલીસ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફનું સન્માન



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૭

આજરોજ પીટીસી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગણતંત્ર દિવસની પરેડ અને સમારંભ યોજાયેલ હતો. જેમાં જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી સૌરભ પારધી ના હસ્તે ધ્વજ વંદન રાખવામાં આવેલ હતું. આ સમારંભમાં જિલ્લા કલેક્ટર તથા જિલ્લા પોલોસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી ની હાજરીમાં જૂનાગઢ જિલ્લા પોલીસમાં ઉત્કૃષ્ટ સરાહનીય કામગીરી કરનાર ૧૧ પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓનું સન્માન કરવામાં આવેલ હતું અને તમામ ૧૧ જેટલા સન્માનીય પોલીસ અધિકારી તથા કર્મચારીઓને પ્રસંશા પત્ર આપી, સન્માનવામાં આવેલ હતા. સતત ત્રણ જેટલી પ્રજાસત્તાક પર્વ અને ગણતંત્ર પર્વ ની પરેડમાં પરેડ કમાન્ડર તરીકે નેતૃત્વ કરનાર ડીવાયએસપી મિહિરકુમાર ડી.બારીયા, તાજેતરમાં હથિયારોનો જથ્થો પકડી પાડનાર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના એચ.આઇ.ભાટી, પોલીસ ઈન્સ., એસ.ઑ.જી., જૂનાગઢ જે.એમ.વાળા, પોલીસ સબ ઈન્સ., એસ.ઑ.જી., જૂનાગઢ, હે.કો. સામતભાઈ કેશુરભાઈ બારૈયા, એસ.ઓ.જી., જૂનાગઢ, હે.કો. અનિરુદ્ધસિંહ ચાપરાજભાઈ વાંક, એસ.ઓ.જી., જૂનાગઢ, એ.એસ.આઇ. મહેન્દ્રભાઈ વાલાભાઈ કુવાડિયા, એસ.ઓ.જી., જૂનાગઢ ઉપરાંત, ગુન્હાઓના ઉત્કૃષ્ટ ડિટેક્શનની કામગીરી કરનાર ક્રાઇમ બ્રાન્ચ તથા એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ડી.જી. બડવા, પોલીસ સબ ઈન્સ., ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢ, પો.કો. સાહિલ હુસૈનભાઈ સમાં, ક્રાઇમ બ્રાન્ચ, જૂનાગઢ, પો.કો.ડાયાભાઈ કાનાભાઈ કરમટા બકલ નંબર - ૧૦૯૭ ક્રાઇમ બ્રાન્ચ, જૂનાગઢ, પો.કો. વનરાજસિંહ બનેસિહ ચુડાસમા બ. ન.૭૧૩ એ ડિવિઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢ, પો.કો. અનકભાઈ ભીખુભાઈ બોઘરા બ. ન.૯૬ એ ડિવિઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢનું પણ સન્માન કરવામાં આવેલ હતું. જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આજરોજ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે પોલિસ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફની કામગીરીની કદર કરી, સન્માન કરી, પ્રોત્સાહન આપી, પોલીસનું મોરલ ઊંચું લાવવા કરવામાં આવેલ પ્રયાસની સરાહના થઈ રહી છે.

# જૂનાગઢ સુખનાથ ચોક ખાતે કોમી એકતા સાથે ૨૬ મી જાન્યુઆરી ઉત્સાહ ઉજવણી



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૭

૨૬ મી જાન્યુઆરી એટલે ભારતના લોકો માટે સ્વાભિમાન નો દિવસ. ભારત ભરમાં આજના દિવસે શાળાઓ, કોલેજો, સરકારી કચેરીઓ, પોલીસ સ્ટેશન, ખાતે ૨૬ મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજે જૂનાગઢના હિંદુ-મુસ્લિમ ભાઈચારાની ભાવના ઉજાગર કરતા સુખનાથ ચોક ખાતે વોર્ડ નંબર ૩ ના કોર્પોરેટર અસલમ કુરેશી, કોર્પોરેટર અબ્બાસ કુરેશી,જૂનાગઢ માજી સૈનિકો, ધારાસભ્ય ભીખાભાઈ જોશી, બટુકભાઈ મકવાણા જૂનાગઢ શહેરના વેપારી મિત્રો આગેવાનો દ્વારા ભાવભેર ૭૨માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે માજી સૈનિક દ્વારા જણાવાયું હતું કે ,૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતનો અમલ શરુ થયો તે પહેલા પણ ૨૬ મી તારીખનું વિશેષ ઐતિહાસિક મહત્વ હતું. ૩૧ ડિસેમ્બર ૧૯૨૯ ની મધ્યરાત્રીએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન લાહોરમાં યોજાયું હતું. જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં યોજાયેલા લાહોર અધિવેશનમાં જાહેર કરવામાં આવ્યું હતું કે જો અંગ્રેજ સરકાર ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ સુધી પૂર્ણ સ્વરાજ આપવા તૈયાર ના થાય તો ભારત દેશ પોતાને પૂર્ણ સ્વતંત્ર દેશ જાહેર કરી દેશે. ૨૬ જાન્યુઆરીના દિવસ નજીક આવ્યો તેમ છતાં અંગ્રેજ સરકારે કોઈ જ પગલા ન ભરતા સમગ્ર દેશમાં પૂર્ણ સ્વરાજનો નારો ગુંજી ઉઠયો હતો..૧૫ મી ઓગસ્ટના રોજ દેશને આઝાદી મળી પરંતુ દેશ પાસે પોતાનું બંધારણ ન હતું. બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબડકરની કલમે ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ ની મહેનત થી બંધારણ ની રચના કરવામાં આવી હતી .દેશના આ સંવિધાનને બંધારણ કમિટીએ ૨૫ નવેમ્બર ૧૯૪૯ ના રોજ અમલ માટે રજુ કર્યુ હતું.૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બધા જ સાંસદો અને વિધાયકોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યાર બાદ ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ દેશમાં લાગુ પાડવામાં આવ્યું હતું. ડો રાજેન્દ્રપ્રસાદ ભારતના પહેલા રાષ્ટ્રપતિ બન્યા હતા.

# મોરબી જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ મોરબી, તા.૨૭

૭૨માં પ્રજાસત્તાક પર્વની મોરબીના એલ.ઇ. કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કલેક્ટર જે. બી. પટેલના હસ્તે તિરંગાને સલામી આપી રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. દેશભક્તિના માહોલમાં પરેડ કમાન્ડર આર. પી. જાડેજાની આગેવાની હેઠળ માર્ચ પોસ્ટ યોજવામાં આવી હતી. કલેક્ટર જે.બી.પટેલ ના હસ્તે તિરંગાને સલામી આપ્યા બાદ ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કોરોના અંગેની સરકારની ગાઈડલાઈનને ધ્યાને રાખીને નવયુગ વિદ્યાલય, ન્યુ એરા તેમજ નીલકંઠ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર જે.બી.પટેલે ઉપસ્થિત પ્રજાજનોને સંબોધન કરતાં મોરબી જિલ્લામાં કોરોના દરમિયાન જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે સૌને અવગત કર્યા હતા. કોરોના સમયે જિલ્લા આરોગ્ય વિભાગ, વહિવટી તંત્ર, પોલીસ, મીડિયા, જિલ્લા પુરવઠા તંત્ર વિવિધ વિભાગોના કર્મચારીઓને ઉલ્લેખ કરી કોરોના વૉરિયર્સ તરીકે બિરદાવ્યા હતા. આ પ્રસંગે રાજ્યકક્ષાએ યોજાયેલ યુવા-ઉત્સવમાં લોકગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની રાષ્ટ્રીય કક્ષાના યુવા ઉત્સવમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર અવની ગોસ્વામી, રાજ્ય કક્ષાએ કલા મહાકુંભમાં દ્વિતિય ક્રમાંક મેળવનાર ધ્રુવી ફેફર વગેરેનું કલેક્ટર જે.બી. પટેલ તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનીત કરવામાં આવ્યા.

# અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ૭૨માં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ અરવલ્લી, તા.૨૭

અરવલ્લી જિલ્લાકક્ષાનો ૭૨ મો પ્રજસત્તાક પર્વ જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં મોડાસા ખાતે યોજાયો હતો. સરકારી ઈજનેરી કોલેજ ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી અરવલ્લી વાસીઓને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી. દેશના વીર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મંત્રીએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, રાજસ્થાનને અડીને આવેલા અરવલ્લી જિલ્લામાં શામળીયાની કૃપા સતત વરસતી રહે છે. જેનાથી ઘણી આપત્તિઓનો નાશ થાય છે. તેમણે અરવલ્લી જિલ્લાના સપૂત ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, બાળ સાહિત્યકાર રમણલાલ સોની તેમજ જિલ્લાને કર્મભૂમિ બનાવનાર ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદીને યાદ કર્યા હતા. આઝાદીના સાત દાયકામાં ગામડાના છેવાડાના લોકોને વિકાસના મીઠા ફળ ચાખવા મળી રહ્યા છે. આજે આપણી શાંતિનો અહેસાસ કરી રહ્યા છીએ તેની પાછળ આપણા વીર સૈનિકોનો ફાળો મોટો છે જે ૧૨ હજાર ફૂટ ઊંચા બરફ પર્વત પર દેશની સીમાઓ સુરક્ષિત રાખે છે. વધુમાં જણાવ્યું કે, બંધારણમાં ગામડાથી માંડી શહેરના લોકોની ચિંતા ૭૦ વર્ષ અગાઉ કરવામાં આવી હતી. રમણલાલ પાટકારે સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કોરોનાની મહામારી સામે ભારત દેશ દ્વારા લેવામાં આવેલા પગલાંની વાત કરતાં જણાવ્યું હતું કે, લોકોની સાવચેતી અને વહીવટીતંત્ર તેમજ સ્વૈછિક સંસ્થાઓના સહયોગથી કોરોના મૃત્યુઆંક કાબુમાં રાખી શક્યા છીએ.

# મામલતદાર જી. એમ. મહાવદિયા દ્વારા ધ્વજવંદન કરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી



ચક્રવાત ટીમ ઉપલેટા, તા.૨૭

કેશોદનાં વતની અને હાલ રાજકોટ જિલ્લાનાં ઉપલેટા તાલુકામાં મામલતદાર તરીકે ફરજ બજાવતા જી. એમ. મહાવદિય દ્વાર તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. અને પ્રસંગને અનુરૂપ ઉદબોધન કર્યું હતુ. કેશોદમાં વર્ષો સુધી નાયબ મામલતદાર તરીકે સેવાઓ આપનાર જી. એમ. મહાવદિયા પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા, જવાબદારી અને પ્રામાણિકતા માટે જાણીતા છે. ઉપલેટામાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તાલુકા કક્ષાનાં અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોટડા સાંગાણીમાં આમ આદમી પાર્ટી દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ



ચક્રવાત ટીમ, તા.૨૭

કોટડા સાંગાણી ના સરદાર ચોક ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો આ તકે તમામ હોદેદારો હાજર રહ્યા હતા આ તકે યુવા પ્રમુખ નિતેશ ખૂંટ દ્વારા ધ્વજ ફરકાવામા આવ્યો હતો. આ અંગે વધુ માહિતી આપતા ખેડુત નેતા ચીરાગ કાકડીયા કહ્યુ હતું કે અત્યાર સુધીમાં સૌ પ્રથમ વખત સરદાર ચોક ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં મિહિરકુમાર બારીયાની રેગ્યુગર ડીવાયએસપી તરીકે નિમણૂંક



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૭

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા અજમાયશી નાયબ પોલીસ અધિક્ષકને રેગ્યુલર નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવેલ હતી. જેમાં જૂનાગઢ જિલ્લાના દોઢ બે વર્ષથી ફરજ બજાવતા અને હાલ માંગરોળ ડિવિઝનના ઈન્ચાર્જ ડીવાયએસપી એવા અજમાયશી નાયબ પોલીસ અધિક્ષક મિહિરકુમાર ડી.બારીયાને રેગ્યુલર નાયબ પોલીસ અધિક્ષક તરીકે ગુજરાત સરકાર દ્વારા મરીન, ગાંધીનગર ખાતે નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવેલ હતી. આ અધિકારીને રેગ્યુલર નિમણૂક મળતા, તેઓને આજરોજ પીટીસી પરેડ ગ્રાઉન્ડ ખાતે ગણતંત્ર દિવસની પરેડ સમયે પોલીસ ટ્રેનિંગ કોલેજના ડીઆઈજી આર.વી.પાંડોર તથા જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આજરોજ ગણતંત્ર પરેડ પહેલા જ ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા, આર.વી.ડામોર, સહિતના પોલોસ અધિકારીઓની હાજરીમાં જાહેરમાં પોતાની જાતે સોલ્ડર ઉપર રેગ્યુલર નાયબ પોલીસ અધિક્ષકના હોદ્દાના ત્રણ સ્ટાર ટાઈટલ સોલ્ડર ઉપર લગાડી, બહુમાન કરીને, નિમણૂક હુકમ આપવામાં આવ્યો હતો. આ પ્રકારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા બહુમાન કરીને જાતે ટાઈટલ સોલ્ડર લગાવી, બહુમાન આપવામાં આવે એવા કિસ્સાઓ જવલ્લે જ જોવા મળે છે. ઉચ્ચ અધિકારી અને જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા નવી જગ્યાએ નિમણૂક અંગે શુભકામના પાઠવતા, પોલીસ ખાતામાં કુટુંબ ભાવના અને ટીમ ભાવના ઉજાગર થયેલ હતી. રેગ્યુલર નિમણૂક મેળવનાર જૂનાગઢ જિલ્લાના અજમાયશી ડીવાયએસપી મિહિરકુમાર ડી.બારીયા દ્વારા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી તથા જિલ્લાના અધિકારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# અંબાજી ખાતે ૭૨માં પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ બનાસકાંઠા, તા.૨૭

૨૬ મી જાન્યુઆરી એટલે પ્રજાસત્તાક દિન પ્રજાસત્તાક દિનની ઉજવણી ગુજરાત સહિત સમગ્ર ભારતમાં હર્ષોઉલ્લાસ સાથે કરાતી હોય છે ત્યારે ચાલુ વર્ષે કહી શકાય કે કોરોના મહામારી એ પણ સમગ્ર તહેવારો પર કોરોના નું ગ્રહણ લગાવ્યો છે ત્યારે સમગ્ર ધાર્મિક તહેવારો અને મેળાઓ આ કોરોના મહામારી ના કારણે મોકૂફ રખાયા હતા ત્યારે ૨૬ મી જાન્યુઆરી ની ઉજવણી કરવામાં આવી હતી અને આ ૨૬ મી જાન્યુઆરી ની ઉજવણી સરકારની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરી કરવામાં આવી હતી ત્યારે અંબાજી ગબ્બર ખાતે ઉડન ખટોલા દ્વારા પણ ૨૬મી જાન્યુઆરીની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રેન્જ ફોરેસ્ટ ઓફિસર પી.એમ ભુતડીયા ઉપસ્થિત રહ્યા હતા ઉડન ખટોલા ના કર્મચારીઓ દ્વારા રેન્જ ફોરેસ્ટ ઓફિસર પી.એમ ભૂતડીયા નું ફૂલ આપી શાલ ઓઢાડી સ્વાગત કરાયું હતું ત્યારે આ કાર્યક્રમમાં સરકારી ગાઈડલાઈન જેમ કે સોશિયલ ડિસ્ટન્સ સહિત સરકારી ગાઈડલાઈન ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી પ્રજાસત્તાક દિનની ઉજવણી ઠેરઠેર કરાય છે ત્યારે અંબાજી ખાતે પણ અંબાજી પોલીસ સ્ટેશન ,અંબાજી બી.ડી મહેતા કન્યા વિદ્યાલય, અંબાજી ગ્રામ પંચાયત ઉચ્ચતર માધ્યમિક શાળા ,ગુજરાતી શાળા, અંબાજી હિન્દી સ્કૂલ સહિત વિવિધ શાળાઓમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

# પોરબંદરમાં ૭૨મા પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની કરાઈ ઉજવણી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૭

પોરબંદર ખાતે ૭૨મા પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામા આવી હતી. જિલ્લા કલેક્ટર ડી.એન.મોદીએ ધ્વજવંદન કરી જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની સાથે ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ કર્યુ હતું. ધ્વજવંદન કાર્યક્રમમાં પોરબંદર પોલીસ પ્લાટુન, પોરબંદર મહિલા પોલીસ, ટી. આર.બી. જવાનો સહિત ૬ પ્લાટુનની પરેડ યોજાઇ હતી. ગણતંત્ર દિન ઉજવણી નિમિત્તે માર્ચપાસ્ટ પણ યોજાઇ હતી. તિરંગાને સલામી આપ્યા બાદ કલેક્ટર મોદીએ કહ્યુ કે, પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ સહિત સ્વતંત્ર સેનાનીઓએ આપણને આઝાદી અપાવ્યા બાદ દેશને ચલાવવા માટે બંધારણ ખૂબ જરૂરી હોય જેથી આપણા વડવાઓએ અનેક દેશોના બંધારણનો અભ્યાસ કરીને આપણને વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ આપ્યું હતું. બંધારણે આપણને મૂળભૂત અધિકારો આપવાની સાથે સાથે મૂળભૂત ફરજો પણ આપી છે. આપણે એક સારા નાગરિક બની રાષ્ટ્રહિતમાં પોતાનું યોગદાન આપીએ. કલેક્ટરએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ઉજાગર કરી દેશની ઉન્નતિ અને પ્રગતિમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. પોરબંદર જિલ્લાની જનતાને પ્રજાસત્તાક પર્વનિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. સ્વાતંત્ર સંગ્રામના શહીદોને શ્રદ્ધા સુમન અર્પણ કરી સેનાના જવાનોની સેવાને પણ બિરદાવી હતી. કોરોનાને પરાસ્ત કરવા મહિનાઓથી કામ કરી રહેલા કોરોના વોરીયર્સનો આ તકે આભાર વ્યક્ત કરવાની સાથે સાથે કોરોના સામે લડવા જિલ્લાતંત્રને પુરતો સહયોગ આપવા બદલ જિલ્લાવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વેરાવળના યુવા નેતા પ્રવીણભાઈ ગઢીયાને જન્મદિવસની શુભકામના



વેરાવળ કોળી સમાજ ના યુવા નેતા અને કોંગ્રેસ પાર્ટીના વેરાવળ પાટણ શહેર કોંગ્રેસ મહામંત્રી પ્રવીણભાઈ ગઢિયા (પ્રેમ) નો આજે જન્મદિવસ છે પ્રવીણભાઈ આજે સોમનાથ મંદીર ખાતે સાધુ સંતો તેમજ માધ્યમ વર્ગ ના લોકોને અને ટોલનાકે નીરાધાર નો આશ્રમ અને મંદબુદ્ધિ ના બાળકોને ભોજન આપીને જન્મદિવસ ની ઉજવણી કરશે. પ્રવીણભાઈને સોશીઅલ મીડિયામા શુભેચ્છાનો ધોધ મળી રહ્યો છે તેમનો મોબાઈલ નંબર ૮૪૮૭૯૭૮૫૦૨ છે.

# ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી



ચક્રવાત ટીમ ઝઘડિયા, તા.૨૭

ઝઘડિયા તાલુકા ઉમલ્લા પંચાયત, કુમાર શાળા તથા કન્યા શાળા, શીશુ મંદિર, પોલીસ સ્ટેશન, શ્રી કે .આર પટેલ હાઈસ્કૂલ દ્વારા ધ્વજ વંદન કરાયું હતું તથા દુ:વાઘપુરા પંચાયત ખાતે પણ ધ્વજ વંદન કરાયું.

# ઝઘડીયા જીઆઇડીસીમાં ૨૬ મિટર ઉંચો ધ્વજ ફરકાવવામાં આવ્યો



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૨૭

પ્રજાસત્તાક દીન નિમિત્તે ઝઘડીયા જીઆઈડીસીમા આવેલી ગુલશન પોલિઓલ્સ કંપનીમા ૨૬ મીટર ઉચો રાષ્ટ્રીય ધ્વજ કંપનીના ડિરેક્ટર એ.કે. વસ્તના હસ્તે ફરકાવવામાં આવ્યો હતો, કંપનીના ડિરેક્ટર એકે વસ્તના જણાવ્યાનુસાર આ ૨૬ મિટર ઉચો રાષ્ટ્રીય ધ્વજ ભરૂચ જીલ્લાનો સૌથી ઉચો ધ્વજ છે અને કંપનીના સીએમડી ડો.સી.કે. જૈન ની ઈચ્છા હતી કે પોતાની કંપનીમાં જિલ્લાનો સૌથી ઊંચો ધ્વજ ફરકાવે જેથી દેશનો ઝંડો સવથીઉચે લહેરાઈસકે ,આ પ્રસંગે ગુલશન પોલિઓલ્સ કંપનીના ડિરેક્ટર એ કે વસ્ત, એસ.આર. મેનેજર વિશાલ મનોહર અને કંપનીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## સંસ્થાકીય સમાચારો

# ઉપલેટા નગરપાલિકાના પૂર્વ પ્રમુખની સ્મૃતિ નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૭

ઉપલેટા ક્રિષ્ના ગ્રુપના પ્રણેતા અને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ. ગોવિંદભાઈ સુવાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે ઉપલેટા વિવિધલક્ષી હાઈસ્કૂલ ખાતે મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. ગોવિંદભાઈ સુવાની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે રક્તદાન કેમ્પનું આયોજન આ તકે કરવામાં આવે છે જેમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવાનો હેતુ જરૂરિયાતમંદ લોકોને બ્લડ મળી રહે અને કોઈના જીવનમાં નવી આશા મળી રહે અને લોકોનો જીવ બચી શકે તે માટે જ્યારે બ્લડની જરૂર હોય છે ત્યારે બ્લડ મળતું નથી જેને કારણે ઘણા લોકોના જીવ પર ચાલ્યા જાય છે ત્યારે આવા જરૂરિયાત મંદ લોકોને મદદરૂપ થવા અને બ્લડની અછત અને પૂર્ણ કરવા માટે બ્લડ ડોનેશન કેમ્પનું આ તકે આયોજન કરવામાં આવે છે અને આ બ્લડ ડોનેશન કેમ્પમાં દાતાઓ દ્વારા બહોળી સંખ્યામાં પણ બ્લડ ડોનેટ કરવામાં આવે છે અને જરૂરિયાત મંદ લોકોને બ્લડની જરૂરિયાત પૂરી કરવા માટેના પ્રયાસો કરવામાં આવે છે. આ રક્તદાન કેમ્પમાં દાતાઓ દ્વારા કુલ ૪૩૧ જેટલી બોટલ રક્ત એકત્ર થઈ હતી. આ રક્તની એકત્રિત થયેલ બોટલથી પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુકનુ રક્તતુલ્લા પણ કરવામાં આવ્યા હતા. આ રક્તતુલ્લા કાર્યક્રમ બાદ સુવિખ્યાત ભાગવતાચાર્ય જીગ્નેશદાદાએ પોતાનું પ્રવચન આપ્યું હતું.

# ચોટીલામાં પ્રજાસતાક દિને રક્તદાન કેમ્પમાં ૭૮ બોટલ રક્ત એકત્ર કરાયુ



ચક્રવાત ટીમ ચોટીલા, તા.૨૭

૨૬ જાન્યુઆરીના રોજ ચોટીલામાં પ્રાથમિક શાળા નંબર-૨માં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાસતાક પર્વ ની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ રક્તદાન કેમ્પ માં બપોરે ૨ વાગ્યા થી જ રક્તદાતોનો ધસારો જોવા મળ્યો હતો. અને રાત્રે ૮ વાગ્યા સુધી માં ૭૮ બોટલ રક્ત એકત્રિત થયું હતું. જ્યારે ૩૫ થી વધુ રક્તદાતા ઓને સામાન્ય બીમારી કે હિમોગ્લોબીન ની ઉણપ હોઈ તેઓ રક્તદાન કરી શક્યા ન હતા. રાજકોટ વોલન્ટરી બ્લડ બેંક(લાઈફ બ્લડ બેંક) દ્વારા તમામ રક્તદાતાઓના આરોગ્યની તપાસ કરીને રક્ત લેવામાં આવ્યું હતું. આ તકે રક્તદાન કરનાર વનરાજભાઈ એ જણાવેલ કે રક્તદાન કરવું આપણી ફરજ છે. જ્યારે આપણા કોઈ સગા-સબંધી હોસ્પિટલમાં હોઈ અને લોહી ની જરૂર પડે ત્યારે દોડા દોડી થાય છે ત્યારે આપણને લોહી ની કિંમત સમજાય છે. માટે આજે મેં ૭મી વખત રક્તદાન કર્યું. આ કેમ્પ માં ૨૩મી વખત રક્તદાન કરનાર ગઢેચી પ્રાથમિક શાળાના આચાર્ય વિરમભાઈ ડાંગરે જણાવ્યું હતું કે હું મારી દર ૪ મહિને રક્તદાન કરું છું. કોઈ બીજાના બુઝાતા જીવનદીપને નવુ જીવન આપી માનવદીપ ને પ્રજ્વલિત રાખવા આપણે રક્ત દાન કરવું જોઈએ. રક્તદાન કરનાર તમામ રક્તદાતા ઓ ને લાઈફ બ્લડ બેંક અને રામ-રહીમ ફાઉન્ડેશન દ્વારા પ્રમાણપત્ર આપી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ રક્તદાતાઓ ના બ્લડ ની તપાસ કરી એમના બ્લડ ગ્રુપના કાર્ડ ટૂંક સમય માં આપવમાં આવશે.

આ રક્તદાન કેમ્પ માં રામ-રહીમ ફાઉન્ડેશન ચોટીલા અને નિમિત્ત માત્ર સેવા અભિયાનના મોહસીનખાન પઠાણ, મેહુલભાઈ ખંધાર, અરમાનખાન પઠાણ, રવિભાઈ ચાવડા, ફેઝલભાઈ વાળા, વિજયભાઈ ચાવડા, રોનકભાઈ બોડાણા, મોઈનખાન પઠાણ, પાયલબેન મોરી, જ્યોતિબેન સીતાપરા, નિરાલિબેન ચૌહાણ, ગીતાબેન વાઘેલાએ એડવાન્સ રજીસ્ટ્રેશનથી રકતદાન કેમ્પ પૂર્ણ થયો ત્યાં સુધી અનન્ય સેવા બજાવી હતી.



# આમ આદમી પાર્ટી દ્વારા મોરબી શહેર સોશિયલ મીડિયાની જવાબદારી સોંપાય

ચક્રવાત ટીમ મોરબી, તા.૨૭

સ્થાનિક સ્વરાજની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય પાર્ટીઓ દ્વારા પોતાના કાર્યકરોને જવાબદારીઓ સોંપ વામાં આવી રહી છે ત્યારે આ વખતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રથમ વખત લડતી આમ આદમી પાર્ટી પણ પૂરા જોશ થી ચૂંટણીની તૈયારીઓ કરી રહી છે. ચૂંટણી જાહેર થયા ૫ હેલા જ આમ આદમી પાર્ટી મોરબી શહેર પ્રમુખ મહેશ રાજ્યગુરુ દ્વારા 'આપ' ના ૧૨ થી પણ વધુ ઉમેદવાર જાહેર કરી એક નવી રીત અપનાવ્યાં બાદ ૨૬ જાન્યુઆરીના રોજ મોરબી શહેર સોશિયલ મીડિયાની જવાબદારી પ્રમુખ તરીકે અમિત સાણંદિયાને અને મહામંત્રી તરીકે દિવ્યેશ ટીલાવતને સોંપવામાં આવી હતી.

# રાજકોટ સોની બજારમાં લૂંટ કરવાની પેરવી કરતા બે ઈસમોને ઝડપી પાડતી એ ડીવીઝન પોલીસ





ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૭

ચોરી તથા લુંટ જેવા મિલ્કત સબંધી ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના કરલ હોય જે અન્વયે ડી-સ્ટાફના કર્મચારીઓ પો.સ્ટે. ખાતે હાજર હોય દરમ્યાન પો.સબ.ઈન્સ. જે.એમ.ભટ્ટ તથા પો.હેડ.કોન્સ. હારૂનભાઈ ચાનીચા તથા પો.કોન્સ, રામભાઈ વાંક તથા પો.કોન્સ. જગદીશભાઈ વાંક ના ઓને સંયુક્ત બાતમી મળેલ કે સોનીબજારમાં રૈયાનાકા મેઈન રોડ ઉપર આવેલ સોની ગીરધરલાલ હીરાલાલ હડાળા વાળાની દુકાને લુંટ કરવાનુ પુર્વ આયોજીત કાવતરૂ રચી અવાર નવાર બે ઈસમો એ દુકાનની રેકી કરી લુંટ કરવાનો પ્લાન ધડેલ હોય અને હાલ બન્ને ઈસમો એક મોટર સાઈકલ તથા એક રીક્ષા સાથે ધાતક હથીયાર સાથે રાખી લુંટ કરવા માટે મોકાની તલાસમા હોય અને હાલ બન્ને ઈસમો દિવાનપરા શેરી નં.૬ ના ખુણે હાજર હોવાની સચોટ હકીકત મળેલ જે બાબતે અમો તથા પો.સ્ટાફ, સાથે સદરહુ દિવાનપરા શેરી નં.૬ ના ખુણા પાસે જતા હકીકત વાળા બન્ને ઈસમો હાજર મળી આવતા બન્ને પાસે રહેલ ધાતક હથીયાર કબ્જે કરી જેમના તેમ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. પકડાયેલ આરોપીઓ :૧) હકાભાઈ ગોકળભાઈ લાંબરીયા જાતે-ભરવાડ ઉ.વ.૪૨ ધંધો-મજુરી રહેઆજીડેમ ચોકડી, હરસિધ્ધી સોસાયટી શેરી નં.૪ રાજકોટ. ૨) કનકસિંહ ભુપેન્દ્રસિંહ ચૌહાણ જાતે-રજપુત ઉ.વ.૩૩ ધંધો-રીક્ષા ડ્રાઈવીંગ રહેમવડી ચોકડી પાસે વિશ્વનગર ના ક્વાર્ટર બ્લોક નં.૧૮ ક્વાટર નં.૨૧૨૭ રાજકોટ. આ કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓપો.ઈન્સ, સી.જી.જોષી તથા પો.સબ.ઈન્સ જે.એમ.ભટ્ટ તથા એ.એસ.આઈ. બી વી ગોહીલ તથાબ ફી.બી.ખેર તથા પો.હેડ.કોન્સ. હારુનભાઈ ચાનીયા તથા પો.હેડ. કોન્સ. વીરેન્દ્રસિહ ઝાલા તથા પો. કોન્સ, રામભાઈ વાંક, મૌલિકભાઈ સાવલિયા તથા જગદીશભાઈ વાંક તથા પો કોન્સ મેરુભા ઝાલા તથા નરેશકુમાર ઝાલા તથા હોમગાર્ડ ચંદ્રેશ તેરૈયા.

# શિવધામ શ્રી વાળીનાથ તરભ ખાતે સેવા કાર્યોની સરવાણી વહી



ચક્રવાત ટીમ, તા.૨૭

શિવધામ શ્રી વાળીનાથ તરભ ખાતે બ્રહ્મલીન મહંત બળદેવગીરીબાપુના નિર્વાણ બાદ માલધારી સમાજના ભાવિક ભક્તો દ્વારા વિવિધ લોકસેવાના કાર્યોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વાળીનાથ ધામ સહિત વિભિન્ન સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. પુરુષ મહિલા અબાલ વૃદ્ધ સહુ કોઈ આ સેવા કાર્યમાં સહભાગી થઈ રહ્યા છે. સ્વાભાવિક રીતે બ્રહ્મલીન પૂજ્ય બળદેવ ગીરી બાપુના સ્મરણાર્થે આયોજિત સમાજ ઉપયોગી કાર્યોને કારણે વાળીનાથ ધામ ખાતે ભાવિક ભક્તો- સ્વયંસેવકોની હાજરી વધી છે. ત્યારે કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ વાતમાં પરિવાર દ્વારા વાળીનાથ ધામ ખાતે આવતા તમામ દર્શનાર્થીઓ ભક્તોના ભોજન પ્રસાદની જવાબદારી સંભાળી લેવામાં આવી છે. એક મહિના સુધી સતત ભોજન વ્યવસ્થા બાબુભાઈ દેસાઈ દ્વારા પૂરી પાડવામાં આવશે. દ્વારકાધીશના ભક્ત એવા બાબુભાઈ દેસાઈના જણાવ્યા મુજબ, કોરોના મહામારીના કપરા કાળમાં વાળીનાથ ધામ ખાતે આવતા ભાવિક ભક્તોની કોવિડ માર્ગદર્શિકા અનુસાર ભોજન વ્યવસ્થાની જવાબદારી સંભાળવાનું પુણ્ય કાર્યને તેઓ પોતાની ફરજ સમજે છે.

# કોડીનારમાં પ્રજાસતાક દિવસ ઉજવાયો



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા. ૨૭

કોડીનાર શહેરમાં ૭૨ માં પ્રજાસત્તાક દિન ની તાલુકા કક્ષા ની ઉજવણી સ્યુગર ફેકટરી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. તેમજ કોડીનાર તાલુકાના વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓ તથા સામાજિક અને રાજકીય અગ્રણીઓ તેમજ સરકારશ્રી ની ગાઈડલાઈન મુજબ ધ્વજ વંદન કરાયું હતું. કોડીનારમાં ૭૨ માં પ્રજાસત્તાક પર્વની તાલુકા કક્ષાની ઉજવણી કોડીનારની જીવાદોરી સ્યુગર ફેકટરી ના ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી.જેમાં તાલુકા ના સમગ્ર પોલીસ સ્ટાફ તેમજ પી. આઈ, મામલતદાર કચેરી ના અધિકારી અને કર્મચારીઓ અને તાલુકા પંચાયત કચેરી અને નગરપાલિકા કોડીનાર સહિતના તમામ સરકારી કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ સામાજિક અને રાજકીય આગેવાનો તથા વ્યપારીઓ, અગ્રણીઓએ હાજરી આપી હતી.કોડીનારમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

### દિવ્યાંગ કેન્દ્ર કોડીનાર

જીવનદિપ હેલ્થ એજયૂકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અને ભારત સરકાર, દિવ્યાંગજન વિભાગના રાષ્ટ્રીય ટ્રસ્ટના સહયોગથી મનોદિવ્યાગ બાળકો માટે ચાલતા દિશા કમ વિકાસ ડે કેર સેન્ટર ખાતે ૭૨ મો પ્રજાસતાક દિન કાર્યક્રમ યોજાયો હતો સર્વ પ્રથમ ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થામાં ૭૨માં પ્રજાસતાક દિન પર્વની રંગે ચંગે અને હર્ષો ઉલાશ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાનાં મંત્રી આરીફભાઈ ચાવડાનાં હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી સમુહ રાષ્ટ્રગાન યોજાયું હતુ. ત્યાર બાદ આરીફભાઈ ચાવડાએ પ્રસંગીક ઉદબોધન કર્યું હતું.

# ગીર સોમનાથ જીલ્લામાં ચૂંટણીને લઈ ભાજપના ચાર નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયાઓ શરૂ કરાઈ

### ભાજપની દાવેદારીને લઇ સ્થાનીક લોકોનો મેળાવડો જોવા મળ્યો

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૭

ગીર સોમનાથ જીલ્લામા આજે નગરપાલીકાની ચુટણીઓની દાવેદારી માટે ભાજપ દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયાઓ શરૂ કરવામા આવી છે. જેમા વેરાવળમા સવારથી જ મોટી સંખ્યા જોવા મળી હતી. સ્થાનીક સ્વરાજની ચુટણીઓની જાહેરાત થઈ ચુકયા બાદ ભાજપ પક્ષ દ્વારા ગીર સોમનાથ જીલ્લામા શહેર અને તાલુકાઓમા સેન્સ લેવાની કામગીરી શરુ કરવામા આવેલ છે જેમા ગીર સોમનાથ જીલ્લાની એ ગ્રેડની સૌથી મોટી નગરપાલીકા આવેલ છે જેમા નિરીક્ષકો તરીકે પૂર્વ જીલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્ર પીઠીયા, જીલ્લા ઉપપ્રમુખ સ્વાતીબેન ગોહેલ, પ્રકાશ ટાંકને જવાબદારી સોપવામા આવેલ છે ત્યારે વેરાવળ મા ભાજપની દાવેદારી માટે મોટો મેળો જામ્યો હોય તેવો માહોલ સર્જાયો જોવા મળ્યો છે જેમા વિવિધ સમાજના આગેવાનો, વેપારીઓ, પૂર્વ નગરસેવકો, ભાજપના કાર્યકતા ઓ સહીત બહોળી સંખ્યામા દાવેદારી ફોર્મ રજુ કરવામા આવેલ છે જેમા નિરીક્ષક દ્વારા ફોર્મ ભરી યોગ્ય ચકાસણી બાદ દાવેદારી સ્વીકારવામા આવી રહી છે ત્યારે ચોકકસ કહી શકાય ભાજપ દ્વારા પેજ પ્રમુખ સમિતી ફરજીયાત બનાવેલી, ૫૫ વર્ષ થી નીચેના ઉમેદવાર, ભાજપના સક્રિય કાર્યકર આ સહીત ની માંગ સાથે હવે જોવુ રહ્યુ ભાજપ વેરાવળ નગરપાલીકાના ૧૧ વોર્ડ માટે કયા ૪૪ નગરસેવક ની પસંદગી કરે છે. દેવાભાઈ ધારેચા (પ્રમુખ, વેરાવળ શહેર ભાજપ) ભાજપ પક્ષમા દાવેદારી માટે મોટી સંખ્યા ઉમેદવારોની જોવા મળી છે જેનુ એકજ કારણ છે કે દેશમા કેન્દ્રની સરકાર નરેન્દ્ર મોદીના કામો, રાજયમા ભાજપની સરકારના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ કરેલા કામોના લીધે મોટા ભાગના લોકો ભાજપ પક્ષમા રહેવુ પસંદ કરે છે અને વિકાસ એ ભાજપ અને ભાજપ એજ વિકાસના મંત્ર સાથે ભાજપ પક્ષ આગળ ચાલી રહેલ છે અને વેરાવળ મા ફરીથી ભાજપની જ નગરપાલીકા બનશે તેવો વિશ્વાસ ભાજપ પ્રમુખ એ વ્યકત કર્યો હતો.

# મુખ્યમંત્રી નિવાસસ્થાને ૧ થી ૩ ફેબ્રુઆરી સુધી ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાશે

(જી.એન.એસ.)

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું રણશિંગુ વાગી ગયું છે. પક્ષો તડામાર તૈયારીમાં જોડાઈ ગયા છે. ત્યારે બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે આગામી ૧ થી ૩ ફેબ્રુઆરીના રોજ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની મહત્વની બેઠક મળશે. મુખ્યપ્રધાન રૂપાણીના નિવાસસ્થાને ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાશે. ૧ થી ૩ ફેબ્રુઆરી યોજાશે ભાજપ ની પાર્લામેન્ટ્રી બોર્ડ ની બેઠક મુખ્યમંત્રી નિવસ્થાને યોજાશે બેઠક ૪ ફેબ્રુઆરી એ ૬ મનપા મટે ભાજપ જાહેર કરી શકે છે.

# કોડીનાર અલ મસ્તાન યંગ કમિટી દ્વારા સમૂહ શાદીનુ પ્રથમ આયોજન કરાયું

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૭



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાંગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં સુલતાને વલી લેબર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનાર દ્વારા આયોજિત અલ મસ્તાન યંગ કમિટીના સહયોગ થી પ્રથમ વખત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઘણા બધા યુગલો શાદી કરી સામાજિક જીવનમાં પ્રવેશ કર્યો હતો. આ ખાસ પ્રસંગ કસ્બા જમાત ખાના, ઉના ઝાપા, કોડીનાર ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કોડીનાર મુસ્લીમ સમાજમાં એક ઉતમ ઉદાહરણ રૂપ ગણાવી શકાય. કોડીનાર શહેરમાં મુસ્લીમ સમાજના યુવાનો દ્વારા આ સકારાત્મક અભિગમ તેમજ સર્જનાત્મક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. કોડીનાર ના ઈતિહાસમાં પ્રથમ વખત મુસ્લીમ નવ યુવાનો અને ખાસ કરીને મજૂરોની યુવાનોની કમિટીએ મુસ્લીમ સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે ફરિશ્તા જેવું કાર્ય કર્યુ હતું જેની કોડીનાર તેમજ તમામ ગીર સોમનાથ જિલ્લાના મુસ્લીમ સમાજ દ્વારા નોંધ લેવામાં આવી હતી. કોરોના ના કપરા કાળમાં જ્યારે મુસ્લીમ સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આ પ્રસંગ કુદરતી બક્ષિસ જેવો હતો. કોડીનાર તાલુકા અને શહેરના સર્વ સમાજના લોકો અને આગેવાનો દ્વારા પણ આ બાબતની સરાહના કરવામાં આવી હતી.

# કોડીનાર આયોજક આબિદ શેખ, મીમ એકતા ટ્રસ્ટ દ્વારા પ્રજાસતાક પર્વ કાર્યક્રમ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૭

મીમ એકતા ટ્રસ્ટ ના ટ્રસ્ટી તેમજ એક વિચાર એક ભારતના કાર્યકર્તા આબિદ શેખ તથા મીમ એકતા ટ્રસ્ટના સમસ્ત કાર્યકર્તાઓની જહેમતથી તેમજ શહેરના ઉના ઝાપા વિસ્તારમાં યુવાનો દ્વારા પ્રજાસતાક પર્વની ઉજવણી શહેરના સર્વ સમાજના લોકોની તેમજ સમગ્ર કોડીનાર તાલુકા અને શહેરના આગેવાનોની હાજરીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોડીનાર શહેરના અગ્રગણ્ય આગેવાનો, સામાજીક રાજકીય કાર્યકર્તાઓ તેમજ પદાધિકારી અને અધિકારી ઓ હાજર રહ્યા હતા. કોડીનારના યુવાનો દ્વારા આ કાર્યક્રમ રાષ્ટ્રીય એકતાની મિશાલ સમાન ગણાવી શકાય આ કાર્યક્રમાં કોડીનાર શહેરના લોકોની દેશભક્તિ તેમજ એકતાના દર્શન થાય છે. આ રાષ્ટ્રીય પર્વ નિમિતે કોડીનાર શહેરના અગ્રીમ પંકિતના સામાજિક કાર્યકર બસીર પટેલ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

# નગડલા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા પ્રજાસત્તાક પર્વની ઓનલાઈન ઉજવણી




ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૭

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા ના નગડલા ગામનો એક સરકારી શાળાનો આધુનિક પ્રયોગ ચર્ચાનો વિષય બન્યો હતો. 'શાળા બંધ છે પણ શિક્ષણ નહીં' આ પંક્તિ ગુજરાત પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોએ સિદ્ધ કરી છે કારણ કે હાલ કોરોનાની મહામારીને કારણે સમગ્ર દેશમાં શાળાઓ અને કોલેજો બંધ છે. ઓનલાઈન વર્ચ્યુઅલ કલાસ, કોડીનાર તાલુકાના છેવાડામાં આવેલી શ્રી નગડલા પ્રાથમિક શાળામાં ૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી બાળકોએ ઓનલાઈન માઈક્રોસોફ્ટ એપમાં જોડાયને દેશભક્તિ ગીતો તેમજ વકૃત્વ સ્પર્ધા દ્વારા બાળકોએ શહીદવીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલી.પૂર્વસંધ્યાના આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફગણે ખૂબ જ જહેમત ઉઠવેલી. આ તકે કોડીનાર પ્રાથમિક શિક્ષણાધિકારી અભેસિંહભાઈ ડોડીયા તેમજ બી. આર.સી. જયાબેન ગોહિલ દ્વારા શાળાના આચાર્ય અનિલભાઈ મોરીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# કોડીનારમા ટીમેકસ ફાઉન્ડેશન દ્વારા પ્રજાસતાક દીનની અનોખી ઉજવણી




ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૭

કોડીનારમા ટીમેકસ ફાઉન્ડેશન ના યુવા વર્ગ ભેગા મળીને ઘરની અંદર ઘણા વધારાના બિન જરુરી કપડા ભેગા કરીને આ શિયાળામાં જરૂરયાત મંદ લોકોને કપડાં આપવામાં આવ્યા અને બધા લોકો એ ભેગા મળીને એક ફંડ ભેગું કર્યુ અને તેના દ્વારા ગરીબ લોકોને નાસ્તો કરાવામાં આવ્યો. કોડીનાર ના મુખ્ય સભ્ય સલીમભાઈ ના કહ્યા પ્રમાંણે ૫૦૦ જોડી કપડાં, પૌવા-બટેટા, બીસ્કીટ, ચોકલેટ, સેવ મમરા વગેરેનુ વિતરણ કરવામાં આવ્યું. આજનો યુવા વર્ગ માટે આ એક શીખભ્યુ ઉદાહરણ છે. ગીર સોમનાથ જિલ્લામાં સંસ્થાઓ વિવિધ હેતુઓથી સેવા કાર્ય કરે છે ત્યારે ટાઈમેક્સ ફાઉન્ડેશન કોડીનાર શાખા દ્વારા આ સેવા પ્રવૃત્તિ ખરેખર પ્રશંસનીય છે.

# ગાંગેચમાં યોજાયેલ નાઈટ વોલીબોલ સ્પર્ધામાં વેરાવળની ટીમ વિજેતા થઈ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા. ૨૭

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપડા તાલુકાના ગાગેથા મુકામે જિલ્લાકક્ષાની વોલીબોલ નાઈટ ટૂર્નામેન્ટમાં જિલ્લાની કુલ ૧૦ ટીમોએ ભાગ લીધેલ. જેમાથી ગીરગઢડા-A અને વેરાવળ-A ટીમ વચ્ચે પ્રથમ સેમીફાઈનલ અને કોડિનાર - A ટીમ અને વેરાવળ-B ટીમ વચ્ચે બીજી સેમી ફાઈનલ રમાઈ હતી જેમાંથી ગઢડાને અને કોડીનારનો સેમીફાઈનલમાં પરાજ્ય થતા વેરાવળ-A અને વેરાવળ-B વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં જિલ્લા કક્ષાની ફાઈનલ વિનર વેરાવળ છ થયેલ. જિલ્લા મહાસંઘના હોદેદારો અને આયોજક વતી બેસ્ટ નેટી ડી.કે.બારડ વેરાવળ અને બેસ્ટ શુટર ભાવસિંહભાઈ વાળા કોડીનારને કપ તાલુકાના હોદેદારો અને હસ્તે અપાયેલ અને રનર્સ અપ કપ તાલુકા/જીલ્લા ના અધિકારી અને વહીવટી સ્ટાફના હસ્તે વેરાવળ ટીમને કપ એનાયત કરેલ અને ફાઈનલ વિનર કપ જિલ્લા મહાસંઘના અધ્યક્ષ દિનેશભાઈ પરમાર જિલ્લા મહામંત્રી દેવાયતભાઈ ભોળા સંગઠન મંત્રી કિશોરભાઈ સોલંકી તેમજ જિલ્લા ટીમના હોદેદારો દ્વારા એનાયત કરવામાં આવેલા હતા.

તંત્રીસ્થાનેથી......

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી : ભાજપ માટે રામમંદિરનો મુદ્દો કેટલો અસરકારક?

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે અને પાર્ટીઓએ ઉમેદવારી પસંદગીની કવાયત શરૂ કરી દીધી છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા માટે ઇચ્છુક ઉમેદવારોને ચકાસવાનું શરૂ કરી દીધું છે. જેના ભાગરૂપે જે વ્યક્તિ ભાજપમાંથી ઉમેદવારી નોંધાવવા માગતી હોય તેમણે એક ફોર્મ ભરવાનું રહે છે. એ ફોર્મમાં વ્યક્તિની કેટલીક વિગતો ઉપરાંત ભાજપે રામજન્મભૂમિ તીર્થક્ષેત્રનિધિમાં યોગદાન આપ્યું છે કે નહીં તે પણ જણાવવાનું રહે છે. જેના પરથી સ્પષ્ટ સમજી શકાય છે કે આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ રામ મંદિરને મુદ્દો બનાવી પોતાના વિજય રથને આગળ વધારવા માંગે છે. જેમાં ભાજપમાંથી ઉમેદવારી કરવા ઈચ્છતા દાવેદારોએ ભરવાના થતા ફોર્મમાં જે-તે ઉમેદવારે જો નિધિમાં યોગદાન આપ્યું હોય તો એની વિગત પણ ભરવાની રહે છે. ઉમેદવારી નોંધાવવા માટે રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર નિધિમાં યોગદાન કેટલું જરૂરી છે તેના વિશે ભાજપ પ્રવક્તા જણાવે છે કે જ્યારે કોઈ ચૂંટણી આવતી હોય ત્યારે પાર્ટીના જે વર્તમાન કાર્યક્રમો ચાલતા હોય તેમાં કાર્યકર્તાની કેટલી સક્રિયતા છે એ જાણવા માટે આવી વિગતોનો ઉલ્લેખ કરવામાં આવે છે. અત્યારે રામમંદિરનો કાર્યક્રમ ચાલે છે તેમજ વિવિધ સરકારી યોજનાઓ ચાલે છે એમાં કાર્યકર્તાની કેટલી સક્રિયતા છે એ દેખાય એ માટે ફોર્મમાં એનો ઉલ્લેખ છે. એનો ઉદ્દેશ માત્ર કાર્યકર્તાની સક્રિયતા જાણવા માટે છે. જન્મભૂમિ તીર્થક્ષેત્ર માટે ફાળો આપ્યો કે નથી આપ્યો એ મહત્ત્વનું નથી. ઈચ્છુક ઉમેદવાર કેટલા લોકોને આ માટે મળ્યા કે સંપર્ક કર્યો એ મહત્ત્વનું છે, પરંતુ ભાજપના આ વાત પાછળ રહેલી વિચારધારા સમજી શકાય તેમ છે. વાત જો રામમંદિર માટે દાનની હોય તો માત્ર દાનના આધારે સક્રિયતા કેવી રીતે નક્કી થઈ શકે ? ભૂતકાળમાં ભાજપમાં આવા ફોર્મમાં રામ મંદિર વિશે કોઈ પ્રશ્ન પૂછાતો નહીં. તેનું એક કારણ એ પણ છે કે રામજન્મભૂમિ મંદિર નિર્માણનો કોઈ મુદ્દો હતો નહીં. હવે મંદિરનું ખાતમુહૂર્ત થઈ ગયું છે. જેને મુદ્દો બનાવી આ વખતે ભાજપ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જીત હાંસલ કરવા માંગે છે. આ અગાઉની ચૂંટણીઓમાં માત્ર મંદિર બનાવવાની વાતોથી ભાજપ વડાપ્રધાન પદ સુધી પહોંચવામાં સફળ રહ્યું છે જેથી હવે તો આ મુદ્દો સાર્થક થતો પણ જણાઈ રહ્યો છે ત્યારે પક્ષ આ મુદ્દાને જતો કેમ કરી શકે ?



યાકુબ બાદી
તંત્રી

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મુસ્લિમ વિસ્તારોમાં કોઈએ ઉમેદવારી નોંધાવવી હોય તો શું દાવેદારે આ પ્રકારે જ રામમંદિર સહિતની કૉલમવાળું ફોર્મ ભરવાનું રહેશે તેના જવાબમાં ભાજપ પ્રવક્તા જણાવે છે કે આમાં કોઈ એક કૉલમ કે લાઇનનું મહત્ત્વ નથી. બધું મળીને જ કોઈ કાર્યકર્તાની એક ઇમેજ જે છે એની સમજણ પડે છે, એની સક્રિયતા નક્કી થાય છે. એના આધારે પછી સંસંદીય બૉર્ડ નક્કી કરે છે. જો બે દાવેદારો શોર્ટલિસ્ટ થયા હોય અને તેમાંથી કોઈ એક દાવેદારે સરકારી યોજનાનો વધુ લાભ કરાવ્યો હોય તો એની નોંધ લેવાશે. રામમંદિર નિધિવાળો મુદ્દો ગૌણ બની જશે. તેથી આ સક્રિયતા જોવા પૂરતી જ પ્રક્રિયા છે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

# ‘Krossing ગર્લ’

રવિ વિરપરીયા

### પ્રકરણ ૫૦

“આજે છેલ્લી વાર રીંગણાનો ઓળો ખાઈ લ્યો છોકરાવ. હવે આવતાં શિયાળા સુધી ખાવા નહીં મળે.’’ મધુ માસી રોટલાં ટીપતાં બોલ્યા.

સાગર હાથમાં મોટો થેલો લઈને અંદર આવી રહ્યો હતો. એને મને ફોનમાં જમવા માટે ચાલ્યા જવાનું કહ્યું હતું.. પોતાને આવતાં વાર લાગશે પણ એ આવે ત્યાં સુધી રોકાવાની સૂચના આપેલી. હું પહોંચ્યો પછી ૧૦ મિનિટમાં પોતે પણ પહોંચી ગયો હતો. મને તેના પર ગુસ્સો આવ્યો.

“સાગર તું શું લઈને આવ્યો આમાં ? મધુ માસીએ પૂછ્યું.

“વ્હાલી માવડી તું નિરાંત રાખ. તને જ સહુથી પેલા ખવડાવીશ’’ સાગરે થેલામાંથી મોટો ડબ્બો કાઢ્યો. તેને પેકીંગ તોડ્યું. એ સફેદ ગોળમટોળ રસગુલ્લા હતાં. પરંતુ આમ અચાનક શા માટે લાવ્યો હશે?

તેણે ડબલું મધુ માસી પાસે લઈ જઈને કહ્યું ‘માઈ, મોઢું ખોલ તો જરા.’’ સાગરે મધુમાસીના મોં માં એક પછી એક ચાર રસગુલ્લા મુકી દીધા. પછી ભીખાભાઈ અને દીનાને પણ પ્રેમથી ખવડાવ્યા.

છેલ્લે મને ખવડાતાં બોલ્યો’’ કાનજી પટેલ અડધું ડબલું તારે જ ખાવાનું છે. તારા માટે જ ખાસ છે. આજે તારો જન્મદિવસ છે એનું સેલિબ્રેશન તો કરવું પડે ને !’’

"મને કીધું તો આના કરતાં તો હારા હું બનાવી દેત. થોડાંક ગળ્યાં છે. કાના આજે તારો જન્મદિવસ છે ? તે મને કાંઈ કીધું પણ નઈ. આપણે તને ભાવતી રસોઈ બનાવત. આમેય કોઈનો જન્મદિન હોય તો આયા એવો રિવાજ છે." મધુ માસીએ રોટલો ચોડવતાં કહ્યું.

“માસી મારો જન્મદિવસ નથી. હવે સાગરને મન થયું હશે. એ મારા નામે ચરી ખાય છે. તમને એની તો ખબર છે...!’’ મેં કહ્યું.

“સાગરને અઠવાડિયામાં આવી કંઈક નોંટકી કરવા જોઈએ નહીં તો તેને મજા ના આવે.’’ દિનો બોલ્યો.

“સાગર, હાચું બોલ શું છે આજે. અમસ્તો મારા કાના ને હેરાન કરે છે’’ મધુ માસીએ પૂછ્યું.

સાગર જમવા બેઠો પછી હસતાં હસતાં કહ્યું “આજે કાનાના ફર્સ્ટ બ્રૅકઅપનું સેલિબ્રેશન છે. મારી હામે ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી છોકરી સાથે ક્રશ થયો. બંનેએ ન્યુ કમર કપલની જેમ થોડા દી એન્જોય કર્યું. કાલે બંનેએ એકબીજાને પરમેનેન્ટલી ગુડ બાય કહી દીધું. આવટો મોટો પ્રસંગ છે તો સેલિબ્રેશન તો બનતા હે’’

મધુમાસી સિવાય એ ત્રણેય હસી પડ્યા. હું શરમાઈ ગયો. “સાગર અંગ્રેજીની એક બે ને તન....તને કેટલીવાર કીધું. હું હોવ ત્યારે તારે ગુજરાતીમાં બોલવું. મારે હવે ગલઢે ગઢપણ આ ઈંગરેજી ક્યાં શીખવા જાવું?’’ મધુમાસી તેને તાવીથો મારતાં બોલ્યાં.

“મારી મા આમાં કંઈ અઘરું નથી. કાનો અમારી હામે હૉસ્ટેલમાં રેતી એક છોરીને ગમી ગયો. બેય થોડા દી હારે રખડ્યા. મોજ મજા કરી પછી ઓલીનો સ્વાર્થ પૂરો થઈ ગયો. આની હારે પરાણે બાધી. પછી સંબંધ તોડી નાખ્યો. કાનો એની જેલમાંથી માંડ આઝાદ થયો એટલે આ દિવસ ધામધૂમથી ઉજવવો પડે.’ સાગર ફૂલ મસ્તીના મૂડમાં હતો.

‘તુ મરય ભમરારા, તારું નખ્ખોદ જાય. તું મારા ફૂલ જેવા છોકરાનો ઘરે રાખીને અવડે પાટે ચડાવે હે, આટલું બધું થઈ ગયું તોય તારે એનું મોઢું મીઠું કરવું છે. તને જાણ હતી કે છોરી ખરાબ છે તો આને એનાથી છેટો રાખીયે. તને કાંઈ ભાન પડે છે. તો આને ઈ પ્રેમમાં ચક્કરમાં કોઈ દિ લાગી આવ્યું ન કાંઈ કરી બેસશે. તે દિ મોઢું ડાચું ગબી જેવું થઈ જાહે’’ મધુમાસીએ મારા માથે પ્રેમથી હાથ ફેરવ્યો. આજે હું તેમની બાજુમાં બેઠો હતો “ક્રિષ્ના તું મૂંઝાતો નઈ. ઈ તો ગાંડી પાછીનો છે. ઈનામાં બુદ્ધિ જ નથી. અને આવા ટાણે ય ગમ્મત સૂઝે છે.’’

સાગર અને બધા મરક મરક હસવા માંડ્યા “ મારી માં જેવી વ્હાલી માસી તું સાવ ભોળી જ રઈ. તારામાં સાચ્ચે જ હવે નવા જમાનાની અક્કલ તો નઈ જ આવે’’ સાગર બોલ્યો.

માસીની લાલચોળ આંખોમાં ગુસ્સો વર્તાઈ આવતો હતો. તેના મનમાં બાજુવાળી છોરીનું ચિત્ર ઉપસી આવ્યું હશે. જાણે મારું બધું લૂંટાઈ ગયું હોય મને સાંત્વના દેવા લાગ્યા.

“મા, તું જેવું વિચારે છે. છોરીને એકવાર જે ગમી જાય એને પોતાનો ઘરવાળો કે પતિ માની લે હવે એવું કંઈ નથી. મારા ઘરે મહિનો રે’વા આવ એટલે બતાવી દઉં દુનિયા કેટલી આગળ વધી ગઈ છે. અમુક છોકરીઓ એકલી રહી જ ના શકતી હોય. અમુક બહેનપણીનું કોઈ હારે ચાલું છે. એની ઈર્ષાથી સળગીને આવા કોઈનો શિકાર કરે. કેટલીક તો એવી હોય જેના માટે કાના જેવા છોકરા ટાઈમપાસ વિશેષ કંઈ ના હોય, પેલીના હરવા-ફરવાના રુપિયા સાથે પોતાના શોખ પણ પૂરા થઈ જાય. માઈ હવે ભવ ભવના સાથીવાળો જમાનો ગયો. હવે એનાથી સારો છોકરો મળી જાય તોય સંબંધો તૂટતાં વાર નથી લાગતી. કાનાને એ છોરી હારે મેં જ ચાલુ કરાવ્યો હતો. ઈ પ્રેમના નામે ભોળવાઈ ના જાય અને કાંઈક ઘડાય. જે થયું તે આજે નહીં તો કાલે થવાનું જ હતુ. જેમ જન્મદિવસ ઉજવી એમ લાઈફમાં ફર્સ્ટ બ્રૅકઅપ થાય એનું સેલિબ્રેશન પણ થવું જ જોઈએ.’’ સાગરે મસમોટું ભાષણ આપ્યું.

“સાગર, તમારી પેઢી મને ક્યારેય નઈ હમજાય. છોકરીયું ગમે ઈ પેરે ઓઢે એનો કંઈ વાંધો ના હોય પણ આ પ્રેમના નામે જી વેવલાવડો અને દેખાડા કરે છે ઈમાં એના ખોરડાની લાજું નઈ લજવાતી હોય ? કોઈ છોરા છોરી એકબીજાને ગમે ઈમાં કોઈને કંઈ વાંધો ના હોય પણ કોઈ બગીચામાં કે રાતે રોડ કિનારે ખુલ્લમાં જે કરતાં હોયને ઈ જોઈને કોઈને પણ શરમ આવે. રેવાતું ના હોય તો પરણી જવાય. સાવ ઉઘાડે છોગમાં બાપની આબરૂ તો ના નિલામ કરો. મા બાપ તમને ગમતું કરવાની છૂટ આપે એટલે આ બધું કરવાનું. પ્રેમ તો અમારા જમાનામાં કરતાં છાને ખૂણે. આવા સંબંધ ય ઈ જમાનાની રાડું જેવી બાયું રાખતી. પન પ્રેમના નામે આવી રીતે હલકાઈનું પ્રદર્શન કરવાનું ઈ વળી ક્યાંના સંસ્કાર ?’’ મધુમાસી લોટ કહણતાં બોલ્યે જતા હતા.

ચર્ચાએ મજાક મસ્તીમાંથી ગંભીર સ્વરૂપ પકડી લીધું હતું “માઈ જેને બધું જડતું હોય એને આની કાંઈ પડી ના હોય. પણ તમે કોઈને પાંજરામાં પૂરી રાખો. અને જેની જરૂર હોય ઈ બધાની એને ધરાર આભડછેટ રખાવો પછી શું થાય. એને તમે જે દી જંગલમાં ખુલ્લો મુકો તે દી બાવાના બેય બગડે. એક તો ખાઉધરાની જેમ સતત ખાધા કરે. આવું કોય દી જોયું તો ના હોય? ને બેફામ રખડવા મળે એટલે જે કામ આવ્યો હોય ઈ સાઈડમાં રહી જાય અને છોકરીઓના અવડે પાટે ચડી જાય.

ગામડાં કે નાના શહેરોમાંથી જેટલા પણ છોકરા ભણવા આવે છે. ઈ બધાની આ તકલીફ છે. જે દિવસે આ સંબંધો ઉંમર સહજ સામાન્ય ગણાશે તે દિ કંઈક ફેર પડશે. બાકી આ ઉંમર જ એવી હોય છે. પસ્તાવો થાય ત્યારે ખબર પડે ખોટું કામ થઈ ગયું. ગામડામાં તો ઈ થી વધુ છે. પણ ત્યાં બધુ છાને ખૂણે થાતું હોય એટલે પાપ જે’દિ છાપરે ચડીને પોકારે તે દિ’જ ખબર પડે." સાગર સમજાવતો બોલ્યો.

“દિકરા તમારે સમજવાનું હવે ... અમારો તો ભવ પૂરો થયો. એકવાર જીભમાંથી વેણ સરી પડે એ વચન ખાતર આખી જિંદગી કાઢી નાખ્યાના દાખલાં છે. આયરાણી કે મેરાણીના ઈતિહાસ વાંચજે કોક દી તે દહાડે ખબર પડશે. બાયુ અંદરથી કેટલી મજબૂત હોય.’’ મધુમાસી રોટલો ટીપી રહ્યા હતા.

“પણ મા આ વચનના જોરે આખી જિંદગી રીબાઈ રીબાઈને કાઢવી કેટલી વાજબી ? તમારો ધણી મરી જાય એટલે શું તમારી આખી જિંદગી કાળા સાડલામાં કાઢી નાખવાની. મનના જે ઓરતાં હોય એ એક ખૂણે ઢરબી દેવાના. આ ક્યાંનો ન્યાય ?’’ સાગરે પૂછ્યું.

“સાગર ઈ બધું હમજવાનું તારું હજુ ગજુ નથી. ઈ માટે બાયમાણા થાવું પડે. તો તને ભાયડો હું ને પોતાના છોકરા હું હોય એની કિંમત સમજાય. બાયુ ધણી વગર આખો ભવ કાઢી નાખે તો ય એના પેટનું પાણી ના હલે. આવી કોઈ બાઈના મોઢાની ખુમારી કે સતનું તેજ જોઈ લે જે. સતી એમ નમ ના પાકે. બાયુના મનનો તાગ ના મળે. જે જીવને નવ મહિના પોતાના પેટમાં સાચવી શકે ને ઈ ધારે ઈ કરી હકે. પણ ઈ ખુમારી માં આખું જીવતર હોમાઈ જાય.

સાગરે ખાલી એટલું જ કહ્યું “તારી જેમ જ ને માઈ.!

આ સાંભળી મધુમાસીના ચહેરાનું તેજ પોતાનો જન્મારો સફળ થયો હોય એમ તગતગી ઉઠ્યું.

મેં મારી આજ સુધીની જિંદગીમાં સ્ત્રી ઓ જે જાણ્યું, શીખ્યું કે અનુભવ્યું. એ બધાથી વધુ સમજ આજે મધુ માસીની વાતો આપી ગઈ.

★ ★ ★ ★ ★ ★

અમારા બ્રેકઅપ પછી મે ઈશિતાને ક્યારેય બાલ્કનીમાં જોઈ નહોતી. હૉસ્ટેલની ઘણી છોકરીઓ સાથે સ્માઈલની આપ-લે ના ક્યારેક ગૅટ પાસે મસ્તી મજાકના સંબંધો વિકસી ચૂકયા હતા. મારામાં નંદિનીને નગ્ન જોયા પછી, પારિજાતની ગજબનાક સુંદરતામાં ખોવાયા પછી સ્ત્રી પ્રત્યેની દૃષ્ટિકોણ અને આકર્ષણમાં ગજબનાક પરિવર્તન આવી રહ્યું હતું. વાઈના મેમ સાથેનો એ ટાસ્ક મને સ્ત્રી ના મનોજગતના ઘણાં ફીલિંગ વેવ્સ સમજાવી ગયો હતો. મીરા એ સમજમાં ઔર વધારો કરતી. મારું તેના પ્રત્યેનું આકર્ષણ વધતું જતું હતું. દિવસે ને દિવસે અમારા બંનેનું બોન્ડિંગ વધુ મજબુત થઈ રહ્યું હતું. પણ મેં દાદાજી કહેતાં તેમ તેની આંખોમાં મારા માટે સ્પેશ્યલ ફ્રેન્ડ્સથી વધારે લાગણી ક્યારેય જોઈ નહોતી. એનો લવિંગ અને કેરિંગ નેચર મારા માટે કોયડો હતો ?

ઘરે નિયમિત વાત થતી. ગીતાનું પ્રેમ પ્રકરણ દાદાજીની છત્રછાયા હેઠળ સલામત હતું. ગીતા પાસે છ મહિના જેટલો જ સમય હતો. તેની આ લવ લાઈફનું પરિણામ નક્કી કરવા માટે. કારણ કે અત્યારથી તેના લગ્ન માટે માંગા આવવા માંડ્યા હતા.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૮-૦૧-૨૦૨૧, ગુરૂવાર, પોષ સુદ-૧૫, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૩૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ અશ્વિની

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૨-૩૮થી ૧૩-૨૨ સુધી, ૭-૨૯થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૭થી ચલ-લાભ-અમૃત-૧૫-૪૫ સુધી, ૧૭-૦૮ થી શુભ-અમૃત-ચલ-૨૧-૪૫ સુધી

**- શુભ હોરા-**

૭-૨૯ થી ૮-૨૪ સુધી ૧૦-૧૪થી ૧૨-૫૯ સુધી, ૧૩-૫૫ થી ૧૪-૫૦ સુધી, ૧૬-૪૦થી ૧૯-૩૬ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- મિત્રોની સલાહને ધ્યાનમાં લેજો જો કે નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી સીઝનલ ધંધામાં લાભ મેળવશો.

» વૃષભ(બ.વ.ઉ.) :- અધીકારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય વિદેશ સાથેના વ્યવસાવમાં અનુકુળતા રહેવાની પ્રવાસ થાય.

» મિથુન(ક.છ.ઘ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી ભાઈ-બહેનો સાથેના સંબંધોમાં સુમેળ વધવાનો સંસ્થાના કાર્યને લઈને મુસાફરી થાય.

» કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યો તમારી ખુશમાં આવેલ થશે ઉત્સાહ વધવાનો નવી યોજનામાં તમારી મહેનતનું ફળ મળવાનું.

» સિંહ(મ.ટ.) :- જમીન-મકાનના કાર્યમાં સફળતા મળવાની કર્જમાં રાહ થવાની અધિકારી વર્ગ તમારા કાયૃથી ખુશ થશે.

» કન્યા(પ.ઠ.ણ.) :- તમારા નિર્ણયો યોગ્ય છે કે કેમ? તે બાબત વિચાર કરજો વિદેશથી નાણાકીય લાભ મળે સ્વાસ્થ્ય જાળવવું.

» તુલા(ર.ત.) :- મન પરનો ભાર હળવો થવાનો આત્મ વિશ્વાસ વધે. નવી મિત્રતા લાભ દાયક રહેશે. ગુસ્સને કાબુમાં રાખજો.

» વૃશ્ચિક(ન.ય.) :- અંધ શ્રધ્ધાથી દૂર રહેજો તમો ખૂબ જ મહેનત કરો છો તેનુ ફળ તમોને મળવાનું છે. કર્જમાં રાહત રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- તમારી જવાબદારીઓ વધવાની જુના કર્જના પ્રશ્નોને ધ્યાનમાં રાખજો. સ્વાસ્થ્ય બાબત સુધારો રહે.

» મકર(ખ.જ.) :- નિર્ણયો લેવામાં અનુકુળતા રહેશે. નોકરીમાં સારી તક ઉભી થાય કાર્યભાર રહે. કાલ્પનીક વિચારો ટાળવા.

» કુંભ(ગ.શ.સ.) :- આર્થિક બાબતોમાં અનુકુળતા જોવા મળે. વાંચન પ્રત્યે રૂચી વધવાની આત્મ વિશ્વાસ વધવાનો પ્રવાસનું આયોજન થાય.

» મીન(દ.ચ.ઝ.) :- તબીયત બાબત ધ્યાન દેજો ભાગીદારોને સહકાર દેવો પ્રવાસમાં સાવધાની રાખવી વડીલ વર્ગની સલાહ લેજો.

# માસ્કના નામે લેવાતો તોતિંગ દંડ ખરેખર કેટલો વ્યાજબી?





નેલ્સન પરમાર
‘જાગતે રહો’

કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે માસ્ક પહેરાવું જોઈએ, પણ હવે એના માટે અઢળક દંડ કરી સામાન્ય લોકોને જ હેરાન કરવા એ કેટલું વ્યાજબી કહેવાય? સરકારે બહાર પાડેલા દંડમાં માસ્ક ન પહેરવાનો દંડ ૧૦૦૦ રૂપીયા છે. અને એ બિલકુલ ગેરવ્યાજબી છે એમ કહી શકાય કે, એમ લાગે છે કે, ફક્ત સામાન્ય જનતાને જબરજસ્તી લૂંટવા માટે જ આ દંડની ઉઘરાણી કરવામાં આવે છે. તમે જતાં હોય અને સામાન્ય નાકની નીચે માસ્ક હોય તોય દંડ ઉઘરાવી લેવામાં આવે છે. ’યે ક્યાં બાત હુએ ભય? એની સામે શરુઆત થી જ આપણાં લોક લાડીલા નેતાઓ કોરોના ગાઈડલાઈનની ધજીયા ઉડાડી ને બધાં જ કાર્યક્રમ કર્યા છે ત્યાં એકપણ રૂપીયો લેવામા આવ્યો હોય તો બતાવો? એકપણ નેતા પર કાર્યવાહી કરી હોય તો જણાવો? આવી રેલીઓ, અને સભાઓમાં તો ખુદ પોલીસે પ્રોટેક્શન આપ્યું છે. નિયમોની ઐસીતૈસી પોતાની સગી આંખે જોયું જ છે તોય કોઈ કાર્યવાહી થઈ હોય તો બતાવો? કોરોના ફક્ત સામાન્ય લોકોને જ લાગી જાય છે એટલે ડરાવી ધમકાવી ને પણ એમની પાસે કરોડો રૂપિયાની ઉઘરાણી કરી લીધી છે. પાછું આમાં પણ લાગવગ, પોલીસ, મીડીયા કર્મી, વકીલો, ઓળખાણ વાળા, નેતાઓ, અને નામકિંત વ્યક્તિઓને કોરોના નથી થતો એટલે એમની પાસે માસ્કનો દંડ નથી લીધો, ઘણીવાર નજરોનજર આ નજરો જોવાનો લાહો મળ્યો છે કે, આવા લોકોને પકડીને પણ છોડી મુક્યા છે. ગુજરાત પોલીસ એટલી જ વફાદાર હોય જનતા પ્રત્યે તો એકવાર સી.આર પાટીલ અને એ સભામાં હાજર બધા નેતાઓ પાસેથી પાસેથી દંડ ઉઘરાણી કરી બતાવે, છેલ્લી સુરત મા થયેલી સભાના ફોટો હું આપુ? છે એવી હિંમત કે ઈમાનદારી? લૂંટવાની મજા તો સામાન્ય જનતાને જ આવતી હશે નહી?

● શું ફક્ત માસ્ક પહેરવાથી જ કોરોનાથી બચી શકાય છે? પોલીસ જ્યારે દંડ ઉઘરાણી કરે છે ત્યારે ના તો એ પોતે સોશીયલ ડિસ્ટન્સ જાળવતી હોય છે ના તો એમના કર્મચારીઓને કહેતી હોય છે. દંડ લેતી વખતે હાથ સેન્ટાઈઝ કરવામા આવતાં હોય એવું એકપણ જગ્યાએ જોયું નથી, જ્યારે એ પાવતી આપે અને આપણે પૈસા આપીએ ત્યારે શું એના પરથી વાયરસ ન ફેલાઈ? સરવાળે કહેવાનો મતલબ માસ્ક સિવાય બીજીકોઈ સાવચેતી રાખવામાં આવતી નથી? તો પછી આ માસ્ક નામે જ દંડ ઉઘરાવવાનું નાટક કેમ? શું કોઈ સાબિત કરી આપે કે ખાલી માસ્કથી જ કોરોનાથી બચી શકાય છે?

● માસ્ક વગર પકડાયેલા લોકો માટે સરકારની કોઈ ફરજ ખરી કે નહીં? જો ખરેખર દંડ કોરોના રોકવા માટે જ લેવાતો હોય તો પછી ૧૦૦૦ રૂપીયા લીધા પછી સારું દસ વીસ રુપિયાનું માસ્ક પણ સરકાર ન આપી શકે? કેમકે, ખરેખર દંડ લેવાનો હેતું તો કોરોના રોકવાનો જ છે ને? કે પછી ખાલી પૈસા બનાવાનો? ૧૦૦૦ રુપિયા લે છે, એની સામે સેન્ટાઈઝરની એક બોટલ અને થોડા માસ્ક આપ્યા હોય તો ખરેખર કહેવાય કે દંડ યોગ્ય છે અને કોરોના થી બચવા-બચાવવા માટે જ લેવાય છે. શું આમ થયુ?

● સામાન્ય જનતા સિવાય કેટલાં વકીલો, મિડીયાકર્મી, નેતાઓ, પોલીસ કર્મી પાસેથી દંડ ઉઘરાવવાનું કામ કર્યું છે એ એકવાર પોલીસ ડિપાર્ટમેન્ટ દિલ થી વિચારી લે તોય ઘણું. સાચું બોલજો આમા કોણ લૂંટાયા છે? રાજકીય પાર્ટીઓની રેલીઓ, સભાઓ, મેળવાળામાં ખરેખર આ બધાં નિયમોનું પાલન થયુ છે? તો પછી સામાન્ય જનતાને જ કેમ લૂંટવામાં આવી, સામાન્ય નાગરીકો આ સવાલ હજારો વાર ઉઠાવશે કોઈ જવાબ હોય તો આપો.

● મે લગભગ દસ એક ડૉક્ટર્સ પાસે માસ્ક વિશે અભિપ્રાય લીધો છે. આ ડોક્ટર્સના અભિપ્રાય પણ એકબીજા ડૉક્ટર સાથે મેચ નથી થતાં તો એમ ચોકકસ કેમનુ કહી શકાય કે માસ્ક કોરોના સામે રક્ષણ આપે જ છે? અને પાછી મહાનતા તો તો જુઓ આપણી કે કોઈપણ પ્રકારનું સાવ એટલે સાવ છેલ્લા લેવલનું માસ્ક હોય તોય પહેરો તો ચાલશે પણ પહેરો? હદ છે યાર કોરોના જાય ભાડમાં પણ તમે પોલીસથી બચવા માસ્ક પહેરો એમ? જે ખરેખર કોઈ ઉપયોગી ન હોય પણ તમારા ૧૦૦૦ રૂપીયા બચાવે છે. ડૉકટરર્સ પણ જણાવે છે કે, કોઈપણ વ્યક્તિ માટે ૨૪ કલાક માસ્ક પહેરી રાખવું શક્ય નથી જ, અને આપણી કોમન સેન્સ વાપરીએ તોય વિચારી શકાય કે, આ શક્ય નથી જ.

● આ શિયાળાની સિઝનમાં શરદી ખાસી જેવી અનેક બિમારીઓ હોય ત્યારે ૨૪ કલાક કેવી રીતે માસ્ક કોઈ પહેરી શકે? અને હા એય પાછું કોરોના હાઈ વે પર જ ફરતો હોય છે જે તમે જેવું બે સેકન્ડ માટેય માસ્ક નીચું કરો તો લાગી જાય અથવા તો ફેલાઈ જાય. ’વોટ અ કોમન સેન્સ’ ઘણાં ડૉકટર તો કહે છે કે ખુલ્લી હવા મળતી હોય ત્યાં માસ્કની જરુર રહેતી નથી, પરીવાર સાથે જતાં હોય, કે સિંગલ હોવ ત્યારે પણ માસ્કની જરુર હોતી નથી, મે જેટલાં ડૉકટરોને માસ્ક વિશે સવાલ કર્યા એમની એકવાત કહેવી કોમન છે કે, પોલીસ દ્વારા ઉઘરાણી કરવામાં આવતો દંડ એ ગેરવ્યાજબી જ છે.

● દંડની બીકે સરકારે લોકોને માસ્ક પહેરતાં તો કર્યા પણ, પણ એ માસ્કનો નિકાલ કેમ કરવો એ તો શીખવ્યું જ નહી, ઉપરથી માસ્કના દંડની બીકે લોકો એકનું એક માસ્ક અઠવાડિયા બે અઠવાડિયા સુધી ઉપયોગ કરતાં થયા છે. જે સરવાળે નુકશાનકારક જ છે. પણ આપણે શું? આપણાંને તો ૧૦૦૦ દંડ મળી જાય એટલે જનતા ભાડમાં જાય એવું વલણ કેમ સરકારનું? હાલ એ પરિસ્થિતિનૂ નિર્માણ થઈ ગયું છે કે, લોકો ફક્ત દંડ થી બચાવ માટે જ માસ્ક પહેરે છે.

● માસ્ક પહેરવાની જરૂર ખરેખર ક્યાં છે અને કોને છે. એ વાત માટે ડૉ. મનિષા પરમાર સાથે ચર્ચા કરી હતી જેમાં ડૉ. મનિષા પરમારે કેટલીંક બાબતો નીચે મુજબની જણાવી હતી.

માસ્ક કોને કોવિડ વિના પણ સામાન્ય દિવસોમાં ફરજિયાત પહેરવું જોઈએ તો હોસ્પિટલમાં કામ કરતી દરેક વ્યક્તિ જેમાં ડોકટર, નર્સ, વોર્ડબોય, વિદ્યાર્થીઓ અને હોસ્પિટલમાં કામ કરનાર દરેક વ્યક્તિ નો સમાવેશ થાય છે જેમણે માસ્ક પહેરવુ જોઈએ. કારણ કે કોવિડ સિવાય પણ ટી.બી. જેવા ગંભીર રોગોનું પહેલેથી આપડીમાં કે અસ્તિત્વ છે જ, હાલે ભલે ટી બી ની દવા શોધાઈ છે. પણ તે દવાઓ પણ આપડા લિવર વગેરે ને ગંભીર અસર કરે છે તેમજ ક્યારેક પ્રજોત્પાદન ની ક્ષમતા પણ ગુમાવવી પડે છે. એ માટે સિવિલ તેમજ અન્ય હોસ્પિટલ જે વિવિધ પ્રકાર ના દર્દીઓથી ખદબદતી હોય ત્યાં માસ્ક વિના ના જવું જોઈએ.

- પ્રદૂષણ થી બચવા માટે વાલવ વાડો માસ્ક પહેરવા હિતાવહ છે. અમદાવાદ જેવા મોટા શહેરો માં અને અન્ય મેટ્રો સિટી માં ( પ્રદૂષણ નું પ્રમાણ જોતા) પહેરવો હિતાવહ છે. જેથી ભવિષ્યમાં નાની ઉંમરમાં શ્વાસ જેવી બીમારી થી પીડાતા બચી શકાય. આ ઉપરાંત કોટન ફેકટરી, ચિનાઈ માટી તેમજ સિમેન્ટ ની ફેકટરી કે કપડાં નું મોટા પાયે ઉત્પાદન થતું હોય તેમજ અન્ય એવી જગ્યા એ માસ્ક પહેરવો જરૂરી છે કે જ્યાં સુક્ષ્મ રજકણો સતત શ્વાસ માં જઈ ફેફસા ની મોટી બીમારી આપી શકવાની સંભાવના હોય. આ સિવાય જો તમે ઓર્ગન ફેલ્યોર થી પીડાતા હોવ, કોઈ કારણસર રોગપરતિકારકશક્તિ ઘટાડવાની દવા લેતા હોવ, અન્ય મોટી શારીરિક વ્યાધિ થી પીડાતા હોવ કે પછી ફેફસા નો કોઈ ગંભીર રોગ હોય તો પોતાના શરીર માટે હંમેશા બહાર નીકળતી વખતે માસ્ક પહેરવું જરૂરી છે.

● કેવા માસ્ક પહેરવા?

સામાન્ય રીતે ટ્રીપલ લેયર માસ્ક પહેરવો હિતાવહ છે. જો તમે ઈન્ફેકટેડ વ્યક્તિ ના સતત સંપર્ક માં એવો છો તો ન્ન-૯૫ પહેરવું જરૂરી છે. જો કપડાં નું માસ્ક પહેરવાનું થાય તો જાડા કપડાં નું ડબલ લેયર નું માસ્ક પહેરવું જરૂરી છે. સ્ટ્રેચેબલ કાપડ નું માસ્ક પહેરવું નહિ કારણ કે, તે ઈન્ફેક્શન સામે રક્ષણ આપવામાં સક્ષમ નથી. માસ્ક વાપરવાની સાચી પદ્ધતિ એ છે કે, બહારથી આવ્યા બાદ તરત જ ડીસ્પોસ કરવું જરૂરી છે. વોશેબલ ને તરત ધોઈ નાખવું. પણ આપણે તો આમ કરતાં જ નથી લગભગ.

આભાર - નિહારીકા રવિયા આપણે તો ખાલી દંડની રકમથી બચવા જ પહેરીએ છીએ. પણ સાચી વાત એ પણ છે કે, જે માસ્ક આપણું રક્ષણ કરવા શક્ષમ છે. એ માસ્ક પહેરવા એ આપણાંને આર્થિક રીતે પરવડે એમ નથી. સામાન્ય જનતાનો તકલીફ પડે જ આ ખરીદી કરવામાં. ત્રિપલ લેયર માસ્ક અને ન્ન ૯૫ માં લેયર વધુ હોવાથી સલામતિ ખરી બાકી આ કાપડના માસ્કમાં પૂરું રિસ્ક હોય છે જે ફક્ત તમને પોલીસ ના દંડ થી જ બચાવે છે.

**PS** - સરકારે આ બધી બાબતોની જાગૃતિ ફેલાવાની જરુર છે નહી કે તોતીંગ દંડ કરી ફરજીયાત કરવાની. એમ કરવાથી તો સરવાળે સામાન્ય લોકોની મુશ્કેલીઓ વધશે જ એ નક્કી છે.

© નેલ્સન પરમાર
nelsonmit12@gmail.com

# મુંબઈમા નવા પાંચ સાયબર પોલિસ સ્ટેસનની શરૂઆત થઈ

### મુંબઈના ૯૪ પોલિસ મથકમા સ્વાગત કક્ષ શરૂ થયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૭

હવે પછી સાયબર ક્રાઈમ કરતા ગુનેગારોનું આવી બનશે,કારણકે મુબઈમા નવા પાંચ સાયબર ક્રાઈમ પોલિસ્ સ્ટેશનની શરૂઅત થઈ છે. ૨૬ જાન્યુઅરીએ મુખ્ય પ્રધાન ઉધ્ધવ ઠાકરે દ્વારા આ પોલિસ સ્ટેશનનું ઉધ્ધાટન કરવામા અવ્યુ હતુ. જો કે સાયબર ક્રાઈમ શોધી કાઢવા માટે અને આવા ગુનેગારોને પકડી પાડવા અધિકારીઓને સાયબર લોની જાણકારી તેમજ માર્ગદર્શન આપી ટ્રેનીંગ આપ્યા બાદ જ નિમણુંક કરવામા આવશે. આથી પૂરીપૂરી ક્ષમતાથી આ સાયબર પોલિસ સ્ટેશન ફંકશનમા આવતા થોડો સમય લાગશે તેમ સૂત્રોએ જણાવ્યુ હતુ. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમા વાઈટ કોલર માફિયા સાયબર ક્રાઈમ કરી રહ્યા છે અને નાગરિકો અનેક લોભામણી લાલચોમા આવી ભોગ બને છે તેથી દેશ પરદેશના સાયબર ગુનેગારોને પકડી પાડવા સાયબર પોલિસ સ્ટેશનની સંખ્યા વધારવામા અવી છે.

આ તમામ પોલિસ સ્ટેશન મુંબઈના પાંચ રિજનમા શરૂ કરવામા આવ્યા છે. આ તમામ પાંચ સાયબર પોલિસ સ્ટેશનનું મોનિટેરીંગ એડિશનલ પોલિસ કમિશ્નર કરશે જ્યારે કાયદા અને વ્યવસ્થા વિભાગના જોઈન્ટ પોલિસ કમિશ્નર તેનું સુપરવિઝન કરી જવાબદાર રહેશે.આ ઉપરાંત મુંબઈના ૯૪ પોલિસ સ્ટેશનમા સ્વાગત કક્ષ શરૂ કરવામા આવ્યા છે. મુંખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેના હસ્તે ડી.બી.માર્ગ પોલિસ સ્ટેશનમા શરૂઆત થઈ હતી. તે પ્રસંગે ગૃહ પ્રધાન અનિલ દેશમુખ, આદિત્ય ઠાકરે,અસ્લમ શેખ તેમાજ મુંબઈ પોલિસ કમિશ્નર પરમ બિર સિહ પણ ઉપસ્થિત રહ્યા હતા.અત્યાર સુધી પોલિસ સ્ટેશનના પગથિયા ચડતા નાગરિકોમા જે ડર હતો તે કાઢી અને પોલિસ સાથે મિત્રતાભર્યા વાતાવરણમા તેમની ફરિયાદ કરી શકે તે માટે આ પ્રકારના સ્વાગત કક્ષ શરૂ કરી ફરજ બજાવનારા પોલિસ કર્મચારીઓને વિશેષ તાલિમ આપવામા આવશે.

**એનસીબીની મોટી કાર્યવાહી : તપાસમાં અનેક મોટા નામો આવવાની સંભાવના**

# મુંબઈના ડ્રગ માફિયા મિની દાઉદ આરિફની ધરપકડ

ચક્રવાત ટીમ,મુંબઈ ૨૭

એનસીબીએ ડ્રગ રેકેટ મામલે મોટી કાર્યવાહી કરી છે. એનસીબીએ આરીફ ભુજવાલા નામના મુંબઈના ડ્રગ માફિયાની અને 'મિની દાઉદ' ની ધરપકડ કરી હતી. દક્ષિણ મુંબઈના ડોંગરી વિસ્તારમાં એનસીબીના છાપા દરમિયાન આરીફ ભુજવાલા ભાગી ગયો હતો. આખરે પોલીસે આરીફ ભુજવાને પકડ્વામા સફળતા મળી છે..ભુજવાલાની ડ્રગ લેબ અને ફેક્ટરીનો પર્દાફાશ થયો તે પછી જ મુંબઈમાં ડ્રગ માફિયાઓનું જોડાણ બહાર આવ્યું હતું. તો આરીફ ભુજવાલાની ધરપકડ બાદ ડ્રગ્સની દુનિયામાં ઘણા માફિયાઓ પણ એનસીબીના રડાર પર આવી ગયા છે. તે સામાન્ય દેખાય છે પરંતુ કોઈ એવું વિચારશે નહીં કે તે ડ્રગ્સની દુનિયાનો મોટો મહોરો હોય શકે છે. આરીફ ભુજવાલા. એક અઠવાડિયા અગાઉ, એનસીબીના ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેની ટીમે નવી મુંબઈના ઘનસોલીથી ડોન કરીમ લાલાના પૌત્ર ચિંકુ પઠાણને ધરપકડ કરી હતી. પઠાણની પૂછપરછમાં આરીફ ભુજવાલાનું નામ સામે આવ્યું હતું અને ત્યારબાદ એનસીબીએ એક ટુકડી બનાવી આરીફ ભુજવાલાની નૂર મંઝિલ બિલ્ડિંગમાં છાપો માર્યો હતો. આ પછી વિશ્વના સૌથી મોટા ડ્રગ માફિયાનું નામ બહાર આવતા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થયો છે. આરીફે તેના ઘરે ડ્રગ ફેક્ટરી લગાવી હતી. ત્યાંથી તે ભારત સહિત અન્ય ઘણા દેશોમાં ડ્રગ સપ્લાય કરતો હતો.



દરોડા દરમિયાન ભુજવાલાના ઘરેથી ૨ કરોડ ૧૮ લાખ રૂપિયા અને ૧૨ કિલો વિવિધ ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.. જો કે, છાપા દરમિયાન આરિફ બારીમાંથી કૂદીને નાસી ગયો હતો. ત્યારબાદ એનસીબીએ આરિફ સામે લુકઆઉટ નોટિસ ફટકારી હતી. છેલ્લા ૪ દિવસથી એનસીબીની ટીમ ભુજવાળાની શોધ કરી રહી હતી.. આખરે તે આજે રાયગડ જિલ્લાના માણગાંવમાંથી મળી આવ્યો હતો. તેથી, એનસીબીએ મોટી સફળતા પ્રાપ્ત કરી છે. એનસીબીની તપાસમાં બહાર આવ્યું છે કે આરીફ દુબઈમાં ડ્રગ માફિયા અને ડોન કૈલાસ રાજપૂત સાથે સીધો સંપર્કમાં હતો. ભુજવાલાના વિદેશ યાત્રાના રેકોર્ડની તપાસ કરતી વખતે એનસીબીએ કહ્યું કે તેણે દુબઈની બે વાર મુલાકાત લીધી હતી અને કૈલાસ રાજપૂતને મંળ્યો હતો.. છેલ્લા પાંચ વર્ષમાં આરીફ ભુજવાલાએ ડ્રગ્સ વેચીને કરોડો રૂપિયાની કમાણી કરી છે તે કમાણીની રકમ પોતાની પત્નીના નામે રાખી છે.. તેની સાથે કરોડો રૂપિયા અન્ડરવર્લ્ડ નેટવર્કને પણ આપવામાં આવ્યા છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ આરિફ ભુજવાલાની સંપત્તિ જપ્ત કરવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધી ભુજવાલાની ૪ લક્ઝરી કાર અને ૨ મોટર સાયકલો કબજે કરવામાં આવી છે અને ડોંગરીમાં તેના ઘરને સીલ કરી દેવામાં આવ્યું છે. આરીફની ધરપકડ બાદ દાઉદનું ડ્રગ સામ્રાજ્ય હચમચી ઉઠ્યું હતું. પરંતુ તેની તપાસમાં અનેક મોટા નામો છતા થાય તેવી સંભાવના છે. દુબઈમાં છુપાયેલા કૈલાસ રાજપૂત સામે પુરાવા મળતાની સાથે જ તેની સામે નવો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એનસીબી નજીકના ભવિષ્યમાં પણ તેની તપાસ કરશે. તેથી, એવું લાગે છે કે એનસીબી મુંબઈ અને વિદેશમાં ડ્રગ નેટવર્કને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# મુંબઈના જંબો કોવિડ સેન્ટરમાંથી વેન્ટીલેટર હોસ્પીટલોમાં મોકલાશે

### ફક્ત ૧૦ ટકા પેશન્ટો હાલમા સારવાર હેઠળ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૭

મુંબઈના જંમ્બો કોવિડ સેન્ટરમા હાલમા ફક્ત ૧૦ ટકા જેટલા પેશન્ટો સારવાર લઈ રહ્યા છે કારણકે મુંબઈમા દિવસે દિવસે કોવિડ ૧૯ના દરદીઓની સંખ્યામા ભારે ધટાડો થયો છે.આથી મહાપાલિકા દ્વારા આવા કોવિડ સેન્ટરમા હાલમા નકામા પડી રહેલા વેન્ટીલેટરને સિવિક હોસ્પીટલોમા જરૂરિયાત મુજબ મોકલી દેવામા આવે. મુંબઈ મહાપાલિકા દ્વારા હાલમા જંમ્બો કોવિડ સેન્ટરમા ૬૦૦ જેટલા વેન્ટીલેટર મૂકવામા અવ્યા છે.પરંતુ પેશન્ટોની સંખ્યા ઘટી જતા ફક્ત ૧૦ ટકા જેટલા ઉપયોગમા લેવામા આવે છે,આથી જે તે કોવિડ સેન્ટરના ડિનને આદેશ આપવામા આવ્યો છે કે જરૂર પૂરતા વેન્ટીલેટર રાખી બાકીના સ્થાનિક હોસ્પીટલમા મોકલી દેવામા આવે. કારણકે હવે આવી સ્થાનિક હોસ્પીટલમા નોન કોવિડ પેશન્ટની સારવાર શરૂ કરવામા આવી છે,આથી હોસ્પીટલોમા વેન્ટીલેટરની જરૂરિયાત ઉભી થઈ છે તેમ એડિશનલ મ્યુનિસીપલ કમિશ્નર સુરેશ કાકાણીએ જણાવ્યુ હતુ.જો કે જંમ્બો કોવિડના તમામ વેન્ટીલેટર શિફટ કરવામા નહિ આવે પરંતુ જે કોવિડ સેન્ટરમા હાલમા ઉપયોગમા ન લેવાતા વેન્ટીલેટરને જ શિફટ કરવામા આવશે જેથી પાલિકાની હોસ્પીટલમા કોવિડ સિવાયના રોગની સારવાર માટે દાખલ થયેલા દરદીઓની સારવાર યોગ્ય રીતે થઈ શકે.

# કલ્યાંણ નજીક રેલ્વે સ્લીપર એન્જિન પાટા પરથી ઉતરી જતા મજૂરનું મોત : બે ઘાયલ

### અંબરનાથ અને બદલાપુર વચ્ચે ટ્રેન વ્યવહાર ખોરવાયો, બહારગામની ટ્રેનો મોડી

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૭

આજે મળસ્કે બે વાગ્યા બાદ અંબરનાથ- બદલાપુર વચ્ચે બ્લોક દરમિયાન ટીઆરટી ટ્રેક મશીન પાટા પરથી ઉતરી પડતા એક મજૂરનું મૃત્યુ થયુ હતુ,જ્યારે બે જણ ઘાયલ થતા તેઓને હોસ્પીટલમા દાખલ કરવામા આવ્યા છે.અકસ્માતને લઈને અંબરનાથથી કરજત તરફની મધ્ય રેલ્વે બંધ કરી દેવામાં આવી હતી.જેને લઈ મુસાફરોને પરેશાની સહન કરવી પડી હતી. ટ્રેન વ્યવહાર



પૂર્વવત સવારના ૯.૪૦ વાગ્યા બાદ ચાલુ થયો છે. આજે સવારના કલ્યાણ નજીક અંબરનાથ - બદલાપુર વચ્ચે ૨.૦૫ વાગ્યાથી ૫.૧૦ દરમિયાન રેલ્વે ટ્રેકના સ્લીપર બદલવાનું તેમજ મેન્ટેનંન્સનું કામ હાથ ધરાયુ હતુ. ત્યારે આશરે ૩.૧૫ વાગે ટીઆરટી ટ્રેક મશીન પાટા પરથી ઉતરી પડતા તેમા ત્રણ મજૂરો મશીનમા ફસાઈ ગયા હતા.જેમાથી એક મજૂરનું મોત થયુ હતુ.જ્યારે અન્ય બે ઘાયલ મજૂરોને સારવાર માટે તાત્કાલિક હોસ્પીટલમા ખસેડવામા આવ્યા હતા. સ્લીપર એન્જિન પાટા પરથી ઉતરવાના કારણે અપ-ડાઉન ટ્રેનો અટકી ગઈ. હતી.અકસ્માતને લઈને ટ્રેન સર્વિસ અંબરનાથ-સીએસટી વચ્ચે તેમજ બદલાપુરથી કર્જત વચ્ચે ચાલુ કરવામા આવ્યો હતો.ટ્રેકના સમારકામ અને સ્લીપર એન્જીનને હટાવાયા બાદ કલાકો પછી સવારના ૯.૪૦ વાગે અંબરનાત -બદલાપુર વચ્ચે ટ્રેનો ફરી ચાલુ કરવામા આવી હતી.જેને લઈને લાંબા અંતરની ટ્રેનો મોડી દોડી રહી છે.સવારે ઘસારાના સમયે થયેલી આ દુર્ઘટનાને કારણે કામ પર જવા નીકળેલા લોકોને પારાવાર હાલાકી ભોગવવી પડી હતી,જો કે આ વિસ્તારમા એસટીએ તેની વધારાની બસો દોડાવી મુસાફરોની તકલીફ ઓછી કરવામા પ્રયત્ન કર્યો હતો.

## મુંબઈના પ્રેમીપંખીડામા વિવાદ થતા યુવકે ખાડીમા ઝંપલાવ્યુ



મુંબઈમા રહેતા ગાયત્રી ચૌહાણ અને તેના મિત્ર રવિ રેડ્ડી વચ્ચે વાશી ખાડી પાસે કોઈ બાબતે ઝઘડો થયો હતો અને ઉશ્કેરાટમા રવિએ ખાડીમા ઝંપલાવ્યુ દીધુ હતુ.આ જોઈ ગાયત્રીએ બુમાબુમ કરતા અહિથી પસાર થતા બીટ માર્શલે હકિકત જાણી સ્થાનિકોને જાણ કરતા સ્થાનિક માછીમારોએ બોટ લઈ જઈને ખાડીમા શોધ કરી ડૂબી રહેલા રવિને બચાવ્યો હતો.ત્યાર બાદ બંન્નેને પોલિસ સ્ટેશને લઈ જઈ તેમના માતા પિતાને બોલાવી સમજાવી સુપરત કરાવ્યા હતા.

# આવતી કાલથી મુંબઈની લોકલ પૂરી ક્ષમતાથી દોડશે

### પરંતુ સામાન્ય મુસાફરોએ હજી રાહ જોવી પડશે

ચક્વાત, ટીમ, મુંબઈ ૨૭

સ્થાનિક મુસાફરો માટે સારા સમાચાર છે. રેલ્વે વહીવટીતંત્રે હાલમાં દોડનારી મુંબઈ લોકલ ટ્રેનોની સંખ્યામાં વધારો કરીને વધુ લોકલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જો કે, સોશિયલ મીડિયા પર આ ગેરસમજ થઈ રહી છે અને ૨૯મી તારીખથી સામાન્ય લોકો માટે સ્થાનિક સેવા પણ શરૂ કરવામાં આવશે તેવો ફેલાવો થઈ રહ્યો છે. તેથી રેલ્વે પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે આ પ્રકારનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. હાલમાં, પશ્ચિમ અને મધ્ય રેલ્વે પર ૨૭૮૧ સ્થાનિક સેવાઓ ચલાવવામાં આવી રહી છે. ૨૯ જાન્યુઆરીથી તેને વધારીને ૨૯૮૫ લોકલ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેથી, મધ્ય રેલ્વે પર ચાલતી લોકલ ટ્રેનની



સંખ્યા ૧૫૮૦ થી વધારીને ૧૬૮૫ કરવામાં આવી છે. પશ્ચિમ રેલ્વે પર ૧૨૦૧ લોકલ ટ્રેન સેવામા વધારા સાથે હવે ૧૩૬૭ લોકલ ટ્રેન ચલાવવામાં આવશે. સ્થાનિકોમાં વધી રહેલી ભીડની સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રેલ્વે પ્રશાસને જણાવ્યું હતું. બીજી તરફ, પશ્ચિમ રેલ્વેનો એક પત્ર આજે સોશિયલ મીડિયા પર મેસેજ ફરતો હતો. ૨૯ મી તારીખથી સામાન્ય લોકો માટે સ્થાનિક સેવાઓ શરૂ કરવામાં આવશે તેમ જણાવાયું હતું. જોકે, રેલવે પ્રશાસને એક પરિપત્ર જારી કરીને જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલી મુસાફરો માટે જ સ્થાનિક સેવાઓ હશે. સામાન્ય મુસાફરોને લોકલ ટ્રેનમા પ્રવાશ માટ્તે કોઈ પરવાનગી આપવામા ન આવ્યાનું જણાવાયુ છે. અન્ય મુસાફરોને પણ સ્ટેશન પર ન આવવાની અપીલ કરી છે.

# જ્વેલર્સની દુકાનમાં બાકોરૂ પાડી એક કરોડ ૩૭ લાખ સોનાની ચોરીના કેસમા બે શખ્સોની ધરપકડ

ચક્વાત ટીમ, મુબઈ,૨૭

થાણામા વર્તક નગર પોલિસની હદમા શિવાઈ નગરમાં વરીમાતા ગોલ્ડ નામની જ્વેલરીની દુકાનમાં ૧૬ જાન્યુઆરીની રાત્રે ૨ થી ૨.૩૦ વાગ્યે ચોરી થઈ હતી, જેમાં એક કરોડ ૩૭ લાખની કિમતના સોનાના દાગીનાની ચોરી થઈ હતી.વર્તકનગર પોલિસે આ પ્રકરણે બે ચોરની ધરપકડ કરી છે. આ કિસ્સામાં, ચોરે ખૂબ ચતુરાઈથી આ ચોરી કરી છે પરપ્રાંતિય એક વ્યક્તિએ શિવાઈનગરમા વારીમાતા ગોલ્ડ નામની જ્વેલર્સની દુકાનની બાજુમાં એક દુકાન ફક્ત બે મહિના પહેલા ૨૮,૦૦૦/- મહિનાના દરે ભાડે લીધી હતી. પાટીલ નામના દુકાન માલિકે ભાડે લેનાર વ્યક્તિની કંઇ પણ



તપાસ કર્યા વિના તેને વધારે ભાડાની લાલચમા આપી હતી. ભાડે લેનારે ફળનો વ્યવસાય કરવા દુકાન ભાડે લીધી હતી. બે મહિનાનો સમય વિતી ગયા બાદ ગઈ કાલે રાત્રે બંન્ને દુકાન વચ્ચેની દિવાલમાં બાકોરૂ પાડ્યુ હતુ. તેમજ ફળની દુકાનમાથી જ્વેલર્સની દુકાનમા પ્રવેશી આશરે ૩ કિલો સોનાના દાગીના તેમજ રોકડની ચોરી કરી હતી.સવારના જ્વેલર્સની દુકાનના માલિકે શટર ખોલતા સઘળી હકિકત જાણવા મળતા પોલિસને જાણ કરી હતી.પોલિસે ગુનો નોંધી આરોપીની શોધ ચાલુ કરી હતી. નવી મુંબઈની એપીએમસી પોલિસે ઝારખંડમા રહેતા બે આરોપીઓ રાહુલ અબ્દુલ મજીદ શેખ અને સાહેબ અકબર શેખ બંન્નેની ધરપકડ કરી વર્તકનગર પોલિસને હવાલે કર્યા છે.પોલિસે તેઓ પાસેથી ૩ લાખ ૬૭ હજારની કિમતના સોનાના દાગીના જપ્ત કર્યા છે. આ જ પ્રમાણે કેટલાક વર્ષ પહેલા વિરાર પશ્રિમમા જ્વેલર્સની બાજુની દુકાન ફળ વેચવા માટે લઈ બાકોરૂ પાડી કરોડોની કિમતના સોનાના દાગીનાની ચોરી કરી હતી. ત્યારે પોલિસે ઝારખંડથી આરોપીઓની ધરપકડ કરી હતી.

## કપડા ઉપર સ્પર્શવુ યૌન હુમલો નથી: બૉમ્બે હાઈકોર્ટના ચુકાદા પર સુપ્રીમની રોક

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે બૉમ્બે હાઈકોર્ટના એ ચુકાદા પર રોક લગાવી દીધી છે જેમાં તેણે કહ્યુ હતુ કે કપડાની ઉપરથી યુવતીની બ્રેસ્ટને દબાવવી પોક્સો એક્ટ હેઠળ યૌન હુમલો નહિ માનવામાં આવે. બૉમ્બે હાઈકોર્ટના આ ચુકાદા સામે યુથ બાર એસોસિએશને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. બુધવારે સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસની અધ્યક્ષતાવાળી બેંચ સામે બૉમ્બે હાઈકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરીને એડવોકેટ જનરલે કહ્યુ કે આ ચુકાદો એક બહુ ખોટુ ઉદાહરણ બનવાનુ છે. સુપ્રીમ કોર્ટએ આ ચુકાદા પર રોક લગાવીને અટૉર્ની જનરલ કેકે વેણુગોપાલને હાઈકોર્ટના આદેશ સામે અરજીની મંજૂરી આપી દીધી.

## કિશોર મન્યાલ દ્વારા ધ્વજવંદન



જાણીતા ઉદ્યોગપતિ અને સમાજસેવક કિશોર મન્યાલ દ્વારા ચીફ ગેસ્ટ તરીકે ખાર એજ્યુકેશન સોસાયટીની પયુપિલ્સ સ્કૂલ ખાતે ૨૬ જાન્યુઆરી નિમીત્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

**મુંબઈમા હવે જલેબી ફાફડા પછી રાસ ગરબા**

# શિવસેના સંઘટકના નેતૃત્વમાં સાત ફેબ્રુ.એ ગુજરાતીઓનો મલાડમાં મેળાવો થશે

### ૨૧ ઉધોગપતિ અને વેપારીઓ શિવસેનામા જોડાશે

ચક્વાત ટીમ, મુંબઈ ૨૭

આગામી ફેબ્રુઆરી ૨૦૨૨મા મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણી અત્યંત અલગ પરિસ્થિતિમા યોજાશે.મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે આપણી મુંબઈકરની પ્રતિભા સંભાળીને 'સર્વ ધર્મ સમભાવ' નીતિથી ઉત્કૃઠ કામ કરી રહ્યા છે.અને સંકટોનો સામનો તેમજ મહામારીનો સામનો કરી યશ મેળવ્યો છે.તે જોઈ વિરોધ પક્ષ અસ્વસ્થ થયો છે.અને મુંબઈ મહાનગરપાલિકાનો કબ્જો મેળવવા તલપાપડ થયો છે.શિવસેનાની દષ્ટિએ આ ચૂંટણી અત્યંત પ્રતિષ્ઠાની છે.આ પાર્શ્વભુમીથી શિવસેનાના બીજો મેળાવો રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહ,રાજેશ દોશી,જયંતિ મોદી, બિરેન લીંબચીયા,નગરસેવિકા રાજુલ પટેલ, સંધ્યા દોશી અને કલ્પેશ મહેતાએ રવિવાર તા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના સાંજે ૪ વાગે લેન્ડ માર્ક હોલ, સિલ્વર ઓક રેસ્ટોરંન્ટ ઉપર,ઈરઈ અગ્રવાલ બિઝનેસ સેન્ટર,કાચાપાડા, મલાડ પશ્રિમ મુંબઈ ૪૦૦૦૬૪ ખાતે ગુજરાતી મિત્રો માટે બીજો મેળાવડો આયોજીત કર્યો છે.આ મેળાવડામા ૨૧ ઉધોગપતિ અને વ્યાપારીઓને શિવસેનામા પ્રવેશ અપાશે. જલેબી ફાફડા -શિવવડા પાઉં પછી દાંડિયા રાસનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.મહામારીના નિયમોનું પાલન કરી સભાગૃહમા ૧૦૦ શિવસૈનિકોને પ્રવેશ અપાશે.સર્વોને વિનંતી કે માસ્ક પહેરીને સમયસર ઉપસ્થિત રહેવા રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહે વિનંતી કરી છે.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ, ૨૭

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૧૯૬૪ સોદામાં રૂ.૧૧૦૭૪.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં રહ્યું હતું. એનર્જીમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ, મેન્થા તેલ અને રબરમાં સુધારા સામે કપાસ અને કોટનમાં નરમાઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૫૭૨૧ સોદાઓમાં રૂ.૫૧૧૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૯૦૩ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૯૪૮ અને નીચામાં રૂ.૪૮૭૬૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૫૦ ઘટીને રૂ.૪૮૭૯૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૨૧૪ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૬૨ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૮ ઘટીને બંધમાં રૂ.૪૮૮૧૬ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૨૩૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૩૮૦ અને નીચામાં રૂ.૬૬૦૧૯ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૬૦ ઘટીને રૂ.૬૬૦૭૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૩૪ ઘટીને રૂ.૬૬૦૬૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૪૧૭ ઘટીને રૂ.૬૬૦૬૬ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૪૫૦૧ સોદાઓમાં રૂ.૨૪૮૫.૬૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૮૧ અને નીચામાં રૂ.૩૮૫૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬ વધીને રૂ.૩૮૬૫ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૯૬૦ સોદાઓમાં કુલ રૂ.૫૩૭.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૧૦ અને નીચામાં રૂ.૨૧૦૩૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ ઘટીને રૂ.૨૧૦૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૩૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ વધીને બંધમાં રૂ.૯૩૬.૮ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૮૧.૯ અને નીચામાં રૂ.૯૭૦.૫ રહી, અંતે રૂ.૯૭૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૦૯.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૦૯.૫ અને નીચામાં રૂ.૧૨૦૩ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૫૦ ઘટીને રૂ.૧૨૦૭ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૭૦૪૪ સોદાઓમાં કુલ રૂ.૨૯૭૬.૪૬ કરોડ ની કીમતનાં ૬૦૮૬.૨૬૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૮૬૭૭ સોદાઓમાં કુલ રૂ.૨૧૩૮.૪૧ કરોડ ની કીમતનાં ૩૨૩.૧૩૯ ટન, ક્રૂડ તેલમાં ૮૮૨૮ સોદાઓમાં રૂ.૪૮૫.૫૮ કરોડનાં ૧૨૫૫૦૦૦ બેરલ્સ, કોટનમાં ૪૧૦ સોદાઓમાં રૂ.૪૯.૫૨ કરોડનાં ૨૩૨૫૦ ગાંસડી, સીપીઓમાં ૩૪૮૭ સોદાઓમાં રૂ.૪૮૪.૭૭ કરોડનાં ૫૨૦૯૦ ટન, મેન્થા તેલમાં ૨૨ સોદાઓમાં રૂ.૨.૬૩ કરોડનાં ૨૭ ટન, કપાસમાં ૧૨ સોદાઓમાં રૂ.૨૮.૯૭ લાખનાં ૪૮ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૭૯૧૩.૯૬૬ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૩૨.૧૩૪ ટન, ક્રૂડ તેલમાં ૩૬૭૩ બેરલ્સ, કોટનમાં ૧૮૬૫૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૦૧૩૧૦ ટન, મેન્થા તેલમાં ૭૬.૬૮ ટન અને કપાસમાં ૨૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

# કંટેનર ચાલકે નિયંત્રણ ખોતા પાંચ વાહનો હડફેટે : કોઈ જાનહાની નહિ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૭

મુંબઈ-અમદાવાદ હાયવે પર ગુજરાત તરફની લાઇન પર પલટી થયેલ ટેમ્પોને ક્રેન વડે ટ્રાફિક પોલિસ દ્વારા ખસેડવાનું કામ ચાલુ હોવાથી હાયવે પર વાહનવ્યવહાર ધીમી ગતિએ ચાલુ હતો.તે દિશામાથી ફૂલ સ્પીડમા આવતા કંટેનર ચાલકે કાબુ ગુમાવતા પાંચ વાહનોને અડફેતા લેતા પ્રચંડ નુકશાન થયુ છે.નસિબજોગે કોઈ જાનહાની થઈ ન હતી. મંગળવારે સવારે ૯ વાગ્યાની અસપાસ મનોર પાસે હાયવે પર દુર્વેશ ખાતેના ટ્રાફિક પોલિસ વિભાગના પીએસઆઈ કોંડે તેમજ પોલિસ કર્મચારીઓ દ્વારા મુંબઈ-ગુજરાતના રસ્તા પર પલટી થયેલ ટેમ્પો ૈંઈમ્ની ક્રેઈન વડે ખસેડતા હતા.ત્યારે ત્રીજી લેન પર વાહન વ્યવહાર હીમી ગતિએ ચાલુ હતો.ત્યારે વાઘોબા મંદિર પાસે તે રસ્તા પર આવતા કંટેનરના ચાલક રાકેશકુમાર યાદવે વાહન પરનું નિયંત્રણ ખોતા એક પછી એક વચ્ચે આવેલ પાંચ વાહનોને અડફેટે લઈ ભારે નુકશાન પહોચાડ્યુ હતુ. અકસ્માતમા કોઈ ઘાયલ થયા ન હતા. મનોર પોલિસે કંટેનર ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કર્યો છે.

# પાસપોર્ટ ગુમ થતા સબંધીઓને મળવા પાકિસ્તાન ગયેલ ઔરંગાબાદની વૃધ્ધ મહિલા જેલમાં



ચક્વાત ટીમ, મુંબઈ ૨૭

૬૫ વર્ષીય હસીના બેગમ, જે ૧૮ વર્ષ પહેલા પાકિસ્તાનમા પતિના સબંધીઓને મળવા ગઈ હતી, તે આખરે ભારત પરત ફરી છે. જ્યારે તે ૧૮ વર્ષ પહેલા પાકિસ્તાન ગઈ ત્યારે તેણે લાહોરમાં પાસપોર્ટ ગુમ થઈ ગયો હતો. બાદમાં તેણીની પાકિસ્તાની અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને તે પાકિસ્તાનની જેલમાં ૧૮ વર્ષ માટે કોઈ પણ ગુના વિના રાખવામાં આવી હતી. હવે, ઘણા વર્ષો પછી, જ્યારે આ કેસ પ્રકાશમાં આવ્યો, ત્યારે ઔરંગાબાદ પોલીસે ફરિયાદ નોંધાવી અને અંતે હસીના બેગમ મંગળવારે પ્રજાસત્તાક દિવસે ભારત પરત આવી છે. ભારત પરત ફરતાં, સંબંધીઓ અને ઔરંગાબાદ પોલીસ અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. હસીના બેગમે કહ્યું કે, તે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં હતી. અને પોતાના દેશ પરત ફર્યા બાદ તેને શાંતિનો તેમજ સવર્ગમા હોવાનો અનુભવ થઈ રહ્યો છે. તેણીને જબરદસ્તીથી કોઈ પણ ગુના વિના પાકિસ્તાનમાં કેદ કરવામા આવી હતી.. તેના મામલે ઔરંગાબાદ પોલીસે પાકિસ્તાન પોલિસ પાસે રજૂ કરેલા પૂરાવા બદલ ઔરંગાબાદ પોલીસનો આભાર માન્યો છે. હસીના બેગમના સબંધી ખ્વાજા ઝૈનુદ્દીન ચિશ્તીએ ઔરંગાબાદ પોલીસને દેશ પાછા લાવવામાં મદદ કરવા બદલ તેમનો આભાર માન્યો. પોલીસના જણાવ્યા મુજબ ઔરંગાબાદના સિટી ચોક થાણે વિસ્તાર હેઠળ રાશિદપુરા વિસ્તારમાં રહેતી હસીના બેગમના લગ્ન દિલશાદ અહમદ સાથે થયા હતા. તે ઉત્તર પ્રદેશના સહારનપુરની રહેવાસી છે. પાકિસ્તાનની અદાલતમાં હસીના બેગમે દોષી નહીં હોવાની વિનંતી કરી હતી.. ત્યારબાદ કોર્ટે આ મામલાના મૂળમાં જઈને ભારતીય પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસ પાસેથી માહિતી મેળવી હતી. ઔરંગાબાદ પોલીસે પાકિસ્તાનને એવી માહિતી મોકલી હતી કે ઔરંગાબાદમાં સિટી ચોક પોલીસ સ્ટેશન હેઠળ બેગમના નામે એક મકાન નોંધાયેલું છે. ત્યારબાદ પાકિસ્તાને ગયા અઠવાડિયે બેગમને મુક્ત કરી હતી અને ભારતીય અધિકારીઓના હવાલે કરી હતી.

# પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જનરલ હોસ્પિટલના મીનાબહેન બારીયાનું સન્માન કરવામાં આવ્યું



ચક્વાત ટીમ લુણાવાડા, તા.૨૭

કોરોના મહામારીમાં ઉત્તમ કામગીરી કરવા બદલ કલેકટર આર.બી. બારડના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું પરંતુ કોરોના મહામારીમાં કોરોના દર્દીઓની સેવા કરવામાં વાર પ્રમાણે દિવાળી તથા ઉતરાયણ પર્વની ઉજવણી પ્રત્યે દર્દીઓની સેવા કરવામાં મુખ્ય સ્થાન મીનાબેન બારીઆએ તહેવાર પ્રમાણે દર્દીઓની સેવા કરવાનો ઉતમ કામગીરી સાથે મુખ્ય સ્થાન ધરાવતા મીનાબહેન બારીઆ આ પ્રસંગે જનરલ હોસ્પિટલમા તમામ સ્ટાફ ગણ પણ આનંદ ઉત્સાહમાં વધારો જોવા મળ્યો હતો આ પ્રસંગે જનરલ હોસ્પિટલમા મુખ્યત્વે કામગીરી કરવામા પણ પણ મીનાબહેન બારીઆને પ્રથમ સ્થાન આપવામાં આવે છે આ પ્રસંગે પ્રસુતિ હોય તેમજ કોરોના દર્દીઓની સેવા કરવામાં દરેક દર્દીઓ સાથે માન સન્માન સાથે સાથે સેવા ભાવી એમ.ડી. બારીઆ મહીસાગર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

# પંચાલ યુવા સંગઠન ગીરસોમનાથ દ્વારા વિશ્વકર્મા જન્મજયંતિની જાહેર રજા મંજૂર કરવા કલેકટરને આવેદન



ચક્વાત ટીમ વેરાવળ, તા.૨૭

એન્જીનીયરીંગ અને વાસ્તુકલાના દેવતા ભગવાન વિશ્વકર્માની જન્મજયંતી મહાસુંદ તેરસના દિવસે ધામધૂમથી ઉજવાય છે ભારત દેશ વિવિધતામાં એકતા નું પ્રતીક રહ્યો છે અને સર્વધર્મ સમભાવની ભાવના દરેક નાગરિકના દિલમાં વસેલી છે દરેક નાગરિકો ભારતદેસ અને વિવિધ રાજ્યોમાં અનેક વાર તહેવારો અને વિવિધ જન્મજયંતીઓ પર પુરા હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરે છે મહાસુંદ તેરસ એટલે ભગવાન વિશ્વકર્મા નો પ્રાગટય દિવસ વિશ્વકર્મા જન્મજયંતી ના દિવસે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવે છે જેમાં વિશ્વકર્મા સમાજ( પંચાલ.લુહાર,સુથાર,સોની, અને સોમપુરા) નાના મોટા ઉદ્યોગો સાથે જોડાયેલો ખૂબ મોટો વર્ગ, આ વિષેશ પૂજા અર્ચનામાં ભાગ લ્યે છે પરંતુ ભગવાન વિશ્વકર્મા જન્મ જયંતીની જાહેર રજા ન હોવાથી બેન્કિંગ , સરકારી કચેરીઓ, નાના મોટા કારખાનાઓ, ઉદ્યોગોમાં કામ કરતો મોટો વર્ગ પૂજા અર્ચના માં ભાગ લેવાથી વંચિત રહી જાય છે તો સરકાર ભગવાન વિશ્વકર્મા જન્મજયંતિની જાહેર રજા મંજુર કરે તે હેતુથી પંચાલ યુવા સંગઠન ગુજરાત પ્રદેશ ગિરસોમનાથ જિલ્લાના પ્રમુખ રાજેશ દાવડા, હરસુખ કવા, કમલેશ મકવાણા, ચીમન કવા,ભાવેશ મકવાણા અને મનીષ કવા સહિતના અગ્રણીઓએ ગીરસોમનાથ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ભગવાન વિશ્વકર્મા જન્મજયંતિની જાહેર રજા સરકાર મંજુર કરે તેવી માંગણી કરી હતી.

# અંબાજી મંદિરનું ડીઝલ કૌભાંડ આવ્યું બહાર : મોટા માથાનો બચાવ?



ચક્વાત ટીમ બનાસકાંઠા, તા.૨૭

શક્તિપીઠ અંબાજીમાં અંબાનું પ્રાચીન અને પૌરાણિક પીઠ તરીકે જગવિખ્યાત છે, વર્ષે દહાડે લાખો કરોડો માઈ ભક્તો માં અંબાના દર્શન કરવા આવે છે અને દર્શન કરીને ધન્યતા અનુભવે છે પણ અંબાજી ગામની પાયા ની સુવિધાઓ ઠેરની ઠેર છે ,કોરોના કહેર મા અંબાજી મંદિર ની આવક મા પણ ભારે ઘટાડો થયો છે બીજી તરફ અંબાજી મંદિરથી જી.પી. બ્રહ્મભટ્ટ ગયા બાદ કાયમી વહીવટદારની નિમણુંક કરવામાં આવી નથી જે ગંભીર બાબત છે, અંબાજી મંદિર ખાતે કાયમી વહીવટદારની નિમણુંક સરકાર તરફથી સમયસર ન થવાને લીધે અંબાજી મંદિર ટ્રસ્ટ માં ગેરરીતિની બૂમો અવારનવાર સાંભળવા મળતી હતી અને ૨૪ જાન્યુઆરીની પોલીસ ફરીયાદ એ આ બાબત ને સમર્થન આપ્યું છે ! પણ નવાઈની વાત એ છે કે આ ડીઝલ કૌભાંડમા મોટા માથા બચી ગયા છે તેવી ચર્ચા એ અંબાજી પંથક મા સાંભળવા મળી રહી છે. ૨૪ જાન્યુઆરી ૨૦૨૧ ની પોલીસ ફરીયાદ મા જણાવ્યા મુજબ ઓગસ્ટ ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦ સુધીના ગાળામાં અંબાજી મંદિર ની બે ફોર વિલ્હર ગાડીઓ અને જનરેટર માટે ૧૪૪૫ લીટર ડીઝલ જેની કુલ કિંમત ૧ લાખ ૧૨ હજાર ૭૩૮ રૂપિયા થાય છે ,અંબાજી મંદિર ટ્રસ્ટ ની ગાડી નંબર જીજે ૮ વી ૪૧૬૧ અને જીજે ૮ વી ૩૭૦૩ અને જનરેટર મા ૩૫ ડીઝલ બિલો ,ખોટા બિલો ,ખોટી સહીઓ કરી ટ્રસ્ટ ના ખોટા સિક્કાઓ લગાવી બિલો રજુ કર્યા હતા ,આ ડીઝલ કૌભાંડ મા ૨ આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે ,આ આરોપી એ ખોટા બિલો પાસ કરાવવા માટે વહીવટદાર કચેરી ખાતે મોકલી આપ્યા હતા જે બાબતે અંબાજી મંદિર ના વહીવટદાર એસ જે ચાવડા ને શંકા જતા તેમને બિલ ની ખરાઈ કરાવતા પેટ્રોલ પંપ ના બિલો અને પાવતીઓ મા શંકા લાગતા પેટ્રોલ પંપ ના સીસીટીવી ચેક કરાવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ૧૯૮૫ થી ટ્રસ્ટ માં પ્લમ્બર પમ્પમેંન ની નોકરી કરતા શંકરજી છેલ્લા ૨ વર્ષ થી ઈન્ચાર્જ હેડ વાયરમેન નો ચાર્જ સંભાળે છે તેમને આ ડીઝલ કૌભાંડ મા અંબાજી પોલીસ મથકે કાયદેસર ની પોલીસ ફરિયાદ નોંધાવી હતી જેમાં મુખ્ય આરોપી રાકેશભાઈ વીરાભાઈ રાઠોડ ચઅંબાજી મંદિર ટ્રસ્ટ નો કર્મચારી અને ભુરાભાઈ પાબુભાઈ બેગડીયા ચભવાની ઓટોમોબાઈલ્સ નો કર્મચારી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અંબાજી પોલીસે આ બે આરોપીઓ સામે કુલ ૭ કલમો લગાવી હતી જેમા ૪૦૬, ૪૦૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો હતો જેની તપાસ પી કે લીંબાચીયા ,પીએસઆઈ ચલાવી રહ્યા છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ડીઝલ કૌભાંડ બહાર આવતા માઈ ભક્તો ની આસ્થા ને ભારે ઠેસ પહોંચી છે ત્યારે દેવસ્થાન ટ્રસ્ટ તરફથી અંબાજી ના અન્ય પંપો થી ડીઝલ લેવું જોઈએ ,અંબાજી મા હાલ મા ઘણા પેટ્રોલ અને ડીઝલ પંપ આવેલા હોઈ ટ્રસ્ટ તરફથી હવે અન્ય પંપો થી ડીઝલ અને પેટ્રોલ લેવું જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે. અંબાજી મંદિર ગુજરાત નું સૌથી મોટું શક્તિપીઠ છે આ મંદિર નો વહીવટ સરકાર હસ્તક ચાલી રહ્યો છે વધુમા આ મંદિર ની કમિટી મા કલેક્ટર ,ડીએસપી સહીત ના મોટા મોટા અધિકારીઓ જોડાયેલા છે તો આ ડીઝલ કૌભાંડ ની તપાસ વિજિલન્સ ને સોંપવામાં આવે તો મોટા મોટા માથા ના નામ ચોક્કસ બહાર આવી જાય ,આટલું મોટું કૌભાંડ ચોથા વર્ગ ના કર્મચારી એકલા કઈ રીતે કરી શકે ? અંબાજી મંદિર ટ્રસ્ટ નો મોટાભાગ નો વહીવટ કોન્ટ્રાકટ પદ્ધતિ થી ચાલી રહ્યો છે અને કોઈ ગેરરીતિ કે કૌભાંડ કરે તો તેની સામે ખાતાકીય તપાસ થઈ સકતી નથી ,આ બાબતે સરકારે યોગ્ય પગલાં ભરે જેથી બીજીવાર કોઈ આવી ભૂલો ના કરે.

# પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હડીયાણા કન્યા શાળાના આચાર્ય મકવાણાનું સન્માન કરાયું



ચક્વાત ટીમ હડિયાણા, તા.૨૭

મામલતદાર કચેરી જોડિયા ખાતે ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ખુબ જ ધામધુમથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જોડિયા તાલુકાની હડિયાણા કન્યા શાળાના આચાર્ય અરવિંદ એન. મકવાણાનું કોરોના વૈશ્વિક મહામારી (COVID) સામેની લડાઈ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ તથા દિવસ-રાત જોયા વગર અને ઘર પરિવારની ચિંતા કર્યા વગર, શિક્ષણ ક્ષેત્રમાં સરકારની ફરજોનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું. સમાજના સ્વાસ્થ્યની ચિંતા અને ઉમદા ફરજ બજાવવા બદલ ઉપરાંત ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરના કેન્દ્રની માન્યતા મેળવનાર જામનગર જિલ્લાની પ્રથમ અને એકમાત્ર સરકારી પ્રાથમિક શાળાનું ગૌરવ શ્રી હડિયાણા કન્યા શાળાને અપાવવા બદલ જોડીયા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ આર વાળાના વરદ હસ્તે સન્માનપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. મામલતદાર જોડિયા, તાલુકા વિકાસ અધિકારી જોડિયા તથા TPEO જોડિયા દ્વારા મકવાણા અરવિંદ એન. ને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ.

# આબુરોડમા ખાનગી વાહનચાલકો પાસે ઉઘરાણા કરતો ધર્મેન્દ્ર પોલીસકર્મી કોણ?

ચક્વાત ટીમ બનાસકાંઠા, તા.૨૭

સમગ્ર દેશમાં ગૂજરાત કરતાં રાજસ્થાન પોલીસ ખૂબ કડક અને શિસ્ત વાળી હોય છે પરંતુ કયારેક કયારેક શિસ્ત વાળી પોલીસ મા કેટલાક કોન્સ્ટેબલો ને લઈને સમગ્ર પોલીસ વિભાગ બદનામ થાય છે. આવોજ કડવો અનુભવ અંબાજી મંદિર ના પુજારી ને ૨૬ જાન્યુઆરી ના બપોરે ૧:૩૦ વાગે આબુરોડ ખાતે થયો હતો જેમા પુજારી નો પરીવાર આબુરોડ સામાજીક કાર્ય થી પરત અંબાજી તરફ આવતા આબુરોડ સિટી પોલીસ ના કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર દ્વારા સ્વીફ્ટ ગાડી મા બેસેલ લોકો સાથે અશોભનીય વર્તન કર્યુ હતું અને આ કોન્સ્ટેબલ દ્વારા ૫૦૦ રૂપિયા લેવામાં આવ્યા હતા અને જણાવ્યુ હતું કે કોઈ પાવતી મળશે નહી અને બીજીવાર જેટલી વાર આવશો તેટલી વાર એન્ટ્રી આપવી પડશે, આ બાબત ની ગંભીરતા સમજી અંબાજી મંદિર ના પુજારી દ્વારા સિરોહી એસપી ને લેખિત ફરીયાદ કરવામાં આવી છે. અમારી પાસે ગાડી ના પૂરતા કાગળો હોવા છતા અમને એન્ટ્રી ના નામે અવારનવાર પરેશાની નો ભોગ બનવું પડે છે, ત્યારે ૨૬ જાન્યુઆરી ના દિવસે આબુરોડ સિટી પોલિસ સ્ટેશન ના કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર દ્વારા કારણ વગર વિષ્ણુ ટોકીઝ પાસે થી પસાર થતી અંબાજી મંદિર ના પુજારી ની સ્વીફ્ટ કાર ને ખોટી રીતે રોકી રાખવામાં આવી હતી ગાડીમા બેસેલા ચાર લોકો એ મોઢે માસ્ક પહેર્યું હતુ તેમ છતાં તેમની ગાડી જાહેર માર્ગ પર ૧૦ મિનિટ જેટલો સમય રોકીને હેરાન કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ ૫૦૦ રૂપિયા લઈને પાવતી આપ્યા વગર ગાડી જવા દેવામાં આવી હતી, શુ રાજસ્થાન પોલીસ આવા કોન્સ્ટેબલ પર કાયદેસરની કાર્યવાહી કરશે? અંબાજી મંદિર ના પુજારી એ જણાવ્યુ હતું કે અમે આ બાબતે સિરોહી એસપી અને આબુરોડ સિટી પોલિસ સ્ટેશન ના સી આઈ ને લેખિત ફરીયાદ કરીશું. જીજે - ૧૮ બી ડી ૫૯૬૨ નંબર ની સફેદ સ્વિફ્ટ કાર મા બેસેલા લોકો મોંઢે માસ્ક પહેરીને બેઠા હતા, આ કાર ના તમામ કાગળો અને લાયસન્સ હોવા છતા કેમ કારણ વગર રોકવામાં આવ્યાં અને ૫૦૦ રૂપિયા ની પાવતી કેમ આપવામા ન આવી તે બાબતે પુજારી દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવા જીલ્લા પોલીસવડા ને માંગ કરાઈ છે.

# ઉપલેટા પોલીસે ડુમીયાણી ટોલ પ્લાઝા પાસેથી ઝડપી પાડયો દારૂ-બિયરનો જથ્થો



ચક્વાત ટીમ ઈમરાનભાઈ, તા.૨૭

ઉપલેટા પોલીસ સ્ટેશન સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન કોન્સ્ટેબલ ગગુભાઈ ચારણ તથા વાસુદેવસિંહ જાડેજાને મળેલ સંયુક્ત બાતમીના આધારે રાજકોટ પોરબંદર નેશનલ હાઈવે ટોલનાકા પાસેથી ટાટા કંપનીનો ટ્રક જીજે-૦૩-ડબલ્યુ-૯૪૬૪ માંથી પોલીસને ૧૦૭ નંગ દારૂની બોટલ અને ૧૧૯ નંગ બિયર મળી આવેલ જે બાદ પોલીસે ૫૭,૪૩૫/- રૂપિયાનો દારૂ અને બિયર જથ્થો તેમજ ટાટા કંપનીનો ટ્રક કીમત ૫,૦૦,૦૦૦/- તથા એક મોબાઈલ કીમત રૂપિયા ૫,૦૦૦/- એમ મળી કુલ રૂપિયા ૫,૬૨,૪૩૫/- નો મુદ્દામાલ કબજે કરેલ છે. આ સાથે પોલીસે એક ઈસમ બસીરભાઈ કાસમભાઈ સમા રહેવાસી ઉપલેટા મોતીબજાર વાળાને ઝડપી પાડેલ છે જ્યારે અન્ય અનીશભાઈ ઓસ્માણભાઈ ચણા રહેવાસી ઉપલેટા તેમજ ઝાકીર ઉર્ફે જીપુડી જબ્બારભાઈ લંબા રહેવાસી ઉપલેટા આ બન્ને શખ્સોને પકડવાના બાકી હોય ઉપલેટા પોલીસે ગુનો નોંધી આ અંગેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અને ચક્ર ગતિમાન કર્યા. આ સમગ્ર કામગીરીમા ઉપલેટા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. જાડેજા, પી.એસ.આઈ. આર.એલ. ગોયલ, હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈ બોરીચા તથા અન્ય સ્ટાફ સહિતનાઓ દ્વારા આ સમગ્ર કામગીરી કરી.

# તલોદરા ગામના શખ્સે ગળેફાંસો ખાઈ જીવન ટુકાવ્યું

ચક્વાત ટીમ ઝઘડીયા, તા.૨૭

ઝઘડીયા તાલુકાના તલોદરા ગામનાં સુરેન્દ્રભાઈ સોમાભાઈ વસાવાએ કોઈ કારણોસર ગળેફાંસો ખાતાં તલોદરા ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું. ઝઘડીયા પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ ઝઘડીયા તાલુકાના તલોદરા ગામનો રહેવાસી સુરેન્દ્રભાઈ સોમાભાઈ વસાવાએ કોઈ કારણોસર તલોદરા ગામનાં તળાવની પાળે ઝાડની ડાળી સાથે સુતરાઉની દોરીથી ગળેફાંસો ખાતાં તલોદરા ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ ઘટનાંની જાણ ઝઘડીયા પોલીસ સ્ટેશનને થતાં ઝઘડીયા પોલીસ તલોદરા ગામે પહોચી ફાંસો ખાધેલી બીડીનો કબ્જે લઈ પી.એમ. માટે ખસેડી આગળ ની તપાસ હાથ ધરવામાં આવી.

# વેરાવળ મુસ્લીમ સમાજના મુખ્ય આગેવાનોની નગરપાલિકાની ચૂંટણી માટે ખાસ બેઠક યોજાઈ

## વર્તમાન નગરસેવકોથી લોકો ખૂબ નારાજ છે તેથી 'નો રિપીટ' થિયરી અપનાવે કોંગ્રેસ



૨૩ મી જાન્યુઆરી ૨૦૨૧ શનિવાર રાત્રે વેરાવળ મુસ્લિમ સમાજના પટેલો અને આગેવાનો ની એક ખાસ બેઠક નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં આવનાર નગરપાલિકા ની ચૂંટણી ને લઈને ગંભીર ચર્ચાઓ કરવામાં આવેલ હતી કારણ કે વર્ષોથી લઘુમતી વિસ્તારો માંથી જ કોંગ્રેસ ની વધુ બેઠકો આવે છે અને આ વિસ્તારો એ પ્રાથમિક સુવિધાઓ થી ખૂબ જ વંચીત છે. વર્ષોથી કોંગ્રેસ ના સિમ્બોલ પર ચૂંટાયેલા નગરસેવકો પોતાની અણઆવડત ના કારણે લઘુમતી વિસ્તાર નું વિકાસ કરવામાં પાછળ રહેલા છે વર્ષોથી આ વિસ્તારો મા રોડ, ગટર, પાણી અને અન્ય સુવિધાઓ અપાવવામાં નિષ્ફળ રહયા છે.જેથી આ બાબતનું લોકોમાં ખૂબ મોટાપાયે રોષ છે.અન્ય વિસ્તારો માં સરકારી સ્કુલ,આવાસ યોજનાઓ, કોમ્યુનીટી હોલ, બગીચાઓ, સરકારી દવાખાના અને રમત ગમત ના મેદાનો છે જ્યારે આ લઘુમતી વિસ્તારો મા આજે પણ પીવાના પાણીની પણ ખૂબ મોટી સમસ્યા છે. આ બેઠક મા સામુહિક નિર્ણય લેવાયું છે કે વર્તમાન કોંગ્રેસ ના એક પણ કાઉન્સેલર ને ફરી ટીકેટ આપવામાં ન આવે અને મુસ્લીમ સમાજ માંથી શિક્ષિત અને યુવા તેમજ આર્થિક અને સામાજીક રીતે મજબૂત ઉમેદવારો મેદાન મા ઉતારવામાં આવે તેવી રજૂઆત કોંગ્રેસ ના ઉચ્ચ હોદ્દેદાર અને સોમનાથ વિધાનસભા ના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા અને સઁગઠન ને રજૂઆત કરવામાં આવેલ છે અને જો આવું નહિ થાય તો મુસ્લિમ સમાજ કોંગ્રેસ સિવાયનું વિકલ્પ પસન્દ કરશે અને ચૂંટણીના મેદાન માં ઉમેદવારો ઉતારશે. આ તકે વેરાવળ મુસ્લીમ સમાજના ઉપ પ્રમુખ જાવીદભાઈ તાજવાણી, સફીભાઈ દલાલ, વલીશાહ બાપુ, હસનભાઈ કુરેશી,આલમિયા શેખ, ઈમરાનભાઈ રામશા, રફીકભાઈ મૌલાના,અફઝલ સર, ફારૂક પેરેડાઈઝ, હનીફભાઈ બાગરા, હનીફ મલેક, ભીખાભાઈ ઝાગા, મન્સૂરી ભાઈ તેમજ જુદા જુદા સમાજના પટેલો, આગેવાનો,સામાજીક કાર્યકરો અને યુવાનો જોડાયા હતા.

# ઘણાં વર્ષોથી ફરાર બે આરોપીઓને પકડી પાકડી ગીર સોમનાથ પોલીસ



ચક્વાત ટીમ ગીર સોમનાથ, તા.૨૭

બાર વર્ષથી અને ત્રણ વર્ષથી જુદા જુદા ગુનાઓના ફરાર બે આરોપીઓને ગીર સોમનાથ નાસતા ફરતા સ્કોડની ટીમએ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીએ ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપી લેવા નાસતા ફરતા સ્કોડને કાર્યરત કરી છે. આ સ્કોડના પીએસઆઈ આર. આર. ગરચર, સ્ટાફના સંજયભાઈ પરમાર, અરવિંદ પરસોતમભાઈ સહિતના ઉના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહેલ દરમ્યાન મળેલ બાતમીના આધારે ઉના બસ સ્ટેશન પાસેથી ફારૂક મમુદભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫) રહે. કાજીવાડાવાળા ને ઝડપી લીધો હતો. આરોપી ફારૂક સામે વાપી પોલીસમાં પ્રોહીબેશનનો ગુનો નોંધાયેલ હતો. જેમાં તે ત્રણ વર્ષથી ફરાર હતો તે પકડાય જતા વાપી પોલીસને જાણ કરવામાં આવી છે. જ્યારે જિલ્લાના સુત્રાપાડા પોલીસમાં નોંધાયેલ મારામારીના ગુનામાં ૧૨ વર્ષથી ફરાર રાજુ ગંગારામ મારવાડી રહે. ઘંટીયા (પ્રાચી) તા.સુત્રાપાડાવાળાને બાતમીના આધારે સ્કોડની ટીમએ તળાજા શહેરમાં રોયલ ચોકડી હનુમાન પરા પાસેથી ઝડપી લઈ સુત્રાપાડા પોલીસને જાણ કરવામાં આવી હતી.

## અંતિમ બોલમાં વિષ્ણુ સોલંકીની સિક્સથી બરોડા સૈયદ મુસ્તાક અલીની સેમિફાઈનલમાં



અમદાવાદ,તા.૨૭

બરોડાની ટીમે વર્લ્ડના સૌથી મોટા સ્ટેડિયમ મોટેરા, અમદાવાદ ખાતે દિલધડક ક્વાર્ટરફાઈનલ-ઉમાં હરિયાણાને ૮ વિકેટે હરાવી સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ૧૪૯ રનનો પીછો કરતા બરોડાને અંતિમ ઓવરમાં ૧૮, છેલ્લા ૩ બોલમાં ૧૫ રન અને અંતિમ બોલમાં ૫ રનની જરૂર હતી. ત્યારે હરિયાણાના સુમિત કુમારની બોલિંગમાં વિષ્ણુ સોલંકીએ સિક્સ, ફોર અને સિક્સ મારીને પોતાની બરોડાને સૈયદ મુસ્તાક અલી -૨૦ ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોચાડ્યું છે.

રનચેઝમાં બરોડાની શરૂઆત નબળી રહી હતી. તેમણે પ્રથમ ૩૩ બોલમાં ૩૩ રન કર્યા હતા અને સ્મિત પટેલની વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી કેદાર દેવધર અને સોલંકીએ બીજી વિકેટ માટે ૬૮ રનની ભાગીદારી કરી હતી. દેવધર ૪૩ રને આઉટ થયો હતો. જ્યારે વિષ્ણુ સોલંકીએ ૪૬ બોલમાં ૪ ફોર અને ૫ સિક્સની મદદથી અણનમ ૭૧ રન કર્યા.

છેલ્લા ૩ બોલમાં ૧૫ રનની જરૂર હતી, ત્યારે સોલંકીએ ૨૦મી ઓવરના ચોથા બોલમાં લોન્ગ-ઓન પર સિક્સ મારી. પાંચમાં બોલમાં થર્ડ મેન પર ફોર અને અંતિમ બોલે ૫ રનની જરૂર હતી, ત્યારે ડાઉન ધ ગ્રાઉન્ડ સિક્સ મારી.

ટોસ હાર્યા પછી પ્રથમ બેટિંગ કરતા હરિયાણાએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૪૮ રન કર્યા હતા. તેમના માટે એચ. રાણાએ ૪૯ અને શિવમ ચૌહાણે ૩૫ રન કર્યા. બરોડા માટે કે. કાર્તિકે ૨ વિકેટ, જ્યારે બી. પઠાણ અને અતીત શેઠે ૧-૧ વિકેટ ઝડપી.

## ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચ માટે અશ્વિન અને પૂજારાએ લગાવી મૂંછ મુંડાવવાની શરત

નવી દિલ્હી,તા.૨૭

ભારતીય ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને ટેસ્ટના મુખ્ય બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને ચેલેન્જ કરી છે. અશ્વિને પોતાની યુટ્યૂબ ચેનલ પર ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ વિક્રમ રાઠોર સાથે વાત કરતાં કહ્યું હતું કે "જો ઈંગ્લેન્ડ સામે ચેતેશ્વર અર્ધી પિચે આવીને સ્પિનર સામે હવામાં શોટ મારે તો હું અર્ધી મૂછ મૂંડાવી નાખીશ અને એ લૂક સાથે મેદાનમાં ઊતરીશ. આ મારા તરફથી ઓપન ચેલેન્જ છે. તમને લાગે છે કે ચેતેશ્વર આનો સ્વીકાર કરશે?" રાઠોરે હસતાં જવાબ આપ્યો કે



એ ક્યારેય આનો સ્વીકાર કરશે નહીં.

રાઠોરે પૂજારાનું ક્રિકેટિંગ લોજિક સમજાવતાં કહ્યું, મેં પૂજારાને પૂછ્યું છે કે- વિરોધી ટીમ બધા ફિલ્ડર ઉપર રાખે તોપણ તું ઓવર ધ ટોપ કેમ રમતો નથી? તું આમ કરીશ તો ફિલ્ડર પાછળ જતા રહેશે અને તું સરળતાથી સિંગલ લઈ શકીશ. તો ચેતેશ્વરે જવાબ આપ્યો કે જો ફિલ્ડર ઉપર હોય તો હું ગેપમાં મારીને ૨-૩ રન લઈ શકું છું, તેથી ઉપર નથી મારતો. પછી મેં તેને કહ્યું કે બરાબર છે. તારી રીતે રમવાનું ચાલુ રાખ.

રાઠોરે પૂજારાનાં વખાણ કરતાં કહ્યું, મને પૂજારાનો એટિટ્યૂડ બહુ ગમે છે. જે રીતે એ તૈયારી કરે છે એ કોઈપણ કોચનો ડ્રીમ ખેલાડી છે. તેનાં જેટલાં વખાણ કરવામાં આવે એ ઓછાં છે. ઓસ્ટ્રેલિયામાં તેણે શોર્ટ બોલનો બહુ સારી રીતે સામનો કર્યો અને જીતમાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

## ઘર આંગણે ટેસ્ટ સિરિઝમાં ભારત સિંહ : છેલ્લા ૧૦ વર્ષમાં માત્ર એક જ મહેમાન ટીમ વિજેતા

### ૨૦૧૨માં ઈંગ્લેન્ડે ૨-૧થી શ્રેણી જીતી હતી

ચેન્નાઈ,તા.૨૭

ઓસ્ટ્રેલિયા સામે તેના ઘરે ટેસ્ટ સીરિઝ જીત્યા બાદ હવે ભારતીય ટીમ પોતાના ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે ટકરાશે. ૫ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ૪ ટેસ્ટની આ સીરિઝમાં ભારત ફેવરિટ તરીકે મેદાને ઉતરશે. જોકે, ટીમ ઈન્ડિયાને ઘરઆંગણે છેલ્લા ૧૦ વર્ષમાં કોઈએ ટેસ્ટ સીરિઝમાં હરાવ્યું હોય તો ઈંગ્લેન્ડ છે. આ દરમિયાન તેમણે ભારતને સૌથી વધુ વખત માત આપી છે. ૨૦૧૨માં ઈંગ્લેન્ડે ભારતમાં રમાયેલી ચાર ટેસ્ટ મેચની શ્રેણીમાં ટીમ ઈન્ડિયાને ૨-૧થી હરાવી હતી. તે શ્રેણીમાં ભારતે અમદાવાદમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ જીતી હતી. આ પછી, ઈંગ્લેન્ડે મુંબઈ અને કોલકાતા ટેસ્ટ જીતીને લીડ લીધી હતી. નાગપુરમાં છેલ્લી ટેસ્ટ મેચ ડ્રો રહી હતી.

ઈંગ્લેન્ડની ટીમે છેલ્લા ૧૦ વર્ષમાં ટીમ ઈન્ડિયાને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વખત માત આપી છે. આ દરમિયાન, બંને ટીમો વચ્ચે ૨૩ ટેસ્ટ રમાઈ છે. તેમાંથી ભારતે ૭ જીતી છે. તે જ સમયે, ઈંગ્લેન્ડે ૧૩માં જીત મેળવી છે. ૩ ટેસ્ટ ડ્રો રહી છે. આ સમયગાળામાં ઈંગ્લેન્ડની એકમાત્ર ટીમ હતી જેણે ભારત સામેની હાર્યા કરતા વધુ મેચ જીતી છે. આ ૧૦ વર્ષમાં, ભારતીય ધરતી પર બંને ટીમો વચ્ચે ૯ મેચ રમાઈ છે. આમાં ભારતે ૫ અને ઈંગ્લેન્ડે ૨ મેચ જીતી હતી. ૨ મેચ ડ્રો રહી હતી.

ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામે ૨૦૧૬માં ઘરઆંગણે ૫ ટેસ્ટની શ્રેણી ૪-૦થી જીતી હતી. રાજકોટમાં પ્રથમ ટેસ્ટ મેચ ડ્રો રહી હતી. આ પછી ભારત વિશાખાપટ્ટનમ, મોહાલી, મુંબઈ અને ચેન્નાઈમાં ટેસ્ટ જીત્યું હતું. આ સાથે ટીમ ઈન્ડિયાએ ૨૦૧૨ની હારનો બદલો લીધો હતો.

## BCCI અધ્યક્ષ સૌરવ ગાંગૂલીને ફરી હોસ્પિટલમાં દાખલ કરાયા

નવી દિલ્હી,તા.૨૭

ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ના અધ્યક્ષ સૌરવ ગાંગુલીની તબિયત ફરી બગડી છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાંગુલીએ ફરીથી છાતીમાં દુખાવાની ફરિયાદ કરી છે. તેમને તાત્કાલિક અપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અગાઉ ૨ જાન્યુઆરીએ તેમને હાર્ટ-અટેક આવ્યા પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૭ જાન્યુઆરીએ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને ૨ જાન્યુઆરીએ હાર્ટ-અટેક આવ્યો હતો. ત્યાર બાદ તેમને કોલકાતાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તેમની એન્જિયોપ્લાસ્ટી સર્જરી થઈ હતી. તેમના હૃદયમાં ૨ બ્લોકેજ હતા. ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ હોસ્પિટલ જઈ ગાંગુલીના ખબરઅંતર પૂછ્યા હતા.

ક્રિકેટ જર્નલિસ્ટ અને ગાંગુલીના મિત્ર બોરિયા મજુમદારે ૨ જાન્યુઆરીએ પોતાના ટ્વીટમાં જણાવ્યું હતું કે ગાંગુલીને જિમમાં ચક્કર આવ્યા હતા. એ પછી તેઓ વૂડલેન્ડ હોસ્પિટલમાં ટેસ્ટ કરાવવા ગયા હતા, જ્યાં ખબર પડી કે હાર્ટ-અટેક આવ્યો હતો.

## સ્વપ્નમાં પણ નહોતુ વિચાર્યુ કે હું ઓસી.ની ધરતી પર ટેસ્ટ ડેબ્યૂ કરીશ : નટરાજન

### બુમરાહ ઈન્જર્ડ હોવાના કારણે નટરાજનને અચાનક જ મોકો મળી ગયો

(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૨૫

ટી નટરાજન ભારતીય ટીમ સાથે મર્યાદિત ઓવર સિરીઝ માટે ઓસ્ટ્રેલિયા ગયો હતો. ત્યારે તેને ટેસ્ટ શ્રેણી માટે નેટ બોલર તરીકે રોકી દેવામાં આવ્યો હતો. આ પછી, ટી નટરાજનને બ્રિસ્બેન ટેસ્ટ મેચમાં રમવાની તક પણ મળી. ત્યાં તેણે બોલિંગમાં પ્રભાવશાળી કામ કર્યું. ટી નટરાજન કહે છે કે તેણે વિચાર્યું પણ નહોતું કે ઓસ્ટ્રેલિયા ટેસ્ટ મેચમાં તેનું ડેબ્યૂ થશે. ટી નટરાજનનું કહેવું છે કે જ્યારે મને રમવા વિશે ખબર પડી ત્યારે હું પ્રેશરમાં આવી ગયો હતો. પરંતુ રમતી વખતે વિકેટ લેવી એ સ્વપ્ન જેવું હોય છે. તેણે કહ્યું કે ટેસ્ટ મેચમાં રમવું મારા માટે સ્વપ્ન સાકાર થવા જેવું હતું. તેની ખુશીના વર્ણન માટે મારી પાસે શબ્દો નથી. નટરાજને એમ પણ કહ્યું કે ટીમના સાથી ખેલાડીઓ અને બધા કોચે મારો સાથ આપ્યો.

ટી નટરાજન ઓસ્ટ્રેલિયા પ્રવાસથી ભારત પરત ફર્યા ત્યારે તે બેંગ્લોર એરપોર્ટ પર તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. નટરાજનને ખુલ્લા રથમાં બેસાડવામાં આવ્યો અને ફૂલથી સ્વાગત કરવામાં આવ્યું. નટરાજનને કદાચ ખબર પણ નહીં હોય કે ભારત આવ્યા પછી આ રીતે તેનું સ્વાગત કરવામાં આવશે. ટી નટરાજનને બ્રિસ્બેન ટેસ્ટ મેચમાં ૩ વિકેટ લીધી હતી. તેણે એક અનુભવી બોલરની જેમ રમત રમી હતી.

નટરાજનને બ્રિસ્બેન ટેસ્ટ મેચમાં રમવાનો મોકો મળ્યો કારણ કે ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ઘાયલ થયો હતો. તેની જગ્યાએ નટરાજનને લેવામાં આવ્યો હતો. એક સમયે એવું લાગતું હતું કે આ બોલિંગ ઓસ્ટ્રેલિયા માટે મુશ્કેલ નહીં રહે. પરંતુ આ ધારણાઓ ખોટી સાબિત થઈ.

## પ્રેગ્નન્સીના છેલ્લા મહિનામાં કરીના કપૂરે યોગ કરીને બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૫

કરીના કપૂરને હાલમાં પ્રેગ્નન્સીનો આઠમો મહિનો જઈ રહ્યો છે. કરીના કપૂર આવતા મહિને બીજા બાળકને જન્મ આપશે. કરીનાએ પ્રેગ્નન્સીમાં પણ કામ કરવાનું ચાલુ રાખ્યું છે. પ્રેગ્નન્સીમાં કરીનાએ સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખ્યું છે. આ સમયે પણ તેણે યોગ કરવાનું બંધ કર્યું નથી. હાલમાં જ કરીનાએ યોગની તસવીરો સોશિયલ મીડિયામાં શૅર કરી હતી. ઉલ્લેખનીય છે કે કરીનાએ ડિલિવરીના અંતિમ સમયે કરવામાં આવતા યોગ કર્યા છે, જેને કારણે મસલ્સ સ્ટ્રોંગ બને છે. માર્જરી આસાન પ્રેગ્નન્સીના ત્રણ મહિના પૂરા થઈ જાય પછીથી કરવામાં આવે છે.

આ આસનમાં કેટ એન્ડ કાઉ પોઝ હોય છે, જે પીઠના સ્નાયુને મજબૂત કરે છે, દુખાવામાં રાહત આપે છે. આ જ પોઝમાં કરીનાએ મોડિફિકેશન કરીને સ્ટ્રેચિંગ કર્યું છે. સ્ટ્રેચિંગ પેલ્વિક મસલ્સને મજબૂત કરવા માટે પણ ફાયદાકારક છે. સાથળના સ્નાયુને મજબૂત કરવા અને દુખાવામાં રાહત મેળવવા માટે આ પ્રકારનું સ્ટ્રેચિંગ કરવામાં આવે છે. કરીના અને સૈફ અલી ખાને ઓગસ્ટ ૨૦૨૦માં પોતાના બીજા બાળકના ગુડ ન્યૂઝ આપ્યાં હતાં. આની પહેલાં કરીનાએ ૨૦૧૬માં તૈમુરને જન્મ આપ્યો હતો.

## મેં કોઈ ફિલ્મને તેના બજેટના આધારે ક્યારેય પસંદ નથી કરી :આયુષ્માન ખુરાના

મુંબઈ,તા.૨૭ :- હિમાચલ અને ઉત્તરાખંડના જંગલો બાદ બોલિવૂડે હવે નોર્થ ઈસ્ટ તરફ પ્રયાણ કર્યું છે. ત્યાં કોરોનાના કેસ પણ ઓછા છે અને સરસ લોકેશન પણ ઘણા છે. આ જ કારણ છે, શનિવારે આયુષ્માન ખુરાના અરુણાચલ પ્રદેશ ઉપડ્યો.

આયુષ્માન ખુરાના અરુણાચલ અનુભવ સિન્હાના ફિલ્મ શૂટ માટે ગયો છે. આ ફિલ્મમાં તે એક સ્પાઈના રોલમાં છે. વરુણ અમર કૌશિકની અપકમિંગ ફિલ્મના શૂટિંગ માટે ત્યાં જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આયુષ્માનનું શૂટિંગ લાબું ચાલવાનું છે. આયુષ્માન ફિલ્મની સ્ક્રિપ્ટને લઈને એક્સાઈટેડ છે અને આ નિશ્ચિત રૂપે તેની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે. ડિરેક્ટર અને એક્ટર આ પહેલાં 'આર્ટિકલ ૧૫'માં સાથે કામ કરી ચૂક્યા છે.સૂત્રોનું કહેવું છે કે અનુભવ આ ફિલ્મને મોટા પાયે શૂટ કરવા માટે ઉત્તર પૂર્વ ગયા છે. ત્યાં તે આ ફિલ્મને એક મોટો થિયેટ્રિકલ એક્સપિરિયન્સ બનાવવા ઈચ્છે છે. આયુષ્માન અને તે સેમ ફેઝ પર છે કારણકે તે ઓડિયન્સને થિયેટરમાં લાવવા માટે એક સારી ફિલ્મ બનાવવા ઈચ્છે છે. શૂટ પર જતા પહેલાં આયુષ્માને કહ્યું હતું કે, 'મેં કોઈ ફિલ્મને તેના બજેટના આધારે ક્યારેય પસંદ નથી કરી. મારી નજરમાં કોઈ ફિલ્મને મોટી માનવાનું માત્ર આ જ એક મહત્ત્વનું ફેક્ટર નથી. મેં માત્ર કન્ટેટ કેટલું મોટું છે અને કેટલું અનોખું છે તેના આધારે ફિલ્મો પસંદ કરી છે. મારા ખ્યાલથી કોઈ પણ મોટી ફિલ્મ નેશનલ લેવલ પર ચર્ચા આરંભ કરે છે અને લોકો સાથે જોડાયેલા મુદ્દા પર દલીલ કરવા માટે બધાને ખેંચે છે.' આયુષ્માને કહ્યું હતું કે, 'મારી ફિલ્મોના માધ્યમથી હું તે બધા વિષય પર વાતચીત કરવા ઈચ્છીશ, જે વર્જિત છે, સમાજમાં ટેબૂ સમજવામાં આવે છે. ઈમ્પોર્ટન્ટ હોવા છતાં લોકો આ વિષય પર વાત કરતા અથવા તેનો ઉપાય કાઢવામાં અસહજ થઈ જાય છે.આ વિષય મેઈનસ્ટ્રીમથી થોડા હટકે હોય છે. ઈમાનદારીથી કહું તો આવા વિષય સાથે હું ખુદને વધુ જોડી શકું છું કારણકે તે વિચિત્ર, અનોખા અને મલ્ટિ લેયરવાળા છે.




## ઓસ્કરની રેસમાં વધુ એક ઈન્ડિયન ફિલ્મ, એક્ટર સુરીયાની ફિલ્મ 'સૂરારાઈ પોટ્રુ' સ્ક્રીનિંગ રૂમમાં સામેલ કરાઈ



ચેન્નાઈ,તા.૨૭

સુધા કોંગારાના ડિરેક્શનમાં બનેલી 'સૂરારાઈ પોટ્રુ' હવે ઓસ્કરની રેસમાં સામેલ થઈ ગઈ છે. પર ૨૦૨૦માં જ રિલીઝ થનારી આ પહેલી તમિળ ફિલ્મ હતી. જોકે હજુ એકેડમી અવોર્ડના નોમિનીઝનું લિસ્ટ બન્યું નથી પણ 'સૂરારાઈ પોટ્રુ' એકેડમીના સ્ક્રીનિંગ રૂમમાં અવેલેબલ છે. ત્યારબાદ એકેડમીના સભ્યો તેને જોયા પછી વોટ અને નોમિનેશન ફાઈનલ કરશે. ફિલ્મમાં સુરીયા સિવાય અર્પણા બાલામુરલી પણ છે. આ પહેલાં એક ઓસ્કર જીતી ચૂકેલી પ્રોડ્યુસર ગુનીત મોંગાની આ ફિલ્મમાં મ્યુઝિક જીવી પ્રકાશે આપ્યું છે. ફિલ્મની સ્ટોરી કેપ્ટન ગોપીનાથની બાયોગ્રાફી પર આધારિત છે. જે લો-કોસ્ટ એરલાઈન ડેક્કનના ફાઉન્ડર છે. આ પહેલાં 'જલ્લીકટ્ટુ' અને વિદ્યા બાલનની 'નટખટ'નું નામ પણ ઓસ્કર રેસમાં સામેલ થઈ ચૂક્યું છે.

કોરોના કાળને કારણે એકેડમી અવોર્ડ્સ દ્વારા આ વર્ષે ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે. જેને કારણે ફિલ્મો પર રિલીઝ થઈ. હવે ડિજિટલી રિલીઝ થયેલી ફિલ્મોએ પણ કોમ્પિટિશનમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આ ફિલ્મ જનરલ કેટેગરી જેવી બેસ્ટ એક્ટર, એક્ટ્રેસ, ડિરેક્ટર, રાઈટર અને ઓરિજિનલ સ્કોર કેટેગરીમાં પોતાની દાવેદારી રાખશે. વોટિંગ બાદ તેને ફાઈનલ નોમિનેશન મળે છે કે નહીં તે જોવાની વાત હશે.

ફિલ્મના કો-પ્રોડ્યુસર રાજશેખર કર્પૂરસુંદરપાંડિયને કહ્યું- 'અમારી ટીમને વિશ્વાસ છે કે આ ફિલ્મ ઓસ્કર જુરીના સભ્યોને પ્રભાવિત કરશે કારણકે તેને દુનિયાભરના લાખો ફિલ્મ પ્રેમીઓને પ્રભાવિત કર્યા છે.' રાજે સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે આ ન્યૂઝ શેર કર્યા છે. તેણે લખ્યું- બધાને ગણતંત્ર દિવસની શુભકામનાઓ. 'સૂરારાઈ પોટ્રુ' જનરલ કેટેગરીમાં ઓસ્કર પહોંચી ગઈ છે. આજથી જ તે સ્ક્રીનિંગ રૂમમાં અવેલેબલ થશે'

# ૧લી માર્ચથી રાજ્ય વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૭

૧ ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થવાનું છે. તો ગુજરાત સરકાર દ્વારા પણ બજેટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભા બજેટ સત્રને લઈને આખરી તૈયારીઓ ચાલી રહી છે. ૧ માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. ઓછામાં ઓછા ૨૪ દિવસ સુધી આ બજેટ સત્ર ચાલશે.

આગામી ૧ માર્ચથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. આ બજેટ સત્ર ૨૪ દિવસ સુધી ચાલી શકે છે. પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહને સંબોધિત કરશે. રાજ્યપાલના સંબોધન બાદ રાજ્યના પૂર્વ બે મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જ ગુજરાતના આ પૂર્વ મુખ્યમંત્રીઓના નિધન થયા છે.

રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવ પર ત્રણ દિવસ ચર્ચા કરવામાં આવશે. તો અંદાજ પત્રની સામાન્ય ચર્ચા માટે પાંચ દિવસનો સમય ફાળવવામાં આવશે.

# રાજ્યમાં સોમવાર સુધી કાતિલ ઠંડીની આગાહી

## ગિરનાર, નલિયા, જૂનાગઢ, કેશોદ, રાજકોટ, ડીસા, ભાવનગર, અમરેલી, વલસાડમાં વધુ ઠંડી રહેશે

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૭

રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી ઠંડીનો વધુ એક તબક્કો શરૂ થયેલ જે આગામી સોમવાર સુધી ચાલુ રહેશે. રાજ્યમાં ગિરનાર પર્વત, નલિયા, ડીસા, વલસાડ, ભાવનગર અને પોરબંદરમાં આગામી ૭૨ કલાક સુધી કાતિલ ઠંડીનું જોર રહેવા હવામાન નિષ્ણાતો દ્વારા સંભાવના વ્યક્ત કરવામાં આવેલ છે. મોટાભાગે રાત્રીનાં ઠંડા પવનના કારણે તાપમાનનો પારો નીચો ઉતરતો જોવા મળશે. રાજ્યમાં ગિરનાર પર્વત ૨ ડીગ્રી ઠંડી સાથે ઠંડોગાર બનેલ. તદઉપરાંત નલિયા ૩.૪, જૂનાગઢ ૭, કંડલા વિમાન મથક ૮, કેશોદ ૮.૨, ડીસા ૮.૫, ગાંધીનગર ૯, રાજકોટ ૯.૮, વલસાડ ૧૦, વિદ્યાનગર ૧૦.૧, ભૂજ ૧૦.૪, દિવ ૧૦.૫, અમદાવાદ ૧૧, ભાવનગર ૧૧, અમરેલી ૧૧.૨, પોરબંદર ૧૧.૬, વડોદરા ૧૧.૬, સુરેન્દ્રનગર ૧૨.૪, વેરાવળ ૧૩.૩, દ્વારકા ૧૩.૪ અને સુરત ખાતે ૧૩.૮ ડીગ્રી નીચું તાપમાન નોંધાયુ હતું. રાજ્યનાં ૧૦ થી વધુ શહેરોમાં તાપમાનનો પારો એક અંકમાં આગામી ૩ દિવસ સુધી જળવાય રહેશે.

# બેલેટ પેપરથી ચૂંટણી યોજવા પંચ અને સરકારને હાઈકોર્ટની નોટીસ

## બેલેટ પેપરથી ચૂંટણી: પીઆઈએલ પર ૧૦ ફેબ્રુઆરીએ સુનાવણી



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૭

સ્થાનિક સ્વરાજની ચૂંટણી બેલેટ પેપરથી યોજવાની માંગ કરવા માટે દાખલ કરાયેલી જાહેરહિતની અરજી પર બુધવારે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ એજે શાસ્ત્રીની ખંડપીઠે આ મામલે રાજ્યના ચૂંટણી પંચને નોટિસ મોકલીને તેમનો જવાબ માંગ્યો છે. આ મામલે આગામી સુનાવણી ૧૦ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. આ અંગે અરજદાર ઈમ્તિયાઝ ખાન પઠાણે તેમના એડવોકેટ કે.આર. કોષ્ટિ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, અરજદાર તરફે કરવામાં આવેલી આરટીઆઈના જવાબમાં રાજ્યના ચૂંટણી પંચે જણાવ્યું છે કે રાજ્યના એકમોની ચૂંટણીમાં વીવીપેટનો ઉપયોગ કરવામાં આવતો નથી.

# લાંબા વિરામ બાદ જૂનાગઢમાં ગિરનાર દર્શનની પરવાનગી

(જી.એન.એસ.)જૂનાગઢ,તા.૨૭

જૂનાગઢમાં ગિરનાર સિંહ દર્શનનો પ્રારંભ થયો છે. પ્રજાસત્તાક દિને રાજ્ય સરકારે મંજૂરી આપી હતી. આચાર સંહિતાને લઈને સાદાઈથી શરૂઆત કરવામાં આવી છે. વહેલી સવારથી ગિરનારના જંગલમાં પ્રવાસીઓએ સિંહ દર્શન કર્યુ હતું. ૨૦૦ મીટર દૂર જતાં જ બે સિંહોના દર્શન થતા બાદમાં પક્ષીઓ, પ્રાણીઓ અને પ્રાકૃતિક સૌંદર્યના અદભુત દર્શનનો લ્હાવો મળ્યો હતો. સાસણ કરતાં પણ ગીરનાર સફારીમાં વધુ મજા આવી હોવાનો પ્રવાસીએ જણાવ્યું હતું. ગિરનાર સિંહ દર્શનની પ્રથમ ત્રણ ટ્રીપમાં ૧૮ પ્રવાસીઓ સિંહ દર્શન કરી પરત આવ્યા હતા.

ઈન્દ્રેશ્વર નાકાથી લઈ પાતુરણ ચેકપોસ્ટ સુધી ૨૬ કિલોમીટરના રૂટમાં સિંહ દર્શનનો પ્રારંભ થયો છે. દરરોજની ૮ પરમીટ કાઢવામાં આવશે. સવારે ચાર અને સાંજે ચાર પરમીટ આપવામાં આવશે. જીપ્સીના રૂટ આસપાસ ૫૦ જેટલા સિંહોનો વસવાટ છે. પ્રવાસીઓને ગિરનારમાં સિંહ દર્શન માટે ૮૦૦ રૂપિયા પરમીટ ચાર્જ, ૧ હજાર ૭૦૦ રૂપિયા ભાડું અને ચારસો રૂપિયા ગાઈડના સહિત કુલ ૨ હજાર ૯૦૦ રૂપિયા ચાર્જ ચુકવવાનો રહેશે.

# ધો. ૯ અને ૧૧ના ટ્યૂશન ક્લાસ અને શાળા આગામી સોમવારથી શરૂ થશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૭

આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. આ કેબિનેટ બેઠકમાં અનેક મહત્વની બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અન્ય ધોરણની શાળા શરૂ કરવા અને ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા અંગે મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. આ અંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જાહેરાત કરી કે, ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ધોરણ ૧૧ નું શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે.



તેમજ ટ્યુશન ક્લાસીસ પણ ૧ ફેબ્રુઆરીથી ચાલુ કરી શકાશે. ટ્યુશન ક્લાસીસમાં માત્ર ૯ થી ૧૨ ધોરણ સુધીના જ શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં ૧૦ મહિના બાદ ધોરણ ૯ અને ૧૧ના વર્ગો શરૂ થવાના છે. ચાલુ મહિને જ ધોરણ ૧૦ અને ૧૨ નું શિક્ષણ કાર્ય શરૂ કરાયું હતું. ત્યારે આજની કેબિનેટ બેઠકમાં ધોરણ ૯ અને ૧૧ તથા ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આ વિશે કહ્યું કે, ચાલુ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં શરૂઆતથી જ બાળકોની હાજરી જોવા મળી છે. વાલીઓએ પણ સંમતિ પત્રક મોટા પ્રમાણમાં આપ્યા છે. દિવસેને દિવસે વિદ્યાર્થીઓની હાજરીમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે મળેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ ના વર્ગો શરૂ કરશે. જેમાં શાળાઓએ સરકારની તમામ ગાઈડલાઈનનું પાલન કરવું ફરજિયાત રહેશે.

# રાજકોટમાં કાર અને ટેમ્પા વચ્ચે અકસ્માત : કારનું ભડથું

## કારચાલકનો આબાદ બચાવ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૭

ગોંડલ-જેતપુર હાઈવે પર અકસ્માતના બે બનાવો સામે આવ્યા છે. એક ઘટનામાં ટેમ્પો અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા કાર સળગીને ખાક થઈ ચૂકી છે જ્યારે કે બીજી ઘટનામાં ડુંગળી ભરેલું ટ્રેક્ટર કાર ઉપર પલટી મારતા કારને નુકસાન થવા પામ્યું છે. ગોંડલ પાસે આવેલી ગુંદાળા ચોકડીથી થોડે દૂર કાર અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાવાની ઘટના સામે આવી છે. જોકે, બંને ઘટનામાં ચાલકોના આબાદ બચાવ થતા મોતને હાથતાળી આપ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે.

પ્રથમ બનાવમાં અકસ્માત થતાં જ જોતજોતામાં કાર બળીને ખાખ થવા પામી હતી. જોકે સદ્નસીબે કાર ચાલકનો આબાદ બચાવ થયો છે. અકસ્માતની જાણ થતાં જ ગોંડલ પોલીસ તેમજ ફાયરબ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઘટના સ્થળ પર પહોંચેલી ફાયરબ્રિગેડનો સ્ટાફ દ્વારા કારમાં લાગેલ આગ બુઝાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગોંડલ પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી કરવામાં આવી હતી.

# અદાલતી કાર્યવાહી શરૂ કરવા વડોદરાના વકીલો પ્રતિક ઉપવાસ પર

(જી.એન.એસ.)વડોદરા,તા.૨૭

કોરોનાના કારણે છેલ્લા ૧૦ માસથી બંધ કોર્ટ શરૂ કરવાની માંગ સાથે વકીલ મંડળ દ્વારા કોર્ટ સંકુલની બહાર પ્રતિક ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે. ૩૦ જાન્યુઆરી સુધીમાં ફિઝિકલ કોર્ટો શરૂ કરવામાં નહીં આવે તો તા. પહેલી ફેબ્રુઆરીથી વકીલો દ્વારા સવિનય કાનૂનભંગ કરીને ફિઝિકલી કોર્ટ કાર્યવાહી શરૂ કરી દેશે, તેવી ચીમકી વકીલ મંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. વકીલ મંડળના પ્રમુખ હસમુખભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, માર્ચ માસથી શરૂ થયેલી કોરોનાના કારણે કોર્ટો બંધ કરી દેવામાં આવી હતી. છેલ્લા ૧૦ માસથી કોર્ટો બંધ હોવાના કારણે વકીલોની હાલત કફોડી બની ગઈ છે, ત્યારે વહેલી તકે કોર્ટની કાર્યવાહી શરૂ કરવામાં આવે એવી અમારી માંગણી અને લાગણી છે. વડોદરામાં કોરોના નિયંત્રણ હેઠળ આવી ગયો છે. એક પછી એક તમામ ક્ષેત્રો શરૂ થઈ રહ્યા છે. વેકસીન પણ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે કોર્ટમાં ફિઝિકલી કામગીરી કરવા માટેની મંજૂરી આપવા માટે અમારી માંગ છે.

# કોગ્રેસના ઉમેદવારોએ બાહેંધરી આપવી જરૂરી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામી ગયો છે. ભાજપ કોંગ્રેસ દ્વારા મૂરતિયાઓ શોધવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં કોંગ્રેસમાંથી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના મૂરતિયા બનવા અમદાવાદ શહેરમાં ૨૦૦૦ ફોર્મ આવ્યા છે. કોંગ્રેસ આ વખતે કોંગ્રેસે એક રણનીતિ બનાવી છે. કોંગ્રેસે આ વર્ષે ઉમેદવારી ફોર્મ નોંધાવતા પહેલાં 'બાહેંધરી' આપવી પડશે. આ ઉમેદવારોએ 'હું ચૂંટણી જીત્યા બાદ પક્ષ નહીં છોડું' કોંગ્રેસ પક્ષ પલટુંઓથી પરેશાન છે. માટે આ વર્ષે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે બાંહેધરી માંગશે, આ બાંહેધરી આપનારા નેતાઓને જ કોંગ્રેસની ટિકિટ આપવામાં આવશે. કોંગ્રેસની આ બાંહેધરી ફોર્મ્યૂલા અંતર્ગત ઉમેદવાર કરવા માંગતા મૂરતિયાએ બે નેતાની બાંહેધરી લઈ આપવી પડશે કે તે કોંગ્રેસમાંથી ચૂંટણી લડે અને પછી જીતે તો પક્ષ છોડીને પક્ષ પલટો નહીં કરે.

# બનાસ ડેરી દ્વારા પશુઓને ઓળખ અપાશે

(જી.એન.એસ.)બનાસકાંઠા,તા.૨૭

આપ સૌએ માણસોના તો આધારકાર્ડ બનતા જોયા હશે પરંતુ બનાસકાંઠામાં આવેલી એશિયાની સૌથી મોટી બનાસ ડેરી હવે પશુઓની ઓળખ માટે આધારકાર્ડ બનાવશે. આ પશુઓના આધારકાર્ડને એપ્લિકેશન સાથે જોડી જિલ્લાના બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકો પોતાના પશુઓની સરળતાથી સારવાર કરાવી શકશે. બનાસકાંઠા જિલ્લો એ ખેતી અને પશુપાલનના વ્યવસાય પર નિર્ભર જિલ્લો છે. જિલ્લાના મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે ત્યારે બનાસકાંઠામાં આવેલી બનાસડેરી પણ દૂધના વ્યવસાયને કારણે જગવિખ્યાત છે અને એશિયાની સૌથી મોટી ડેરી છે. બનાસકાંઠા જિલ્લામાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પોતાના ૨૦ લાખથી વધુ પશુઓનું દૂધ બનાસ ડેરીમાં ભરાવે છે. ત્યારે હવે બનાસ ડેરી દ્વારા પશુ પાલકોને કોઈ હાલાકી ન પડે તેને ધ્યાને લઈ હવે પશુ સારવાર માટે મોબાઈલ એપ તૈયાર કરાઈ છે. જેમ ભારતના તમામ નાગરિકોને આધાર કાર્ડ સાથે જોડવામાં આવ્યા છે. તેમ બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકોના પશુઓને ટેગિંગ કરાયું છે અને હવે પશુઓ માટે પણ તેમનું ઓળખ કાર્ડ તૈયાર કરાશે. અને જેમ માણસ માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સારવાર પુરી પાડશે. તેમ જિલ્લાના ડેરી સાથે સંકળાયેલા પશુઓ માટે ૨૫૦ પશુ તબીબોની ટીમ ૧૫૦ પશુ મોબાઈલ વાન સાથે ૨૪ કલાક ખડેપગે રહેશે. પશુઓને કોઈપણ બિમારી કે રોગ હશે તો તેની સારવાર પુરી પાડશે. મહત્વની વાત એ છે કે પશુઓને અપાતી સારવારનો ડેટા આ એપ્લિકેશનમાં ઓનલાઈન થશે. પશુપાલક એપ્લીકેશન દ્વારા પશુ ચિકિત્સકનો સંપર્ક કરતા પશુચિકિત્સક એપ્લીકેશનમાં મૂકેલી જીપીએસ સિસ્ટમને આધારે જે તે સ્થળ સુધી પહોંચી જશે. જેથી જીપીએસ થકી પશુપાલકને પણ તબીબ ક્યારે અને કેટલા સમયમાં પહોંચશે તે જાણી શકશે.






# બગદાણા ખાતે સોમવારે સંત બજરંગદાસબાપાની તિથી ઉજવાશે

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૭



ભાવનગર જિલ્લાના પવિત્ર યાત્રાધામ બગદાણા આશ્રમ ખાતે રાષ્ટ્રીય સંત બજરંગદાસ બાપાની ૪૪મી પુણ્યતિથિ (પોષ વદ ચોથ) તા.૧ ફેબ્રુઆરીને સોમવારના રોજ કોરોનાની માર્ગદર્શિકાના અમલના ચુસ્ત અમલ વચ્ચે કરવામાં આવનાર છે. ચાલુ વર્ષે નગરયાત્રા (શોભાયાત્રા) નહીં યોજાય ઉપરાંત આશ્રમનાં ટ્રસ્ટી મંડળ દ્વારા માત્ર દર્શન અને પ્રસાદનું આયોજન કરાયેલ છે. બજરંગદાસ બાપાની પુણ્યતિથિ પ્રસંગે પૂજનવિધિ મુખ્ય ટ્રસ્ટી મનજીબાપા દ્વારા કરવામાં આવશે. જેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે જેથી બાપાનાં ભક્તો બગદાણા ખાતે યોજાનાર પૂજાનો લાભ પરિવાર સાથે ઘેર બેઠા કરી શકશે.

# ગાંધીનગરમાં પાંચ વર્ષની બાળકીની હત્યા કરેલ લાશ મળતા ચકચાર

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૭

આંકલાવ તાલુકાના મુંજકુવા ગામે સાંજના સુમારે એક પાંચ વર્ષની બાળકીની હત્યા કરાયેલી લાશ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે આંકલાવ પોલીસે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. હત્યા પાછળ અંગત અદાવત જવાબદાર હોવાનુ ચર્ચાઈ રહ્યું છે. મુંજકુવા ગામના મહાકાળી માતાવાળા ફળિયામાં શૈલેષભાઈ પઢિયાર પોતાની પત્ની અને બે સંતાનો પુત્રી પુર્વી (ઉ.વ.૫) અને પુત્ર વંશ (ઉ.વ.૩)ની સાથે રહેતા હતા. આજ સાંજના સુમારે તેમની પાંચ વર્ષીય પુત્ર પુર્વી ફળિયામાં છોકરાઓ સાથે રમી રહી હતી. દરમિયાન સાંજના સાતેક વાગ્યાના સુમારે અંધારું થઈ ગયુ હોવા છતાં પણ પુર્વી ઘરે પરત ના ફરતા તેના માતા-પિતા અને પડોશીઓએ તપાસ હાથ ધરી હતી. જેમાં ઘરથી ત્રણસો મીટર દુર આવેલા ઝાડી-ઝાંખરામાં તેનો મૃતદેહ પડેલો જોવા મળ્યો હતો.











